RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ આસો સુદ -૧૪    શનિવાર તા.૨૪-૧૦-૨૦૨૬    અંક : ૧૦૫ વર્ષ : ૨૨    email :rajkot@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# સાઉદીમાં હુમલાની સંભાવના વચ્ચે ક્રૂડ ઓઈલ ૧૧૬ ડોલરને પાર

## ભાવને અંકુશમાં લાવવા રશિયાએ મોટાપાયા પર ક્રૂડ ઓઈલનું ઉત્પાદન શરૂ કર્યું, રિફાઈનરીઓ ધમધમવા લાગી, ભારતના ક્રૂડ ઓઈલ બિલમાં તોળાતો જંગી વધારો

દુબઈ,

સાઉદી અરબ પર વધતા હુમલા અને વિશ્વનો ઓઈલ પુરવઠો અવરોધાવવાના ભયથી ક્રૂડ ઓઈલ ભડકે બળ્યું છે અને બ્રેન્ટ ક્રૂડે ૧૧૬ ડોલરની સપાટી વટાવી દીધી છે તો ડબલ્યુટીઆઈ ક્રૂડે ૧૦૦ ડોલરની સપાટી તોડી છે. તેના લીધે ભારત જેવા દેશમાં મોંઘવારીની સાથે પેટેલ-ડીઝલના ભાવ પર દબાણ વધી શકે છે.ક્રૂડ ઓઈલમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરનો વધારો થાય તો સરકારી કંપનીઓને લગભગ છ રુપિયે પ્રતિ લિટર નુકસાન થાય છે. ઈરાન-અમેરિકા યુદ્ધથી ક્રૂડ ઓઈલ ૮૫ ટકા મોંઘુ થઈ ચૂક્યું છે. આમ છતાં ભારતમાં પેટ્રોલ-ડીઝલના રેટ ૮.૫૦ રૂપિયા જ વધ્યા છે. જ્યારે દુબઈ જેવા દુબઈમાં પેટ્રોલ ભારત કરતાં વધુ મોંઘુ થઈ ગયું છે.

આ અગાઉ ગુરુવારે બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ૧૧૩ ડોલર અને ડબલ્યુટીઆઈ ક્રૂડ ૯૯ ડોલર હતુ. ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધારો ભારત જેવા દેશનું ક્રૂડ આયાત બિલ વધારી શકે છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ સાઉદી અરબના રેડ સીમાં યાનબૂ બંદર પર તાજેતરમાં હુમલો કરવા ઉપરાંત એક ઓઈલ ઝોન અને એરપોર્ટ પર પણ હુમલાનો દાવો કર્યો છે. આ ઘટનાથી પશ્ચિમ એશિયામાં તનાવ વધવાની સંભાવના છે અને તેની અસર વૈશ્વિક ક્રૂડ ઓઈલ બજાર પર પણ પડી રહી છે.

આ સિવાય હોર્મુઝની ખાડીમાં પણ તણાવ વધવાની શંકા પણ બજાર પર દબાણ વધારી રહી છે. આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઓઈલ પુરવઠા માટે મહત્ત્વનો છે. અહીં કોઈપણ પ્રકારના અવરોધથી ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠા પર અસર પડી શકે છે. ઈરાને ગઈકાલે હોર્મુઝની ખાડીમાં સાત ટેન્કર ઉડાવ્યાનો દાવો કર્યો હતો. આના લીધે હોર્મુઝની ખાડીમાં ટેન્કરોની આવનજાવન મર્યાદિત થઈ ગઈ છે. બીજી બાજુએ રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર યુક્રેનના હુમલાના લીધે પણ ઈંધણની ઉપલબ્ધતા પર દબાણ વધ્યું છે.અમેરિકાએ પણ ઈંધણના પુરવઠાના વૈકલ્પિક સ્ત્રોતો તલાશવા પડી રહ્યા છે.

## રશિયન ડીઝલ ટેન્કર અમેરિકા જવા રવાના

### રશિયાથી નીકળેલું ૪૦,૦૦૦ ટન ડીઝલ ભરેલું ટેન્કર ૭ નવેમ્બરે ન્યૂયોર્ક પહોંચશે

મોસ્કો,

એક નવી આયાત સમજૂતી હેઠળ રશિયન ડીઝલ લઈને પ્રથમ ટેન્કર અમેરિકા માટે રવાના થઇ ગયું છે તેમ રશિયાએ એક નિવેદનમાં જણાવ્યું છે.આ ટેન્કર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનાં એ નિવેદનનાં બે સપ્તાહ પછી રવાના કરવામાં આવ્યું છે જેમાં તેમણે જણાવ્યું હતું કે યુક્રેન પર રશિયાનાં હુમલા છતાં તેમણે રશિયાનાં પ્રમુખ પુતીન સાથે એક સમજૂતી કરી છે.



રશિયાનાં પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે વધુ માહિતી આપ્યા વગર જણાવ્યું હતું કે પ્રથમ ટેન્કર ગ્રાહકો માટે રવાના થઇ ગયું છે અને નિયમિત પુરવઠો ચાલુ રાખવામાં આવશે. રશિયાનાં નાયબ વડાપ્રધાન એલેક્ઝાન્ડર નોવાકે આ સપ્તાહની શરૂઆતમાં જણાવ્યું હતું કે પ્રથમ જથ્થામાં ૪૦,૦૦૦ ટન ડીઝલ હશે.

મરીન ઈન્ટેલિજન્સ કંપની કેપ્લરનાં જણાવ્યા અનુસાર જહાજનાં સંકેતોથી ખબર પડે છે કે તે ન્યુયોર્કની તરફ જઈ રહ્યું છે અને સાત નવેમ્બર સુધીમાં ત્યાં પહોંચશે.જુલાઈ ૨૦૨૩ પછી અમેરિકામાં પહોંચનાર આ પ્રથમ રશિયન ડીઝલનો જથ્થો હશે.આ દરમિયાન રશિયન નાગરિક ઉડ્ડયન ઓથોરિટીનાં જણાવ્યા અનુસાર સુરક્ષા કારણોસર મોસ્કોનાં ચાર એરપોર્ટ બંધ રાખવામાં આવ્યા હતાં.

## તિબેટમાં ફરી ૩ વખત ભૂકંપના આંચકા અનુભવાયા

### ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦, ૪.૬ અને ૪.૫ ની રહી, લોકોમાં ગભરાટ

તિબેટ,

આજે તિબેટમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. અહેવાલ પ્રમાણે માત્ર પાંચ કલાકના સમયગાળા દરમિયાન લગભગ ત્રણ વખત જોરદાર આંચકા અનુભવાયા હતા. આ આંચકા પડોશી દેશ ચીનમાં પણ અનુભવાયા હતા. તિબેટના લોકો જેમણે માત્ર બે દિવસ પહેલા જ ભૂકંપનો સામનો કર્યો હતો અને ભારે નુકસાન વેઠ્યા બાદ અત્યારે ફરી ભૂકંપના આંચકા આવતા ભય અને ગભરાટની સ્થિતિમાં છે.

આજે વહેલી સવારે ત્રણ વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો પ્રમાણે આ ત્રણ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦, ૪.૬ અને ૪.૫ ની રહી હતી. આમાંથી સૌથી વધારે ઘાતક ઝટકો ૪.૬ની તીવ્રતામાં આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર જમીનથી અંદર ૧૦ કિલોમીટપ નીચે નોંધાયું હતું. આ ત્રણેય ભૂકંપ ભારતીય સમય પ્રમાણે રાત્રે ૧ વાગ્યાથી સવારે ૬ વાગ્યાની વચ્ચે આવ્યાં હતાં. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના આંકડા પ્રમાણે, ૪.૦ની તીવ્રતાનો પ્રથમ ભૂકંપ રાત્રે ૧:૦૮ વાગ્યે નોંધાયો હતો. તેની ઊંડાઈ ૧૫ કિલોમીટર હતી. તે પછી ૪.૬ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો બીજો ભૂકંપ રાત્રે ૦૨:૦૭ વાગ્યે આવ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું.

## વાનુઅતુમાં એક પછી એક બે ભૂકંપના આંચકાથી ફફડાટ

### સવારે ૭.૧ બાદ ૬.૯ ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ ભૂકંપના આંચકા નોંધાયા, ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર ૧૦ કી,મી.ની ઊંડાઈએ

નવીદિલ્હી,

દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં આવેલા ટાપુ દેશ વાનુઅતુમાં ૨૪ ઓક્ટોબરની વહેલી સવારે ભૂકંપના બે જોરદાર આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર અને યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વેના અહેવાલ મુજબ, સવારે ૮:૦૧ વાગ્યે સૌપ્રથમ ૭.૧ની તીવ્રતાનો ભારે ભૂકંપ આવ્યો હતો અને તેના માત્ર ૨૫ સેકન્ડના ટૂંકા અંતરાલ બાદ ૬.૯ની તીવ્રતાનો બીજો મોટો આંચકો પણ નોંધાયો હતો. આ બંને શક્તિશાળી ભૂકંપનું કેન્દ્ર



જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હોવાનું સામે આવ્યું છે.

પ્રથમ ભૂકંપનું કેન્દ્ર વાનુઅતુના સોલાથી આશરે ૨૦૦ કિલોમીટર પશ્ચિમમાં નોંધાયું હતું, જ્યારે બીજા આંચકાનું કેન્દ્ર પોર્ટ-ઓલરીના પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમમાં આશરે ૧૯૭ કિલોમીટર દૂર સ્થિત હતું. ઓસ્ટ્રેલિયાની પૂર્વમાં અને ફિજીની પશ્ચિમમાં અંદાજે ૧૭૫૦ કિલોમીટર દૂર આવેલો વાનુઅતુ દેશ અનેક નાના-મોટા ટાપુઓનો બનેલો સમૂહ છે. આ પ્રદેશ 'રિંગ ઓફ ફાયર' નજીક હોવાને કારણે અહીં અવારનવાર સિસ્મિક ગતિવિધિઓ થતી રહે છે. પૃથ્વીની ટેકટોનિક પ્લેટોની અરસપરસ ટક્કર અને તેનાથી પેદા થતી ઉર્જા અચાનક બહાર નીકળવાને કારણે આ પ્રકારના વિનાશક ભૂકંપો સર્જાતા હોય છે.

નુકસાન અને સુનામી અંગેની સ્થિતિ

આ ભયાનક ભૂકંપના આંચકા બાદ વાનુઅતુમાં જાનમાલના નુકસાન કે ઈમારતોને થયેલી ક્ષતિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી. આ ઉપરાંત, આ ભૂકંપના કારણે કોઈ સુનામીનું જોખમ સર્જાયું છે કે કેમ તે અંગે પણ હાલ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સ્થાનિક વહીવટી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ દ્વારા સમગ્ર સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

## વિપક્ષના દેખાવોને કાઉન્ટર કરવા ભાજપનો નવો પ્લાન, લોકતંત્ર બચાવો, ભીડ તંત્ર હટાવો અભિયાન ચલાવશે

### મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા મુદ્દે વિપક્ષના વિરોધ અને આક્ષેપોનો જવાબ આપવા ભારતીય જનતા પાટી દેશવ્યાપી અભિયાન શરૂ કરશે

નવીદિલ્હી,

લોકતંત્ર બચાવો, ભીડતંત્ર હટાવો' નામના આ અભિયાન હેઠળ ભાજપ મતદાર યાદીની ચોકસાઈ, ચૂંટણી પ્રક્રિયા અને બંધારણીય સંસ્થાઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવશે. આ અભિયાન ૫ નવેમ્બર સુધી ચાલવાનું આયોજન છે.

પાર્ટીના આંતરિક દસ્તાવેજના આધારે સામે આવેલી વિગતો મુજબ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનના નિર્દેશ હેઠળ આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેનો મુખ્ય હેતુ મતદાર યાદીના સુધારણા અંગે વિપક્ષ દ્વારા કરવામાં આવતા વિરોધ અને આક્ષેપોનો જવાબ આપવાનો છે. ભાજપનો દાવો છે કે વિપક્ષ આ મુદ્દે ખોટી માહિતી ફેલાવી રહ્યો છે અને ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે લોકોના વિશ્વાસને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યો છે.

આ અભિયાન હેઠળ ભાજપે દેશભરમાં ૨,૦૦૦ બેઠકો યોજીને ૧૦ લાખ યુવાનો સુધી પહોંચવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ ઉપરાંત, જિલ્લા સ્તરે પદયાત્રા યોજવા માટે નેતાઓને ઓછામાં ઓછા ૧૦,૦૦૦ લોકોને એકત્ર કરવાનું કહેવામાં આવ્યું છે. અભિયાન દરમિયાન જાહેર સભાઓ, પદયાત્રાઓ, પત્રકાર પરિષદો, યુવાનો સાથે સંવાદ, વિદ્યાર્થીઓ માટેની સ્પર્ધાઓ અને સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર કરવામાં આવશે. મતદાર યાદીમાં સુધારણાની પ્રક્રિયા સમજાવતા પત્રકો અને પુસ્તિકાઓનું પણ વિતરણ કરવામાં આવશે.

### ૨૩થી ૩૧ ઑક્ટોબર સુધી 'રાષ્ટ્રીય ચિંતન સંવાદ

ભાજપની યોજના મુજબ, આજે તા.૨૩થી ૩૧ ઑક્ટોબર દરમિયાન દરેક વિધાનસભા મતવિસ્તારમાં 'રાષ્ટ્રીય ચિંતન સંવાદ' યોજવામાં આવશે. તેમાં શિક્ષણવિદો, સમાજસેવકો, વેપારી પ્રતિનિધિઓ, શિક્ષકો, વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા લોકો અને નાગરિકો સહિત આશરે ૨૦૦ આમંત્રિત વ્યક્તિઓ ભાગ લેશે. યુવાનો અને વિદ્યાર્થીઓ માટે 'લોકતંત્ર વિરુદ્ધ ભીડતંત્ર' વિષય પર ચર્ચા, પ્રશ્નોત્તરી, નિબંધ સ્પર્ધા અને સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓનું આયોજન પણ કરવામાં આવશે.

## મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર હિમાંશુ ભાઉની સાથે નીરજ ફરિદપુરીયાની પણ USમાં ધરપકડ

### રોહતકના રિટૌલી ગામનાની હિમાંશુ ભાઉએ ૧૭ વર્ષની વયે જ અપરાધ જગતમાં પગ મૂક્યો હતો

નવીદિલ્હી,

હરિયાણાથી લઈને દિલ્હી-એનસીઆર સુધી આતંક મચાવનાર મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર હિમાંશુ ભાઉની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી છે. અમેરિકી તપાસ એજન્સી એફબીઆઈ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. હિમાંશુ ભાઉ અમેરિકામાં બેસીને જ પોતાનું ગુનાહિત નેટવર્ક ચલાવી રહ્યો હતો.

તેના પર ભારતભરમાં હત્યા, ખંડણી અને અપહરણ જેવા અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. અગાઉ તે પોર્ટુગલ ભાગી ગયો હોવાની માહિતી મળી હતી, અન્ય એક કુખ્યાત ગેંગસ્ટર નીરજ ફરીદપુરિયા પણ ઝડપાઈ ગયો છે. તેના પર દિલ્હી, હરિયાણા અને પંજાબમાં ૨૫ થી વધુ કેસ નોંધાયેલા છે, જેમાં હત્યા અને ખંડણી જેવા કેસો સામેલ છે.અમેરિકન એજન્સી દ્વારા તેની ધરપકડની પુષ્ટિ કરવામાં આવી છે. ભારતીય એજન્સીઓ હવે તેને ભારત લાવવા માટેના પ્રયાસો કરી રહી છે જેથી તેના પર કાયદેસરની કાર્યવાહી થઈ શકે. હરિયાણાના રોહતકના રિટૌલી ગામના વતની હિમાંશુ ભાઉએ માત્ર ૧૭ વર્ષની નાની વયે જ અપરાધ જગતમાં પગ મૂક્યો હતો. તેના પર સૌથી પહેલો કેસ નોંધાયા બાદ તે ગુનાખોરીના રસ્તે આગળ વધ્યો



હતો. તે હરિયાણાની બોસ્ટલ જેલ તેમજ બાળ સુધાર ગૃહમાંથી ૨૦ અન્ય સાથીઓ સાથે ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ તે વિદેશ ભાગી ગયો હતો. વર્ષ ૨૦૨૨માં હરિયાણામાં ૨૪ કલાકમાં ત્રણ હત્યાઓ અને પ્રખ્યાત યુટ્યુબર એલ્વિશ યાદવના ઘર બહાર ફાયરિંગ જેવી ઘટનાઓની જવાબદારી હિમાંશુ ભાઉએ લીધી હતી. તેના વિરુદ્ધ વર્ષ ૨૦૨૩માં લુકઆઉટ સર્ક્યુલર પણ જારી કરવામાં આવ્યો હતો.

હિમાંશુ ભાઉ નીરજ બવાના અને બંબીહા ગેંગ સાથે મળીને કામ કરતો હતો અને આ ગેંગના નજીકના સભ્યોમાં ગણાતો હતો. તેની લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બરાર ગેંગ સાથે કટ્ટર દુશ્મની છે. તેના ગુનાહિત ઈતિહાસ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૧૯માં રિટૌલી ગામના એક મામલામાં તેનું નામ સામે આવ્યું હતું. ત્યારબાદ સંજય પુનિયા પાસેથી રંગદારી (ખંડણી) માંગવાના કેસમાં તેની ધરપકડ થઈ હતી અને જામીન પર છૂટ્યા બાદ વર્ષ ૨૦૨૦માં તે ફરી ફાયરિંગ કેસમાં સંડોવાયો હતો.

## ઈરાન સામે યુદ્ધની ટ્રમ્પની ખુલ્લી ધમકી

### ફરી મિલિટરી ઓપરેશન 'એપિક ફ્યુરી' શરૂ થશે, સામે ઈરાને ઈન્ટરનેટ કેબલ કાપી નાખવાની આપી ચેતવણી

વોશિંગટન,

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ ફરીથી સૈન્ય કાર્યવાહી કરવાની ધમકી આપી છે. ટ્રમ્પે શુક્રવારે ફ્લોરિડામાં એક રેલી દરમિયાન કહ્યું, 'અમે વધુ એક નાનું ઓપરેશન એપિક ફ્યુરી કરી શકીએ છીએ.'

અમેરિકી સૈન્યએ ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન વિરુદ્ધ શરૂ થયેલા યુદ્ધને 'એપિક ફ્યુરી' નામ આપ્યું હતું. જોકે, ટ્રમ્પે ફરીથી સૈન્ય કાર્યવાહી ક્યારે અથવા કયા પ્રકારની હશે તે અંગે કોઈ માહિતી આપી નથી. બીજી તરફ, ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકા અને ઈઝરાયલે ફરીથી હુમલો કર્યો તો તે ખાડી દેશોમાં સમુદ્રની નીચે બિછાવવામાં આવેલી ઈન્ટરનેટ કેબલોને નિશાન બનાવશે. તેનાથી ઈન્ટરનેટ સેવાઓ, બેન્કિંગ અને ઑનલાઈન વ્યવસાય પર અસર પડી શકે છે.

ટ્રમ્પએ કહ્યું અમે આ યુદ્ધને ખૂબ જલદી સમાપ્ત કરી શકીએ છીએ. સવાલ એ છે કે શું અમે તેને સંપૂર્ણપણે સમાપ્ત કરવા માગીએ છીએ કે પછી તેને ધીમે-ધીમે નબળું પડવા દેવા માગીએ છીએ. ટ્રમ્પે એમ પણ કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલની અવરજવર ચાલુ છે. આ દરિયાઈ માર્ગ દુનિયામાં તેલના પુરવઠા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું, 'અમને જે જોઈએ છે તે બધું મળી રહ્યું છે.'ટ્રમ્પ યુદ્ધ સમાપ્ત કરવાની સમયમર્યાદા અંગે અગાઉ પણ અલગ-અલગ નિવેદનો આપી ચૂક્યા છે. ઑક્ટોબરની શરૂઆતમાં તેમણે કહ્યું હતું કે અમેરિકા ૩ નવેમ્બરે યોજાનારી મિડટર્મ ચૂંટણી પહેલાં ઈરાન પર હુમલો નહીં કરે.






# ગુજરાત સરકાર અને સ્કોટલેન્ડ વચ્ચે મહત્વપૂર્ણ MoU થયા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સ્કોટલેન્ડ ગવર્નમેન્ટના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિનીની પ્રેરક ઉપસ્થિતિ



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સ્કોટલેન્ડ ગવર્નમેન્ટના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિનીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુજરાત સરકાર અને સ્કોટલેન્ડ ગવર્નમેન્ટ વચ્ચે એક મહત્વપૂર્ણ MoU સંપન્ન થયા હતા.

આ MoU અન્વયે ગુજરાત અને સ્કોટલેન્ડ વચ્ચે પરસ્પર મિત્રતા અને સમજણનો સેતુ સુદ્રઢ બનાવવા સાથો-સાથ પીપલ કનેક્ટ, ઈકોનોમિક રિલેશન્સ ડેવલપમેન્ટ તેમજ સસ્ટેનેબલ એન્ડ ઈન્ક્લુઝિવ ઈકોનોમિક ડેવલપમેન્ટ ઉપરાંત ઈનોવેશન અને સમૃદ્ધિ માટેના સહયોગને પ્રોત્સાહિત કરવામાં આવશે.

એટલું જ નહિ, નોલેજ એન્ડ એક્સપિરીયન્સ શેરિંગ તેમજ મ્યુચ્યુઅલ ઈન્ટરેસ્ટના ક્ષેત્રોમાં પણ વ્યવહારૂ સહયોગની તકો વિકસાવાશે.

મુખ્યમંત્રી સાથે ગાંધીનગરમાં સ્કોટલેન્ડ ગવર્નમેન્ટના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિની અને ડેલિગેશનની યોજાયેલી શુભેચ્છા મૂલાકાત દરમિયાન આ MoU થયા હતા. મુખ્યમંત્રી અને સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટરશ્રીએ MoUની પરસ્પર આપ-લે કરી હતી.

ગુજરાત ૨૦૩૦ની કોમનવેલ્થ ગેઈમ્સની યજમાની કરવાનું છે ત્યારે ૨૦૨૬ની કોમનવેલ્થ ગેઈમ્સ ગ્લાસગોમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવાના સ્કોટલેન્ડના અનુભવો, વર્લ્ડક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ફિટનેસ કલ્ચરને પ્રોત્સાહન જેવા વિષયોમાં ગુજરાતને સ્કોટલેન્ડનું માર્ગદર્શન અને સહયોગ મેળવવામાં આ MoU ઉદ્દીપક બનશે.

ગુજરાત અને સ્કોટલેન્ડ વચ્ચે વ્યવસાયો અને સંપર્ક સહયોગ વધારવા, વેપાર તથા રોકાણની તકોને પ્રોત્સાહિત કરવા અને ઈનોવેશન, ઉદ્યોગસાહસિકતા તથા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે નોલેજ એન્ડ એક્સપિરિયન્સ શેરીંગ તેમજ બાયલેટરલ વિશિષ્ટ ક્ષમતાઓના આધારે પરસ્પર લાભદાયી ભાગીદારીનાં ક્ષેત્રો ઓળખવા માટેની બાબતો MoUમાં આવરી લેવાઈ છે. ગુજરાત અને સ્કોટલેન્ડ વચ્ચેના સમાન હિતો ધરાવતા સેક્ટર્સમાં પરસ્પર સહયોગથી આગળ વધવામાં પણ આ MoU ઉપયુક્ત બનશે.

સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિનીએ કલ્ચર, સ્પોર્ટ્સ, રિન્યુએબલ એનર્જી તથા લાઈફ સાયન્સીસના ક્ષેત્રોમાં ગુજરાત-સ્કોટલેન્ડ વચ્ચે આ સમજૂતિ કરારથી નવી વિકાસ તકો ખૂલશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. તેમણે ખાસ કરીને ઓફ શોર એનર્જીમાં સ્કોટલેન્ડની જે એક્સપર્ટીઝ છે તેનો લાભ ગુજરાતને આપવાની ઉત્સુક્તા દર્શાવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં પ્રતિભાવ આપતાં કહ્યું કે, ગુજરાત સમગ્ર દેશમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે.

# સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિની સહિત ડેલિગેશન ગુજરાતની મુલાકાતે

## ગાંધીનગરમાં ગિફ્ટ સિટીના સર્વાંગી વિકાસ,નાણાકીય સેવાઓ, રોકાણ તથા નિકાસના વિવિધ ક્ષેત્રોથી શ્રીયુત જોન સ્વિની પ્રભાવિત

ગાંધીનગર,

ભારત અને દેશમાં વિકાસના રોલ મોડેલ તેમજ ગ્રોથ એન્જિન તરીકે ઓળખાતા ગુજરાતની સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર શ્રી જોનન સ્વિનીના અધ્યક્ષસ્થાને કુલ ૧૧ સભ્યોનું પ્રતિનિધિ મંડળ તા. ૨૨ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન ગુજરાતની મુલાકાત આવ્યું છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગાંધીનગરમાં તૈયાર થયેલી વૈશ્વિક કક્ષાની ગિફ્ટ સિટીની શ્રીયુત જોનના નેતૃત્વમાં પ્રતિનિધિ મંડળે આજે પ્રત્યક્ષ મુલાકાત કરી હતી. આ મુલાકાત વેળાએ ગિફ્ટ સિટીના સર્વાંગી વિકાસ,અલગ અલગ નાણાકીય સેવાઓ, રોકાણ તથા નિકાસના વિવિધ ક્ષેત્રો અંગેની જાણકારી મેળવીને શ્રીયુત જોન સ્વિની તેમજ પ્રતિનિધિ મંડળ પ્રભાવિત થયું હતું. આ ઉપરાંત ગિફ્ટ સિટીમાં અતિ આધુનિક એવી 'યુટિલિટી ટનલ'ની સુવિધાઓ નિહાળીને શ્રીયુત જોને એડવાન્સ ટેકનોલોજીના વખાણ કર્યા હતા. ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (IFSC) અને અદ્યતન સ્માર્ટ સિટી 'ગિફ્ટ સિટી' હાઈ-રાઈઝ ઈમારતો અને સઘન વસ્તીને ધ્યાનમાં રાખીને માળખાકીય સુવિધાઓના નિર્માણમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને દુનિયા માટે એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરી રહી છે. વધતી વસ્તી સાથે વીજળી, પીવાનું પાણી, કૂલિંગ અને ટેલિકોમ્યુનિકેશન જેવી આવશ્યક સેવાઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ગિફ્ટ સિટી દ્વારા અદ્યતન 'યુટિલિટી ટનલ' સિસ્ટમ વિકસાવવામાં આવી છે, જે શહેરની વાસ્તવિક કરોડરજ્જુ તરીકે કાર્ય કરી રહી છે.

# મેઘાલય વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ ગુજરાત વિધાનસભાની મુલાકાતે



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા ખાતે મેઘાલય વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ શ્રી માયરાલબોર્ન સિયેમ સહિત કમિટીના સભ્યો તેમજ ઉચ્ચ અધિકારીઓના પ્રતિનિધિ મંડળનું ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ ડૉ. સી. જે. ચાવડા દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ ડૉ. સી. જે. ચાવડાએ જણાવ્યું હતું કે, ધારાસભાની નાણાકીય સમીક્ષા પ્રક્રિયામાં અંદાજ સમિતિની ભૂમિકા અત્યંત નિર્ણાયક છે. પ્રજાના નાણાંનો યોગ્ય ઉપયોગ, યોજનાઓનું કાર્યક્ષમ અમલીકરણ અને વહીવટમાં પારદર્શિતા લાવવી એ સમિતિનો મુખ્ય હેતુ છે. ૧૫ સભ્યોની આ સમિતિએ અત્યાર સુધીમાં ૧૯૪ અહેવાલો રજૂ કર્યા છે, જ્યારે વર્તમાન ૧૫મી વિધાનસભા દરમિયાન વિવિધ વિભાગોની સમીક્ષા કરી ૮ મહત્વના અહેવાલો ગૃહમાં રજૂ કરાયા છે.

# સાઉથ કોરિયામાં નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વમાં ૧૦ મહત્વપૂર્ણ વન-ટુ-વન અને રાઉન્ડ ટેબલ બેઠકો યોજાશે

## કોરિયન ઉદ્યોગજગત સાથે એક વિશેષ બિઝનેસ સેમિનાર અને ડિનરનું પણ આયોજન

સિઓલ,

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત ગુજરાતમાં વૈશ્વિક મૂડીરોકાણ અને ઔદ્યોગિક ભાગીદારીને નવી ગતિ આપવા માટે સાઉથ કોરિયાના પ્રવાસે પહોંચેલા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળના ઉચ્ચસ્તરીય ડેલિગેશન દ્વારા સિઓલ ખાતે વિવિધ ગ્લોબલ કંપનીઓના વડાઓ સાથે કુલ ૧૦ જેટલી મહત્વપૂર્ણ વન-ટુ-વન અને રાઉન્ડટેબલ બેઠકો યોજાશે, તેમજ દિવસના અંતે કોરિયન ઉદ્યોગજગત સાથે એક વિશેષ બિઝનેસ સેમિનાર અને ડિનરનું આયોજન કરવામાં આવ્યું છે.

એડવાન્સ્ડ ટેક્નોલોજી સેન્ટર એસોસિએશન સાથે બેઠક: દિવસની શરૂઆતમાં પ્રતિનિધિમંડળ ATCAના સીઈઓ અને ચેરમેન શ્રી જેજિયોંગ લી તથા મુખ્ય સંશોધકો સાથે બ્રેકફાસ્ટ બેઠક યોજીને અદ્યતન ટેક્નોલોજી ક્ષેત્રે સહયોગ અંગે ચર્ચા કરશે.

કોલોન ઈન્ડસ્ટ્રીઝ: કેમિકલ અને ટેક્સટાઈલ ક્ષેત્રની અગ્રણી કંપની કોલોન ઈન્ડસ્ટ્રીઝના પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી હહ સુંગ સાથે વન-ટુ-વન બેઠક યોજાશે.

ડેલ્ટાએક્સ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને BESS સોલ્યુશન્સ ક્ષેત્રે કાર્યરત DeltaXના સીઈઓ શ્રી સ્ટીફન કિમ સાથે બેઠકનું આયોજન છે.

એલએસ ઈલેક્ટ્રિક હેડક્વાર્ટર મુલાકાત: નાયબ મુખ્યમંત્રીશ્રી એલએસ ઈલેક્ટ્રિકના વડામથકની મુલાકાત લઈ કંપનીના ચેરમેન શ્રી જા-ગ્યુન કૂ સાથે ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે રોકાણ અંગે ચર્ચા કરશે.

સિઓલ વાયોસિસ: અદ્યતન ટેક્નોલોજી ક્ષેત્રે જાણીતી કંપની સિઓલ વાયોસિસના ઉચ્ચ નેતૃત્વ સાથે પ્રતિનિધિમંડળ બેઠક કરશે.

લીગલ ફર્મ્સ સાથે બેઠક: કોરિયાની અગ્રણી કાનૂની સંસ્થાઓ સાથે નિયમો અને રોકાણ સરળતા અંગે રાઉન્ડ ટેબલ બેઠક યોજાશે. જેટી કોર્પોરેશન: જેટી કોર્પોરેશન સાથે ઔદ્યોગિક સહયોગ અંગે બેઠક યોજાશે.

યંગવન કોર્પોરેશન હેડક્વાર્ટર મુલાકાત: નાયબ મુખ્યમંત્રીશ્રીએ કોરિયાની લીડિંગ ટેક્સટાઈલ કંપની યંગવન કોર્પોરેશનના મુખ્ય મથકની મુલાકાત લઈ કંપનીના ચેરમેન શ્રી સુંગ કી-હાક સાથે વન-ટુ-વન બેઠક યોજી ટેક્સટાઈલ ઉત્પાદન ક્ષેત્રે વિસ્તરણ અંગે વિચારવિમર્શ કરશે.

કોરિયા બાયો રાઉન્ડટેબલ: બાયોટેકનોલોજી ક્ષેત્રની અગ્રણી કંપનીઓ UMTR, Plantner અને Bereumના સીઈઓશ્રીઓ સાથે રાઉન્ડટેબલ ચર્ચા હાથ ધરાશે.

# હવે સરકારી ઈ-પ્રમાણપત્રો પર જ દેખાશે અધિકૃત રાઉન્ડ સીલ

## પ્રમાણપત્ર પર સિક્કો કરાવવા માટેની દોડધામ અને સમયનો વ્યય ઘટાડવા સરકારનો નિર્ણય

ગાંધીનગર,

ગુજરાત સરકાર દ્વારા ડિજિટલ સેવાઓને વધુ સરળ, ઝડપી અને નાગરિકલક્ષી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગના ૨૧ ઑક્ટોબર, ૨૦૨૬ના પરિપત્ર અનુસાર, ડિજિટલ પોર્ટલ મારફતે આપવામાં આવતા તમામ પ્રમાણપત્રો અને દાખલાઓ પર તે જારી કરનાર સક્ષમ અધિકારીની કચેરીની વિગતો સાથેનો અધિકૃત ગોળ સિક્કો (Round Seal) દર્શાવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આ વ્યવસ્થાથી પ્રમાણપત્ર મેળવ્યા બાદ સિક્કો કરાવવા માટે સંબંધિત કચેરીમાં અલગથી જવાની જરૂરિયાત ઘટાડવાનો માર્ગ મોકળો થશે. ડિજિટલ ગુજરાત ૨.૦ અંતર્ગત સરકારી સેવાઓને શરૂઆતથી અંત સુધી ડિજિટલ, સુગમ અને કાગળવિહોણી બનાવવાના પ્રયાસોને પણ તે વેગ આપશે.

ડિજિટલ પ્રમાણપત્રથી લઈને અધિકૃત સિક્કા સુધીની પ્રક્રિયા વધુ સુગમ બનશે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ હાલમાં ડિજિટલ પોર્ટલ પરથી મળતાં ઈ-પ્રમાણપત્રો પર પ્રમાણપત્ર આપનાર અધિકારીનો ગોળ સિક્કો દર્શાવવામાં આવતો ન હોવાને કારણે અરજદારોને સિક્કો કરાવવા માટે સંબંધિત કચેરીમાં જવું પડતું હતું.

# સરકારી કર્મચારીએ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવવા બોગસ સીસીસી સર્ટિફિકેટ રજૂ કર્યું

## પશુધન નિરીક્ષક વિરુદ્ધ ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી

ગાંધીનગર,

ગાંધીનગરમાં સરકારી કર્મચારી દ્વારા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવવા બોગસ સીસીસી સર્ટિફિકેટ રજૂ કર્યાનો મામલો સામે આવ્યો છે. માણસા તાલુકાના ખરણા ઉપકેન્દ્ર ખાતે ફરજ બજાવતા પશુધન નિરીક્ષક વિપુલકુમાર પટેલ સામે આક્ષેપ છે કે તેમણે કમ્પ્યુટર કૌશલ્યનું બનાવટી પ્રમાણપત્ર સરકારી કચેરીમાં રજૂ કરીને આર્થિક લાભ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. સરકારના આદેશથી પ્રમાણપત્રોની ક્રોસ તપાસ હાથ ધરવામાં આવતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. આ અંગે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પશુપાલન વિભાગના ઓક્ટોબર ૨૦૨૫ના પરિપત્રના આધારે વિભાગ હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓનાં કમ્પ્યુટર કૌશલ્યનાં પ્રમાણપત્રોની ખરાઈ શરૂ કરવામાં આવી હતી.

આ દરમિયાન જુનિયર ક્લાર્ક કાજલબેન દેસાઈએ ઓનલાઈન પોર્ટલ પર તપાસ કરતાં પશુધન નિરીક્ષક વિપુલકુમાર પટેલનું સીસીસી સર્ટિફિકેટ દેખાયું નહોતું. આથી પ્રમાણપત્રની અધિકૃતતા અંગે શંકા ઊભી થઈ હતી અને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.પ્રમાણપત્રની ખરાઈ માટે ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગરનો સંપર્ક કરવામાં આવ્યો હતો. કાઉન્સિલે પત્ર દ્વારા સ્પષ્ટતા કરી હતી કે વિપુલકુમાર પટેલે રજૂ કરેલું પ્રમાણપત્ર ખોટું અને બનાવટી છે. ખાતાકીય તપાસ દરમિયાન પ્રમાણપત્રમાં દર્શાવેલી પરીક્ષાની તારીખ ૨૪ ઓક્ટોબર, ૨૦૧૦ના રોજ પરીક્ષા યોજાઈ જ ન હોવાનું પણ સામે આવ્યું હતું. આ વિગતોના આધારે પ્રમાણપત્રની વિશ્વસનીયતા અંગેના આક્ષેપોને વધુ બળ મળ્યું હતું.

# સુરતમાં આવેલ એક ગોડાઉનમાંથી ૧૮ લાખનું ૧૬૯૪ કિલો નકલી ઘી ઝડપાયું

## ઉત્રાણ પોલીસે ફૂડ સેફ્ટી વિભાગને સાથે રાખીને પાડેલા દરોડામોં ૧૮,૨૧,૧૬૩નો મુદ્દામાલ સીઝ

સુરત,

તહેવારોની સિઝનમાં ઘી, મીઠાઈ સહિતની ખાદ્ય ચીજવસ્તુઓની માગ વધતી હોય છે, ત્યારે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે સુરત પોલીસે મોટી કાર્યવાહી કરી છે. સુરતના અબ્રામા રોડ પર આવેલા માધવ કેમ્પસના ગોડાઉનમાં ભેળસેળયુક્ત ઘી બનાવવામાં આવતું હોવાની બાતમીના આધારે ઉત્રાણ પોલીસે ફૂડ સેફ્ટી વિભાગને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન કુલ ૧,૬૯૪ કિલો ઘી સહિત ઘી બનાવવા માટે વપરાતો કાચો માલ, વનસ્પતિ ઘી, રિફાઈન્ડ સોયાબીન તેલ અને મશીનરી મળી કુલ ૧૮,૨૧,૧૬૩નો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

ઉમરા-અબ્રામા રોડ પર આવેલા માધવ કેમ્પસના પતરાના શેડવાળા ગોડાઉન નંબર-૧૮માં સન્ની મોદી અને કિશન મોદી નામના શખસો ભેળસેળવાળું ઘી બનાવી તેનું વેચાણ કરતો હોવાની બાતમી મળી. ઉત્રાણ પોલીસે બાતમીના આધારે અલગ-અલગ ટીમો બનાવી પંચો અને ફૂડ સેફ્ટી અધિકારીઓને સાથે રાખીને સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન સન્ની કલ્પેશભાઈ મોદી (ઉંમર ૨૬), કિશન મનોજભાઈ મોદી (ઉંમર ૨૬) અને કલ્પેશ સુંદરલાલ મોદી (ઉંમર ૪૭)નાં નામ સામે આવ્યાં હતાં.

# CA ઈન્ટર પરીક્ષામાં વડોદરાના ત્રણ વિદ્યાર્થીઓ દેશના ટોપ-૫૦માં ઝળકયા

## હર્ષ સરવૈયાએ દેશભરમાં ૧૬મો, વ્રજેશ પરમારે ૪૬મો અને માનુષ શર્માએ ૪૯મો રેન્ક મેળવ્યો



વડોદરા,

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા સપ્ટેમ્બર મહિનામાં લેવાયેલી CA ઈન્ટર પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. આ પરિણામમાં વડોદરાના ત્રણ વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા ટોપ-૫૦માં સ્થાન મેળવ્યું છે. હર્ષ સરવૈયાએ દેશભરમાં ૧૬મો, વ્રજેશ પરમારે ૪૬મો અને માનુષ શર્માએ ૪૯મો રેક્ન મેળવ્યો છે.

જાહેર થયેલા પરિણામ મુજબ, હર્ષ સરવૈયાએ ૪૬૮ માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયા રેક્ન ૧૬ મેળવી વડોદરામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. વ્રજેશ પરમારે ૪૩૮ માર્ક્સ સાથે દેશભરમાં ૪૬મો અને શહેરમાં બીજો ક્રમ મેળવ્યો છે. જ્યારે માનુષ શર્માએ ૪૩૫ માર્ક્સ સાથે એઆઈઆર ૪૯ મેળવી વડોદરામાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. આપેલી વિગતો અનુસાર, વડોદરામાંથી ૧,૩૨૫ વિદ્યાર્થીઓએ સીએ ઈન્ટરના એક અથવા બંને ગ્રુપની પરીક્ષા આપી હતી. તેમાંથી ૩૦૬ વિદ્યાર્થીઓ પાસ થતાં પરિણામ ૨૩.૦૯ ટકા નોંધાયું હતું. આશરે ૨૦૦ વિદ્યાર્થીઓ હવે સીએ ફાઈનલ માટે ક્વોલિફાય થયા છે.

# ગાંધીનગર ખાતે ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ ફેર - ઉદ્યમનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો

## ૫૦૦ થી વધુ પ્રદર્શકો દ્વારા વિવિધ ૧૨ થી વધુ સેક્ટર્સમાં અત્યાધુનિક ટેક્નોલોજી, પ્રોડક્ટ્સનું પ્રદર્શન

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૩થી ૨૬ ઓક્ટોબર-૨૦૨૬ દરમિયાન લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા યોજાઈ રહેલા ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-ઉદ્યમ-૨૦૨૬નો ગાંધીનગરના હેલિપેડ ઈવેન્ટ એક્ઝિબિશન સેન્ટર ખાતે પ્રારંભ કરાવ્યો હતો.

આ ભવ્ય ઔદ્યોગિક મેળા દ્વારા એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રના ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, ઉત્પાદકો અને ટેક્નોલોજી ક્ષેત્રના નવીનતા લાવનારાઓ સાથે એક જ પ્લેટફોર્મ પરથી પરસ્પર સહયોગ સાધી વ્યાપારી જોડાણો વિકસાવાશે.

આ ફેર ગુજરાત રિજયનના સૌથી મોટા એક્સપો તરીકે એન્જીન્યરીંગથી લઈને હેન્ડીક્રાફ્ટ સુધીના દરેક સેક્ટરની MSME ઈકોસિસ્ટમને એક જ છત્ર નીચે આવરી લેતો વિશાળ એક્સપો છે.

આ મેળામાં દેશભરમાંથી આવેલા ૫૦૦ થી વધુ પ્રદર્શકો દ્વારા વિવિધ ૧૨ થી વધુ સેક્ટર્સમાં અત્યાધુનિક ટેક્નોલોજી, પ્રોડક્ટ્સ અને ઉદ્યોગ સાહસોનું પ્રદર્શન આ ફેરમાં કરવામાં આવ્યું છે. બિઝનેસ નેટવર્કીંગ, રોકાણ ચર્ચાઓ, નિષ્ણાતો દ્વારા માર્ગદર્શક સત્રો અને અદ્યતન ઔદ્યોગિક રજૂઆતો તેમજ B2B, B2G મિટીંગ્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

લઘુ ઉદ્યોગ ભારતીનો આ એક્સપો MSME, ઈનોવેશન્સ, એન્ટરપ્રિનીયોરશીપ અને ઈકોનોમિક ગ્રોથ માટેનું સક્ષમ મંચ બનવા સાથે આત્મનિર્ભર ભારત અને મેઈક ઈન ઈન્ડીયાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને બળ આપશે.

મુખ્યમંત્રીશ્રીએ આ ૧૫માં ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-ઉદ્યમ-૨૦૨૬નું ઉદઘાટન કરીને વિવિધ સ્ટોલ્સની મૂલાકાત પણ લીધી હતી. આ પ્રદર્શનના શુભારંભ પ્રસંગે લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી શ્રી પ્રકાશચંદ્રજી, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ તથા ગુજરાત પ્રાંત પ્રભારી શ્રી ઘનશ્યામજી ઓઝા, ગુજરાત પ્રાંતના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ પટેલ તેમજ મહામંત્રી શ્રી હંસરાજભાઈ ગજેરા, આરએસએસ ગુજરાત પ્રાંતના પ્રાંત સહ-સંચાલક ડૉ. ભરતભાઈ પટેલ, સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘ ચાલક શ્રી મુકેશભાઈ મલકાણ સહિતના અગ્રણી મહાનુભાવો તથા શ્રી રજના કક્કર અને શ્રી સુનીલ ભાટી સહિત ઉદ્યોગ જગતના પ્રમુખ અગ્રણીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં e-NAM પોર્ટલ સાથે ૮.૮૭ લાખથી વધુ લોકો જોડાયા : ૧૨૦૦૦ કરોડથી વધુની કૃષિ પેદાશોનું વેચાણ

## ઈ-નામથી ખેડૂતોને થયો આર્થિક લાભ, ઉપલેટા માર્કેટ કમિટીના હરીશ ઘોડાસરાની આવકમાં ૧૫થી ૨૦ ટકાનો વધારો

ગાંધીનગર,

કૃષિ એ ભારતીય અર્થતંત્રનો મુખ્ય આધારસ્તંભ છે અને દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે ટેક્નોલૉજીના ઉપયોગથી ખેડૂતો માટે બજાર સુધીની પહોંચ અને વેચાણની પ્રક્રિયા સરળ બની રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ખેડૂતો માટે હિતકારી નિર્ણય લઈને વર્ષ ૨૦૧૬માં ઈલેક્ટ્રોનિક નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (e-NAM) પોર્ટલ લૉન્ચ કર્યું હતું, જે કૃષિ પેદાશોના વેચાણ માટેનું એકીકૃત ઑનલાઇન પ્લેટફોર્મ છે. ગુજરાતમાં e-NAM પોર્ટલ સાથે ૮.૮૭ લાખથી વધુ લોકો જોડાયા છે, જેમાં ૮,૬૯,૯૨૨ ખેડૂતો, ૧૦,૨૯૧ વેપારીઓ, ૭,૧૯૧ કમિશન એજન્ટ્સ અને ૪૬૧ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs)નો સમાવેશ થાય છે.

ઈ-નામ પર રાજ્યની ૧૪૪ મંડીઓ સંકલિત, ?૧૨,૦૦૦ કરોડથી વધુની કૃષિ પેદાશોનું વેચાણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ખેડૂતોને કૃષિ પેદાશોના વેચાણ માટે વધુ સારી તકો મળી રહી છે. ઈ-નામ પોર્ટલના માધ્યમથી ખેડૂતો પોતાની પેદાશો ઓનલાઈન વેચીને વધુ ખરીદદારો સુધી પહોંચી શકે છે. આથી તેમને પેદાશોના સારા ભાવ મેળવવામાં મદદ મળે છે. રાજ્યની ૧૪૪ મંડીઓ e-NAM પોર્ટલ સાથે સંકળાયેલી છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ઈ-નામ દ્વારા ?૧૨,૭૪૦.૬૦ કરોડ મૂલ્યની ૩.૨૦ કરોડ ક્વિન્ટલથી વધુ કૃષિ પેદાશોનું વેચાણ થયું છે.

નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (e-NAM) એ એક ઑનલાઇન ટ્રેડિંગ પ્લેટફોર્મ છે, જે વિવિધ APMC મંડીઓને એક જ બજાર વ્યવસ્થા સાથે જોડે છે. કૃષિ મંત્રાલય હેઠળ સ્મોલ ફાર્મર્સ એગ્રીબિઝનેસ કન્સોર્ટિયમ (SFAC) દ્વારા સંચાલિત આ પ્લેટફોર્મ કૃષિ પેદાશોના વેચાણની પ્રક્રિયાને સરળ અને પારદર્શક બનાવે છે. તે વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડવાની સાથે માંગ અને પુરવઠાના આધારે પેદાશોના બજારભાવ જાણવામાં પણ મદદ કરે છે. e-NAMથી ખેડૂતોને પારદર્શક હરાજી, ગુણવત્તા મુજબ ભાવ અને સમયસર ઑનલાઇન ચુકવણીનો લાભ મળે છે.

ઈ-નામથી ઉપલેટા માર્કેટ કમિટીના હરીશ ઘોડાસરાની આવકમાં ૧૫થી ૨૦ટકાનો વધારો થયો

ઉના માર્કેટ કમિટીના પરબતભાઈ પટાત છેલ્લા એક વર્ષથી e-NAM દ્વારા મગફળીનું વેચાણ કરે છે.

# રાજકોટમાં રેસકોર્સ ખાતે કાલથી રાષ્ટ્રીય કક્ષાના ‘સરસ’ મેળાનો પ્રારંભ

## ૧૫૦ સ્ટોલમાં હસ્તકલાની વિવિધ વસ્તુઓનું પ્રદર્શન-કમ-વેચાણ

રાજકોટઃ રાજકોટના રેસકોર્સ ખાતે આગામી તા. ૨૫ ઓક્ટોબર, રવિવારના રોજ શ્રમ, કૌશલ્ય વિકાસ, રોજગાર અને ગ્રામ વિકાસ કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે રાષ્ટ્રીય કક્ષાના ‘સરસ’ મેળાનો શુભારંભ થશે. રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે યોજાનારા ઉદ્ઘાટન પ્રસંગે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડા વિશેષ ઉપસ્થિત રહેશે.

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ અને ગ્રામ વિકાસ વિભાગના સહયોગથી આયોજિત આ મેળો તા. ૨૫ ઓક્ટોબરથી તા. ૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન




હેઠળ કાર્યરત મહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત હસ્તકલાની વિવિધ વસ્તુઓના પ્રદર્શન અને વેચાણ માટે આ મેળો ઉત્તમ મંચ પૂરો પાડશે.

મેળામાં વિવિધ રાજ્યોની હસ્તકલાની ઝાંખી કરાવતા ગ્રામ્ય સ્વસહાય જૂથો અને કારીગરોના આશરે ૫૦ સ્ટોલ તથા રાજકોટ જિલ્લાની સખી મંડળની બહેનોના ૧૦૦ સ્ટોલ મળી કુલ ૧૫૦ સ્ટોલમાં હેન્ડલૂમ અને હસ્તકલાની વિવિધ વસ્તુઓનું પ્રદર્શન-કમ-વેચાણ કરવામાં આવશે. આ ઉપરાંત, મુલાકાતીઓ માટે આશરે ૧૦ લાઈવ ફૂડ સ્ટોલ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

ગ્રામીણ મહિલા કારીગરોને પ્રોત્સાહન આપવા અને તેમની આર્થિક આત્મનિર્ભરતાને વેગ આપવા માટે આયોજિત આ મેળામાં રાજકોટવાસીઓને સહભાગી થવા નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રાજકોટ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ટેબલ ટેનિસની રમતમાં અદભુત કૌશલ્ય દાખવતો રાજકોટનો ૧૩ વર્ષીય દેવ ભટ્ટ

## દેવે વડોદરામાં ઉ્ યૂથ કન્ટેન્ડર ઈન્ટરનેશનલ U-૧૩માં ગોલ્ડ મેડલ જીતી દેશનું નામ રોશન કર્યું

## સરકારની ’સેન્ટર ઓફ એક્સેલન્સ’ અને ’ખેલો ઈન્ડિયા’ યોજનાઓ થકી યુવા પ્રતિભાને મળી પાંખો

રાજકોટઃ ટેબલ ટેનિસના રેકેટથી એવા સટાક-ફટાક શૉટ્સ ફટકારે કે સામે પક્ષે રમનારો ખેલાડી જ નહીં, પણ દર્શકો પણ દંગ રહી જાય!આધુનિક સમયમાં જ્યારે યુવાનો મોબાઈલ કે સોશિયલ મીડિયા પાછળ સમય વિતાવતા હોય છે, ત્યારે રાજકોટના માત્ર ૧૩ વર્ષના ટેબલ ટેનિસ ખેલાડી દેવ ભટ્ટની સફળતા દેશના યુવાધન માટે પ્રેરણાદાયી બની રહી છે.

છેલ્લા છ વર્ષથી ટેબલ ટેનિસ રમતા દેવે સખત મહેનત, શિસ્ત અને કોચના માર્ગદર્શનથી રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ સિદ્ધિઓ મેળવી છે. તાજેતરમાં વડોદરા ખાતે યોજાયેલી WTT યૂથ કન્ટેન્ડર ઈન્ટરનેશનલ U-૧૩ સ્પર્ધામાં તેણે ગોલ્ડ મેડલ જીતીને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કર્યું છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય કક્ષાની TTFI ટુર્નામેન્ટમાં ં-૧૫ વર્ગમાં મેડલ તથા ગુજરાત રાજ્યની વિવિધ સ્ટેટ રેન્કિંગ સ્પર્ધાઓમાં તે ચેમ્પિયન બન્યો છે.

ખેલાડીઓ માટે સરકારના સહયોગ વિશે વાત કરતા દેવ જણાવે છે કે, દરેક ખેલાડી માટે સરકારનો સપોર્ટ ખૂબ જ મહત્વનો છે. સ્પોર્ટ્સ ઓથોરિટી



ઓફ ગુજરાત દ્વારા સેન્ટર ઓફ એક્સેલન્સ, ખેલો ઈન્ડિયા જેવી યોજનાઓ ખેલાડીઓને રમવા માટે પ્રેરણા આપે છે. સરકાર તરફથી મળતી સહાયથી ખેલાડીઓને મોટો ફાયદો થાય છે. સરકાર આપણને સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સારી ફેસિલિટીઝ પૂરી પાડે છે. દેવ વધુ જણાવે છે કે, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તરફથી સેન્ટર ઓફ એક્સેલન્સ હેઠળ તેમને સ્ટાઈપેન્ડ મળે છે.

પોતાની સફળતાનો શ્રેય પરિવાર અને કોચને આપતા દેવ જણાવે છે કે, માતા-પિતા અને પરિવારજનોના સહયોગ તેમજ કોચના સાચા માર્ગદર્શન વિના આ સિદ્ધિ શક્ય ન હતી. રમવાની સાથે અભ્યાસ પણ જળવાઈ રહે તે માટે તે ચોક્કસ સમયપત્રક અનુસરે છે. રમતગમતમાં લાંબા સમય સુધી સક્રિય રહેવા માટે શારીરિક ફિટનેસ અને નિયમિત કસરત જરૂરી છે.

યુવાનોને પ્રેરણાદાયી સંદેશ આપતાં દેવે જણાવ્યું હતું કે, યુવાનો મોબાઈલમાં સમય વેડફવાના બદલે દરરોજ ઓછામાં ઓછી એક કલાક કોઈપણ રમતગમતમાં આપે, જેથી તેમનું શરીર એક્ટિવ રહે અને મન રચનાત્મક બને છે.સખત પરિશ્રમ, અડગ વિશ્વાસ અને સરકાર તરફથી મળતા યોગ્ય પ્રોત્સાહનથી ૧૩ વર્ષની નાની વયે દેવ ભટ્ટે સફળતાના શિખરો સર કર્યા છે. આંતરરાષ્ટ્રીય ફલક પર ભારતનું નામ રોશન કરવાનો દ્રઢ સંકલ્પ ધરાવતો આ યુવા ચેમ્પિયન રમતગમત જગતમાં રાજકોટ અને ગુજરાતનું ગૌરવ વધારી રહ્યો છે.

# ચાર નમુના ફેઈલ જાહેરઃ પનીર, ગાયના ઘીમાં મિલાવટ પકડાઈ-નમુના ફેઈલ : ટોમેટો સોસમાં ખતરનાક કલર મળ્યો

## ફોર્ચ્યુન મિલ્ક, પેશુમલ ચેલારામ, જલારામ ઘી અને આર.બી. ફૂડ પ્રોડકટના સેમ્પલ સબસ્ટાન્ડર્ડ જાહેર : ખાણીપીણીની ૪૭ પેઢીમાં તપાસ : કુલ ૧૪ સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા

રાજકોટઃમ્યુનિ. કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખાએ અલગ અલગ વિસ્તારમાં એજન્સીઓ અને દુકાનોમાંથી લીધેલા પનીર, ગાયના ઘી અને ટોમેટો સોસના ચાર નમુના ફેઈલ જાહેર થતા કાયદેસર કાર્યવાહીની તજવીજ શરૂ કરવામાં આવી છે. ઘીમાં કૃત્રિમ ફેટ અને પનીરમાં ફેટમાં મિલાવટ રીપોર્ટમાં બહાર આવ્યું છે. લાતી પ્લોટ-૪માં પુનિત ઘરઘંટી બાજુમાં આવેલ ફોર્ચ્યુન મિલ્ક ફૂડ પ્રોડક્ટસમાંથી લુઝ પનીરનો નમુનો લઈ લેબોરેટરીમાં મોકલાતા પૃથ્થકરણ રિપોર્ટમાં ફેટની રિચર્ટ વેલ્યૂ ધારાધોરણ કરતાં ઓછી મળતા નમૂનો સબસ્ટાન્ડર્ડ (ફેઈલ) જાહેર થયેલ છે. પરાબજારમાં દાણાપીઠમાં આવેલ પેશુમલ ચેલારામ કંપનીમાંથી વાસ્તુ એગ માર્ક ઘી મેઈડ ફ્રોમ કાઉ’સ મિલ્કના નમુનામાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ)ની હાજરી મળી આવેલ હોવાથી નમૂનો ફેઈલ થયો છે. તો મવડી મેઈન રોડ, ઉદયનગર-૧માં વિનાયકનગરમાં આવેલ જલારામ ઘી ડેપોમાંથી લેવાયેલ શ્રીકાંત ગાયના પ્રિમીયમ





ઘીના નમુનામાં પણ ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ)ની હાજરી મળી આવેલ હોવાથી નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે.આ ઉપરાંત માધાપર-ઈશ્વરીયા રોડ પર ઉત્પાદક પેઢી આર.બી.ફૂડ પ્રોડકટમાંથી લેવાયેલ ટોમેટો સોસ લુઝના પરીક્ષણમાં સિન્થેટીક ફૂડ કલર (કાર્મોઝિન)ની હાજરી મળી આવેલ હોવાથી આ નમૂનો પણ નાપાસ જાહેર થયો છે. જે ચારે કેસમાં એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે તેમ ફૂડ વિભાગે જણાવ્યું છે.

આરોગ્ય અને ફૂડ વિભાગ દ્વારા ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કુલ ૪૭ પેઢીની તપાસ કરવામાં આવી હતી જેમાં ૩૭ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરાયો હતો. બે પેઢીને નોટીસ, રૂા. બે હજારના દંડ સહિત ૧૪ ફૂડ સેમ્પલ લઈ લેબોરેટરી પરીક્ષણમાં મોકલવામાં આવેલ છે. ફૂડ વિભાગની ડ્રાઈવમાં મોરબી રોડ, કુવાડવા રોડ, ડી માર્ટ રોડ, સેટેલાઈટ રોડ વિસ્તારમાં જુદી જુદી પેઢીઓમાં ચકાસણી કરવામાં આવી હતી.

તેમાં જય અંબે જાંબુ, શ્રી મોમાઈ ડેરી ફાર્મ, નીલકંઠ સુપર સ્ટોર, શ્રીરામ ડેરી ફાર્મ, પટેલ ખમણ, યમુનાજી ફરસાણ, શ્રીજી ડેરી ફાર્મ, વેલોન બેકફૂડ,સુરેશ્વર ફરસાણ માર્ટ, ચિલ્ડ એન્ડ શેક, યુનિટી મિલ્ક, શ્રી બાલાજી સેન્ડવીચ, બાલાજી સુપર માર્કેટ, શ્રી ખોડીયાર ડેરી ફાર્મ, જડેશ્વર જનરલ સ્ટોર, જય અંબે ચિલ્ડ પોઈન્ટ, મહાદેવ દાળ પકવાન, ઓમ ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ, કૃષ્ણમ ડેરી ફાર્મ, મિલન ખમણ, કે.કે. લાઈફ પફ, રંગોલી બેકરી, ગોલીવાલા, કૈલાશ વિજય ફરસાણ, ડાયમંડ સિંગ, રાજભવન કોલ્ડ્રીક્સ, મયુર મેડિકલ, વિષ્ણુ ખમણ, શ્રી ન્યુ પટેલ ડેરી ફાર્મ, જાગનાથ ડેરી ફાર્મ, મહાદેવ ફરસાણ, ચીલ્ડ એન્ડ શેક, કિશન જનરલ સ્ટોર, પટેલ આઈસ્ક્રીમ, વાસંગી ભેળ, અંબે જનરલ સ્ટોર, શ્રી ક્રિષ્ના આઈસ્ક્રીમ, શ્રી ગુરુકૃપા લાઈવ બેકરી, શ્રીરામ ડેરી ફાર્મ, શ્રીજી લાઈવ બેકરી, પટેલ કેન્ડીનો સમાવેશ થાય છે.

વર્ણીરાજ અને શિવ પંજાબીમાંથી ૩૭ કિલો વાસી ફૂડનો નાશ.મધ્યાહન ભોજનના રસોડામાંથી વધુ ૮ નમુના લેવાયા : મીઠાઈની દુકાનોમાં સેમ્પલ લેવાનું ચાલુ.આરોગ્ય અને ફૂડ શાખાએ બે રેસ્ટોરન્ટમાંથી ૩૭ કિલો વાસી ફૂડનો નાશ કર્યો છે. તો સૂચક સ્કુલના મધ્યાહન ભોજન રસોડામાંથી આજે પણ અનાજના આઠ નમુના લેવામાં આવ્યા છે.

કાલાવડ રોડ પરિમલ સ્કુલ પાસે શ્રીરામ પાર્કમાં આવેલ વર્ણીરાજ રેસ્ટોરન્ટમાં તપાસ કરતા વાસી અને પ્રિપેડ ૩૨ કિલો માલનો નાશ કરવામાં આવ્યો હતો. ત્યાંથી રૂા. એક હજારનો દંડ લઈ હાઈજેનિક કંડીશન અને સ્ટોરેજ બાબતે નોટીસ આપવામાં આવી છે. તો કોઠારીયા રોડ કેદાર ગેટની આગળ આવેલ શિવ પંજાબી ચાઈનીઝમાં નોટીસ આપી પડતર ટોકું અને વાસી મન્ચુરીયન મળી પાંચ કિલો માલનો નાશ કરીને રૂા. એક હજારનો ચાર્જ વસુલાયો હતો.

# વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી છ દિવસના આધ્યાત્મિક પ્રવાસે ઓસ્ટ્રેલિયાના સિડની પહોંચ્યા

## ત્રણ દિવસીય વચનામૃત, ભવ્ય નંદમહોત્સવ, શરદપૂર્ણિમા રાસોત્સવ અને લાઈફ બ્લિસ મેડિટેશન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન

સિડની, ઓસ્ટ્રેલિયાઃ વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી છ દિવસના આધ્યાત્મિક પ્રવાસે ઓસ્ટ્રેલિયાના સિડની ખાતે પધાર્યા છે. પૂજ્યશ્રીના મંગલ સાનિધ્ય અને અધ્યક્ષતામાં દક્ષિણ ગોળાર્ધની સૌથી વિશાળ પુષ્ટિમાર્ગીય હવેલી ‘VYOકૃષ્ણધામ સંકુલ’નો પ્રથમ પાટોત્સવ ભવ્ય અને દિવ્ય રીતે ઉજવવામાં આવશે.

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) દ્વારા આયોજિત આ ઐતિહાસિક પાટોત્સવ પ્રસંગે ઓસ્ટ્રેલિયાના વિવિધ શહેરોમાં વસતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો અને સનાતન ધર્મપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

આ છ દિવસીય આધ્યાત્મિક મહોત્સવ અંતર્ગત પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના ત્રણ દિવસીય વચનામૃતનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પૂજ્યશ્રી પુષ્ટિમાર્ગના દિવ્ય સિદ્ધાંતો, શ્રીકૃષ્ણ ભક્તિ, આધ્યાત્મિક જીવનશૈલી અને વર્તમાન યુગમાં ભારતીય સંસ્કારોના મહત્વ અંગે માર્ગદર્શન આપશે.

આ ઉપરાંત બાળકો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને શ્રીકૃષ્ણ ભક્તિ આધારિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, યુવાનો માટે વિશેષ પ્રેરણાત્મક કાર્યક્રમો તેમજ




શ્રીકૃષ્ણ જન્મોત્સવની અલૌકિક અનુભૂતિ કરાવતો ભવ્ય નંદમહોત્સવ પણ ઉજવવામાં આવશે.

શરદપૂર્ણિમાના પાવન અવસરે ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય રાસલીલાની સ્મૃતિમાં ભવ્ય રાસોત્સવ યોજાશે, જેમાં ભક્તિ, સંગીત અને રાસના માધ્યમથી વૈષ્ણવો શ્રીકૃષ્ણ પ્રેમનો અલૌકિક આનંદ માણશે.

આ પ્રવાસ દરમિયાન પૂજ્યશ્રી દ્વારા વિશેષ ‘Life Bliss – Chakra Balancing Meditation’ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ધ્યાન પદ્ધતિ દ્વારા માનસિક શાંતિ, આંતરિક આનંદ, એકાગ્રતા અને આધ્યાત્મિક ચેતનાના વિકાસ માટે માર્ગદર્શન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના માર્ગદર્શન હેઠળ વિશ્વના ૧૮થી વધુ દેશોમાં કાર્યરત વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા ભારતીય સંસ્કૃતિ, પુષ્ટિમાર્ગીય પરંપરા, યુવા જાગૃતિ અને માનવસેવાના અનેક કાર્યો થઈ રહ્યા છે. સિડની સ્થિત ફર્ઈ કૃષ્ણધામ સંકુલ વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિ અને પુષ્ટિમાર્ગીય આસ્થાનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે.

VYO કૃષ્ણધામનો આ પ્રથમ પાટોત્સવ ઓસ્ટ્રેલિયાના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ માટે ઐતિહાસિક અને અવિસ્મરણીય પ્રસંગ બની રહેશે.

# મેટોડા જી.આઈ.ડી.સી. ખાતે ૨૭મીએ MSME ઉદ્યોગોના વિકાસ માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન સેમિનાર યોજાશે

## નિઃશુલ્ક સેમિનાર માટે સીટો મર્યાદિત હોવાથી અગાઉથી રજિસ્ટ્રેશન અનિવાર્ય

રાજકોટઃગુજરાત સરકારના ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (સી.ઈ.ડી) રાજકોટ દ્વારા (RAMP - Raising and Accelerating MSME Perfromance) યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોના સર્વાંગી વિકાસ માટે તા.૨૭ ઓક્ટોબર ને મંગળવારે સાંજે ૪ થી ૭:૩૦ દરમિયાન મહત્વપૂર્ણ માર્ગદર્શન અને ખાસ પ્રેરણાદાયી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

મેટોડા જી.આઈ.ડી.સી. ખાતેના ઓડિટોરિયમ, સેન્ટર ઓફ એક્સલન્સ, ઓલમાઈટી ગેટ નંબર ૨, કાલાવડ રોડ ખાતે આ સેમિનાર યોજાશે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્જીસ્ઈ ઉદ્યોગસાહસિકોને સરકારી યોજનાઓ, નવીનતમ ઔદ્યોગિક નીતિઓ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના અમલીકરણ અને લાભો દ્વારા ગ્રોથ સ્ટ્રેટેજીથી માહિતગાર કરવાનો છે.

આ સેમિનારમાં ઉદ્યોગના વિકાસ માટે વિવિધ પાંસાઓ પર મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. જેમ કે, અન્ય ઉદ્યોગસાહસિકો અને વિષય નિષ્ણાંતો સાથે સીધો સંપર્ક અને નેટર્વકિંગની ઉત્તમ તક, ગુજરાત સરકારની નવીનતમ ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ અંગેનું વિગતવાર અને ઉપયોગી માર્ગદર્શન. નવો ધંધો શરુ કરવો અને હાલના ધંધાને વિકસાવવા માટેની યોજનાઓ, MSMEs ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી વિવિધ સરકારી અને નાણાંકીય સહાયક યોજનાઓની માહિતી, જેમાં પ્રોજેક્ટ ફાઈનાન્સ, રીન્યુએબલ એનર્જી, ગ્રીન એનર્જી, જેવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવશે. MSMEsના ગ્રોથ માટે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સનું અમલીકરણ અને તેનાથી થતા પ્રત્યક્ષ લાભો અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાશે. આ સાથે ક્ષેત્રના તજજ્ઞો સાથે ચર્ચા અને પ્રશ્નોત્તરી દ્વારા ઉદ્યોગકારોની મૂંઝવણોનું સચોટ નિવારણ પણ કરવામાં આવશે.

# રેસકોર્સ આર્ટ ગેલેરીમાં ૧૨ દિવસના સ્વદેશી મેળાનો પ્રારંભ : ૮૫ સ્ટોલમાં ઉત્પાદનોનું બ્રાન્ડીંગ

રાજકોટઃરેસકોર્સ સંકુલમાં આવેલ આર્ટ ગેલેરી ખાતે આજે સવારે મેયર ડો. નેહલ શુકલ સહિતના મહાનુભાવોના હસ્તે તા.૩ નવેમ્બર સુધીના સ્વદેશી મેળા (શોપીંગ ફેસ્ટીવલ)નો પ્રારંભ થયો છે. સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી આ મેળો લોકો માટે ખુલ્લો રહેશે. મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ ‘સ્વદેશી મેળામાં વિવિધ પ્રકારની સ્વદેશી ચીજવસ્તુઓ, સ્થાનિક ઉત્પાદનો, હસ્તકલા અને ખાદ્યપદાર્થોને પ્રોત્સાહન આપવા માટે શોપિંગ ક્લસ્ટર, ક્રાફ્ટ ક્લસ્ટર અને ફૂડ કોર્નર સહિતની વ્યવસ્થાઓનું ૮૫ સ્ટોલમાં આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, માહિતી, શિક્ષણ અને સંચાર પ્રવૃત્તિઓ માટે ૫ સ્ટોલની વ્યવસ્થા રાખવામાં આવી છે. મેળામાં સ્થાનિક સ્વસહાય જૂથો, શેરી ફેરિયાઓ, સ્થાનિક કારીગરો અને કલાકારોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે. આ વ્યવસ્થાથી નાના પાયે વ્યવસાય કરતા નાગરિકો, પરંપરાગત કારીગરો અને સ્થાનિક પ્રતિભાઓને પોતાના ઉત્પાદનો વધુ લોકો સુધી પહોંચાડવાની અનેરી તક મળશે.આ મેળામાં શોપિંગ ક્લસ્ટર અને ફૂડ કોર્નર દ્વારા નાગરિકોને ખરીદી તથા ખાદ્યપદાર્થોની વિવિધતા માણવાની



તક મળશે. મેળામાં સ્વદેશી ચીજવસ્તુઓના સ્ટોલ સાથે ફૂડ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન દ્વારા સ્થાનિક વ્યવસાયકારોને પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ કરવાની અનેરી તક મળશે, જ્યારે નાગરિકોને એક જ સ્થળે વિવિધ સ્વદેશી ઉત્પાદનો અને સ્થાનિક વ્યવસાયોની જાણકારી મેળવવા સાથે ખરીદીનો અનુભવ માણી શકાશે.

ભારતની પરંપરાગત કલા, હસ્તકલા અને સ્થાનિક કારીગરોની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવું એ સ્વદેશી મેળાનો મુખ્ય હેતુ છે. સ્થાનિક કારીગરો અને કલાકારોને પોતાની બનાવટની ચીજવસ્તુઓ રજુ કરવા તથા ગ્રાહકો સુધી સીધા પહોંચવાની તક મળે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વદેશી મેળામાં ‘એક જિલ્લો, એક ઉત્પાદન’ અંતર્ગત બ્રાન્ડિંગ સંબંધિત કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલમાં રાજકોટના સ્થાનિક ઉત્પાદકોને વિશેષ સ્થાન આપવામાં આવશે.

સ્વદેશી મેળાને પરિવાર સાથે માણી શકાય તેવો યાદગાર અનુભવ બનાવવા માટે બાળકોને ધ્યાનમાં રાખીને ચિલ્ડ્રન પ્લે એરિયા અને એક્ટિવિટી ઝોનની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ ઝોનમાં બાળકો માટે રમતગમતની વ્યવસ્થા છે.જેથી મેળામાં આવતા પરિવારોને ખરીદી અને અન્ય પ્રવૃત્તિઓની સાથોસાથ બાળકો માટે પણ આનંદદાયક સમય પસાર કરવાની તક મળે. આ રીતે, સ્વદેશી મેળો માત્ર ખરીદી પૂરતો મર્યાદિત નહીં રહેતાં સ્થાનિક ઉત્પાદનો, સંસ્કૃતિ, મનોરંજન અને પારિવારિક સહભાગિતાને જોડતો એક વિશેષ ઉપક્રમ બની રહેશે.

સ્વદેશી ચીજવસ્તુઓ અને સ્થાનિક ઉત્પાદનોનો ઉપયોગ વધે તે માટે નાગરિકોની જાગૃતિ અને સહભાગિતા અત્યંત મહત્વપૂર્ણ છે. સ્થાનિક વેપારીઓ, સ્વસહાય જૂથો, શેરી ફેરિયાઓ અને કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવતાં ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાથી સ્થાનિક વ્યવસાયિક પ્રવૃત્તિઓને વેગ આપવાની તક મળશે. ‘મેઈક ઈન ઈન્ડિયા’ અને ‘આત્મનિર્ભર ભારત’ની ભાવનાને દૈનિક જીવનમાં ઉતારવા માટે સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ એક મહત્વપૂર્ણ પગલું બની શકે છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ મંગળવારે રાજકોટમાં

## લોકતંત્ર બચાવો, ભીડતંત્ર હટાવો રેલીમાં ભાગ લેશે

રાજકોટઃsri સહિતના મુદ્દે વિપક્ષોએ જે રીતે દેશભરમાં વિરોધ આંદોલન કુચ તથા અન્ય કાર્યક્રમો આપ્યા છે તેના જવાબમાં ભાજપે આગામી સપ્તાહે લોકતંત્ર બચાવો, ભીડ તંત્ર હટાવો અંતર્ગત યાત્રા, સંવાદ અને બેઠકોનો દૌર શરૂ કરવા નિર્ણય લીધો છે. જેમાં રાજકોટમાં આગામી મંગળવારે રાજકોટમાં સાંજે ૫ વાગ્યે બહુમાળી ભવન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી માલવીયા ચોક, ત્રિકોણબાગ થઈને વિવેકાનંદ પ્રતિમા સુધી યાત્રા યોજાશે.જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે અને સમગ્ર રાજકોટ



ભાજપના હજારો કાર્યકર્તાઓ જોડાશે. આ યાત્રામાં પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધ દવે પણ હાજરી આપશે અને સાંસદો અને ધારાસભ્યો પણ જોડાશે. આ અંગે આવતીકાલે પ્રદેશ ખાતે એક બેઠકનું આયોજન થયું છે અને રાજ્યભરમાં આ પ્રકારે બેઠકો, યાત્રા સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

# ગોપાલગઢમાંથી અપહત કિશોરીની ભાળ આપવા અંગે

રાજકોટઃ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના ગોપાલગઢ ગામ ખાતે રહેતી ૧૩ વર્ષ અને ૦૯ માસની સગીરાને તારીખ ૨૭ જુલાઈના રોજ સવારના આશરે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં અશ્વિનભાઈ જેરામભાઈ લોદરીયા લલચાવી-ફોસલાવી અપહરણ કરી ભગાડી લઈ ગયો છે.

કિશોરીની ઊંચાઈ આશરે ૪ ફૂટ ૨ ઈંચ, શરીરે પાતળો બાંધો, ચહેરો ગોળ, વાને ઘઉંવર્ણ, કાળા વાળ તેમજ કાળી આંખો ધરાવે છે. તેમણે પંજાબી ડ્રેસ પહેરેલ છે અને તે ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે.જો કોઈને પણ આ કિશોરી અંગે માહિતી મળે તો તાત્કાલિક ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન અથવા કંટ્રોલ રૂમ સુરેન્દ્રનગર ફોન નંબર (૦૨૭૫૨) ૨૮૨૪૫૨, મો.નં. ૯૬૮૭૬ ૯૦૧૦૦ પર સંપર્ક કરવા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરેન્દ્રનગરની યાદીમાં જણાવાયુંછે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## નવેમ્બરથી અજાણ્યા નંબરનો ખેલ ખતમ

અજાણ્યા નંબરની ઓળખ હવે ફોન ઉપાડતા પહેલા જ થઈ જશે, આ વાત હવે માત્ર વિચાર નથી રહી પણ હકીકત બનવા જઈ રહી છે. દેશમાં દિવસે દિવસે વધી રહેલી ઠગાઈ, નકામા કોલ અને લોકોને છેતરવા માટે આવતા ખોટા કોલને રોકવા માટે કેન્દ્ર સરકારના દૂરસંચાર વિભાગે એક ખૂબ જ મહત્વનો નિર્ણય લીધો છે. મળેલી માહિતી મુજબ ૧૩ ઓક્ટોબરના રોજ બહાર પાડવામાં આવેલા આદેશ પ્રમાણે ૧ નવેમ્બર ૨૦૨૬થી આખા દેશમાં કોલ કરનારના નામની ઓળખ બતાવતી સેવા ફરજિયાત થશે. આ નવી વ્યવસ્થા લાગુ થયા પછી જ્યારે પણ કોઈ અજાણ્યા નંબર પરથી ફોન આવશે ત્યારે તમારા ફોનની સ્ક્રીન પર માત્ર નંબર જ નહીં પણ તે નંબર કોના નામે છે તે વ્યક્તિનું સાચું નામ પણ દેખાશે. આ નામ એ જ હશે જે તમે સીમ કાર્ડ લેતી વખતે ભરેલા ગ્રાહક અરજી પત્રકમાં અને ઓળખ ચકાસણી માટે આપેલા આધાર કાર્ડ કે ચૂંટણી કાર્ડમાં લખેલું છે. આ પગલાને ફોન વ્યવહારમાં સાફ સુથરા વહીવટ તરફનું સૌથી મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.અત્યાર સુધી એવું બનતું હતું કે કોઈ અજાણ્યા નંબર પરથી ફોન આવે તો લોકો એમ વિચારીને ફોન ઉપાડી લેતા કે કદાચ કોઈ જરૂરી કામ હશે. પણ ફોન ઉપાડ્યા પછી ખબર પડતી કે સામે કોઈ લોન વેચવાવાળો છે, કોઈ ખોટી કંપનીનો માણસ છે કે પછી કોઈ ઠગ છે. આવા ફોનને કારણે લોકોનો સમય બગડતો, મનની શાંતિ જતી અને ઘણીવાર તો લોકોની આખી જીંદગીની બચત પણ લૂંટાઈ જતી. ખાસ કરીને ગામડાના વડીલો, ઓછું ભણેલા લોકો અને જેમને ફોનની બહુ ખબર નથી હોતી તેવા લોકો આવા કોલમાં જલ્દી ફસાઈ જતા. સામેવાળો પોતાને બેંકનો સાહેબ કહે અને એક વખતનો ગુપ્ત કોડ માંગી લે અને જોતજોતામાં બેંક ખાતું ખાલી થઈ જાય. કોલ કરનારના નામની ઓળખ બતાવતી આ સેવા આવા અંધારામાં થતા હુમલાને રોકવાનો પ્રયત્ન છે. જ્યારે સ્ક્રીન પર જ નામ દેખાશે ત્યારે તમે પહેલેથી નક્કી કરી શકશો કે ફોન ઉપાડવો છે કે નહીં, તેને ટાળવો છે કે બંધ કરવો છે. આ એક નાની પણ ખૂબ ઉપયોગી તપાસ છે જે હવે દરેકને મળશે.આ સેવા કેવી રીતે કામ કરશે તે પણ સમજવા જેવું છે. દૂરસંચાર વિભાગે કહ્યું છે કે આ સગવડ હાલમાં માત્ર નવી પેઢીના નેટવર્ક એટલે કે ચાર જી અને પાંચ જી પર જ મળશે. જૂના નેટવર્ક એટલે કે બે જી અને ત્રણ જી તથા ઘરના જૂના ટેલિફોન પર આ સેવા હજુ નહીં મળે. એટલે જેઓ હજુ નાના સાદા ફોન વાપરે છે તેમને થોડી રાહ જોવી પડશે.



# સંસ્કારપુરુષ-ક્રાંતિકારી શિક્ષણવિદ્: હરભાઈ ત્રિવેદી

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

પ્રસ્તાવના: વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં ગુજરાતની ધરા પર માત્ર રાજકીય ચેતના જ નહીં, પરંતુ શિક્ષણ, સાહિત્ય અને સામાજિક સુધારણાના ક્ષેત્રે પણ એક અભૂતપૂર્વ પુનર્જાગરણનો સૂર્યોદય થયો હતો. તત્કાલીન બ્રિટિશ શાસન હેઠળ પ્રવર્તતી યાંત્રિક અને ગુલામી માનસિકતા ઉત્પન્ન કરતી શિક્ષણ પ્રણાલી સામે ક્રાંતિનો શંખનાદ ફૂંકનાર વિદ્વાનોમાં હરભાઈ ત્રિવેદીનું નામ અગ્રગણ્ય છે. બાળકને માત્ર ભણતરનું સાધન કે માધ્યમ ન ગણતાં, તેના સર્વાંગી વિકાસ માટે બાળકેન્દ્રી શિક્ષણના વિચારને ભારતીય પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ મૂર્તિમંત કરનારા મહાન પ્રયોગવીરોમાં તેમને હંમેશાં આદરપૂર્વક યાદ કરવામાં આવે છે.

તેઓ માત્ર એક નિષ્ણાત શિક્ષક કે શિક્ષણશાસ્ત્રી નહોતા, પરંતુ આજીવન બાળકેન્દ્રી કેળવણી, નૈતિક મૂલ્યો અને જીવનલક્ષી સાહિત્યના આરાધક હતા. કાઠિયાવાડની સાંસ્કૃતિક રાજધાની ગણાતા ભાવનગરને શિક્ષણ અને સંસ્કારની 'કાશી' બનાવવામાં તથા 'ઘરશાળા' જેવી વટવૃક્ષ સમાન અનોખી શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરીને પ્રયોગાત્મક કેળવણીની નવી ભાત પાડવામાં તેમનું પ્રદાન અવિસ્મરણીય અને પ્રેરણાદાયી રહ્યું છે.

પ્રારંભિક જીવન અને વ્યક્તિત્વનો ઘડતરકાળ: હરભાઈ ત્રિવેદીનો જન્મ (મૂળ નામ: હરિશંકર દુર્લભજી ત્રિવેદી) ૧૪ નવેમ્બર ૧૮૯૧ના રોજ ભાવનગર નજીક આવેલા ઐતિહાસિક વરતેજ ગામમાં થયો હતો. તેમનું પ્રારંભિક બાળપણ કુદરતના મનોહર સાનિધ્યમાં અને સંસ્કારી વાતાવરણમાં વીત્યું હતું. બાળપણથી જ તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા, અગાધ જિજ્ઞાસાવૃત્તિ અને સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ ધરાવતા હરભાઈ પર તત્કાલીન સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિવર્તનોની ઊંડી અસર પડી હતી. શાળાકીય અને ઉચ્ચ અભ્યાસકાળ દરમિયાન જ તેમનામાં સાહિત્યિક સંસ્કારો, વાંચનપ્રીતિ અને ચિંતનાત્મક જીવનદ્રષ્ટિ પરિપક્વ થઈ ચૂકી હતી.

તેમના યુવાનીના ગાળામાં સમગ્ર ભારતમાં મહાત્મા ગાંધીજીના વિચારો, અહિંસા અને રાષ્ટ્રીય મુક્તિ આંદોલન આકાર લઈ રહ્યા હતા. આ રાષ્ટ્રવ્યાપી ચળવળ અને ગાંધીવાદી સંસ્કારોથી પ્રભાવિત થઈને તેમણે અનુભવ્યું કે વિદેશી શાસનની પરંપરાગત શિક્ષણ પદ્ધતિ ભારતીય બાળકના સહજ વિકાસને રૂંધે છે. તે માત્ર ક્લાર્કો ઉત્પન્ન કરવાની યાંત્રિક પ્રક્રિયા હતી. હરભાઈને સ્પષ્ટ સમજાઈ ગયું કે જો દેશનું નવનિર્માણ કરવું હોય અને આઝાદ ભારત માટે સમર્થ પ્રજા તૈયાર કરવી હોય, તો નવી પેઢીનું ઘડતર મૂળમાંથી બદલવું પડશે. આ ઘડતર માત્ર અને માત્ર મુક્ત, ડરમુક્ત, બાળકેન્દ્રી અને નૈતિક સંસ્કારલક્ષી કેળવણી દ્વારા જ શક્ય બને તેમ હતું.

શિક્ષણક્ષેત્રે ક્રાંતિ: દક્ષિણામૂર્તિ અને ઘરશાળાની સ્થાપના: હરભાઈ ત્રિવેદી ૧૯૧૯માં ભાવનગરની વિખ્યાત શિક્ષણ સંસ્થા 'દક્ષિણામૂર્તિ'માં જોડાયા. આ સમયગાળો ગુજરાતના શૈક્ષણિક ઈતિહાસનો સુવર્ણકાળ સાબિત થયો. અહીં તેમને નાનાભાઈ ભટ્ટ અને ગિજુભાઈ બધેકા જેવા સમર્પિત અને દ્રષ્ટાવંત શિક્ષણવિદોનો અદ્ભુત સાથ મળ્યો. કેળવણીના આ ત્રણ મહાન ભગીરથો—નાનાભાઈ, ગિજુભાઈ અને હરભાઈ—ની 'શૈક્ષણિક ત્રિપુટી'એ મળીને ગુજરાતની શિક્ષણની દિશા અને દ્રષ્ટિ બંને મૂળમાંથી બદલી નાખ્યા. દક્ષિણામૂર્તિ વિનયમંદિરના માધ્યમથી તેમણે પરંપરાગત ચાર દીવાલો અને ગોખણપટ્ટીવાળી શિસ્તને બદલે કલ્પનાશીલતા, મુક્ત ચિંતન, નિરીક્ષણ અને પ્રયોગશીલતાને સ્થાન આપ્યું.

દક્ષિણામૂર્તિના સફળ અને સમૃદ્ધ અનુભવ પછી, હરભાઈ ત્રિવેદીએ શિક્ષણને વધુ વ્યાપક, સઘન અને કૌટુંબિક વાતાવરણ સાથે જોડવાના આશયથી ભાવનગરમાં 'ઘરશાળા' સંસ્થાની સ્થાપના કરી. 'ઘરશાળા'નો મૂળભૂત અને મૌલિક વિચાર એ હતો કે શાળા એ કોઈ કારખાનું કે શિસ્ત ખાતું નથી, પરંતુ તે ઘરનું જ એક ?????ૃત અને પવિત્ર રૂપ હોવું જોઈએ. જ્યાં બાળકને કોઈ પણ જાતના ભય કે દબાણ વગર, પ્રેમ, હૂંફ અને આત્મીયતા સાથે શીખવાનું અનુકૂળ વાતાવરણ મળે.

હરભાઈના શૈક્ષણિક વિચારોના મુખ્ય આધારસ્તંભો: બાળકેન્દ્રી અભિગમ: કેળવણીનું ક્રાંતિકારી કેન્દ્રબિંદુ બાળક પોતે છે; શિક્ષક, પરીક્ષા કે પાઠ્યપુસ્તક માત્ર સાધન છે.

મનોવિજ્ઞાનનો વ્યવહારિક ઉપયોગ: બાળક માનસિક અને લાગણીશીલ રીતે કેવી રીતે ગ્રહણ કરે છે, તે સમજીને તેને અનુકૂળ શિક્ષણ પદ્ધતિ ઘડવી.

સ્વયં-શિસ્ત અને પૂર્ણ સ્વતંત્રતા: ડર, શિક્ષા કે ભયથી મેળવેલી બાહ્ય શિસ્ત કૃત્રિમ છે. બાળકની અંદરથી જ સહજ રીતે સાચી શિસ્ત અને વિવેક પ્રગટે તે જરૂરી છે.

હસ્તકળા, શ્રમ અને પ્રકૃતિસાહચર્ય: માત્ર પુસ્તકીય જ્ઞાન પૂરતું નથી; બાળકના હાથ, હૃદય અને મગજ (૩ઉૅજ - ઉૅઙ્કહદ્ઘ, ઉૅીટ્ઠિ, ઉૅીટ્ઠદ્ઘ)નો સંતુલિત વિકાસ થાય તે માટે શ્રમ, પ્રકૃતિ અને વ્યવહારિક કૌશલ્યોનો સંગમ જરૂરી છે.

સાહિત્યિક પ્રદાન, બાલસાહિત્ય અને શૈક્ષણિક ચિંતન: હરભાઈ ત્રિવેદી માત્ર એક વ્યવહારુ શિક્ષક કે સંસ્થાપક નહોતા, પરંતુ એક ઊંડા અભ્યાસુ, ચિંતક અને નીવડેલા લેખક પણ હતા. તેમણે બાળમાનસશાસ્ત્ર, શિક્ષણની સમસ્યાઓ, બાળઘડતર અને સામાજિક સંસ્કારો પર અસંખ્ય મહત્વપૂર્ણ પુસ્તકો, નિબંધો અને લેખોનું સર્જન કર્યું હતું.

તેમના સાહિત્યિક સર્જનમાં મુખ્યત્વે શૈક્ષણિક મનોવિજ્ઞાન, વાલીઓ માટેનું માર્ગદર્શન, બાળઘડતરની કળા અને પ્રેરણાદાયી જીવન-ચરિત્રોનો સમાવેશ થાય છે. તેઓ અત્યંત સરળ, પ્રવાહી, ચોટદાર અને ગંભીર વિચારોને પણ સાધારણ વાચક કે ગ્રામીણ વાલી સમજી શકે તેવી સુબોધ ભાષામાં રજૂ કરવા માટે જાણીતા હતા. બાળકના મનોજગત પર તેમણે કરેલા સૂક્ષ્મ અને વિશ્લેષણાત્મક લેખોને કારણે તત્કાલીન કેળવણીકારો તેમને ગુજરાતી શિક્ષણ જગતના અત્યંત ઊંડા અને તટસ્થ વિવેચક ગણતા.

તેમના સમગ્ર લેખનનો મુખ્ય ઉદ્દેશ્ય વાલીઓ અને શિક્ષકોની સદંતર માનસિકતા બદલવાનો હતો. તેઓ સતત કહેતા કે બાળક એ કોઈ પોતાના હિસાબે આકાર આપવાનો માટીનો પિંડ કે રમકડું નથી, પરંતુ તે એક નિસર્ગદત્ત ખીલતું પુષ્પ છે, જેને માત્ર યોગ્ય ખાતર, પાણી, પ્રેમ અને રક્ષણની જરૂર છે. 'ઘરશાળા' દ્વારા પ્રકાશિત થતાં વિવિધ સામયિકો, માસિકો અને પુસ્તિકાઓમાં તેમના વિચારો નિરંતર વહેતા રહ્યા, જેણે ગુજરાતના ખૂણેખૂણામાં લાખો કુટુંબોને બાળઘડતરની એક નવી અને વૈજ્ઞાનિક દ્રષ્ટિ પૂરી પાડી.

ઐતિહાસિક સંદર્ભ અને સામાજિક અસરો: હરભાઈ ત્રિવેદીનું સમગ્ર જીવન અને કાર્ય ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને રાષ્ટ્રીય પુનર્નિર્માણના અતિ મહત્વના સમયગાળા સાથે સાંકળાયેલું હતું. મહાત્મા ગાંધીજીના 'નયી તાલીમ' (બુનિયાદી કેળવણી)ના ક્રાંતિકારી વિચારો અને હરભાઈના બાળશિક્ષણના મૂલ્યો વચ્ચે અદ્ભુત વૈચારિક સામ્ય હતું. બંને પક્ષે શિક્ષણને જીવન સાથે જોડવાનો જ સ્પષ્ટ આગ્રહ હતો.

તેમણે તત્કાલીન સમાજમાં વ્યાપ્ત કુરિવાજો, કન્યાકેળવણી પ્રત્યેની ઉપેક્ષા અને શિક્ષણ અંગેની સંકુચિત માનસિકતા દૂર કરવા માટે સતત જાગૃતિ અભિયાનો ચલાવ્યા. સમાજના ગરીબ, પીડિત કે વંચિત તમામ વર્ગના બાળકોને એકસમાન, ભેદભાવરહિત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે તેઓ આજીવન કાર્યરત રહ્યા. આચાર્ય વિનોબા ભાવેના ભૂદાન આંદોલન અને મહાત્મા ગાંધીના વિચારદર્શનથી પ્રભાવિત થઈને તેમણે શિક્ષણમાં 'કાયિક શ્રમ', 'સામાજિક ઉત્તરદાયિત્વ' અને 'નૈતિકતા'ને અનિવાર્યપણે સાંકળ્યા હતા.

ઉપસંહાર: ૧૯ ઓગસ્ટ ૧૯૭૯ના રોજ ગુજરાતના આ મહાન કેળવણીકાર અને સંસ્કાર પુરુષે અંતિમ શ્વાસ લીધા અને તેમનો ભૌતિક દેહ વિલીન થયો. પરંતુ તેમણે સ્થાપેલી ઘરશાળા જેવી પવિત્ર સંસ્થાઓ અને તેમણે આપેલા ક્રાંતિકારી શૈક્ષણિક વિચારો આજે પણ એટલા જ જ્વલંત અને જીવંત છે.

આજના આધુનિક અને ડિજિટલ યુગમાં, જ્યારે શિક્ષણપદ્ધતિઓમાં ગોખણપટ્ટી, આંધળી સ્પર્ધા, પરીક્ષાલક્ષી તણાવ અને માનસિક અવસાદ સતત વધતા જાય છે, ત્યારે હરભાઈ ત્રિવેદીના બાળકેન્દ્રી, મૂલ્યનિષ્ઠ અને તણાવમુક્ત શિક્ષણના વિચારો વધુ પ્રાસંગિક, અનિવાર્ય અને માર્ગદર્શક બની રહે છે.

હરભાઈ ત્રિવેદીનું સમગ્ર જીવન એ અક્ષરજ્ઞાનથી પર વધીને 'મનુષ્ય નિર્માણ' માટેનો એક મહાયજ્ઞ હતો. તેમણે પોતાના દ્રષ્ટાંતરૂપ જીવનથી સાબિત કરી બતાવ્યું કે શિક્ષણ એ માત્ર આજીવિકા મેળવવાનું કે નોકરી મેળવવાનું સાધન નથી, પરંતુ મનુષ્યની અંદર સુષુપ્ત રહેલી અસીમ પૂર્ણતાનું પ્રગટીકરણ છે. તેમનું આ જીવનકાર્ય ગુજરાતના ઈતિહાસમાં, બાળસાહિત્યમાં અને શિક્ષણ જગતમાં સદાકાળ અમર રહેશે.

**(વાચક મિત્રો અહી હરભાઈવિશે પૂરું કરીએ છીએ. આવતા હપ્તે મીઠાવાળા અંગેના લેખમાં ફરી મળીશું.)**

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું






**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ બારમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયે કોઈના પણ પર, કોઈ પણ પરિસ્થિતિમાં ચીડાવું અને ખીજાવું તમારી સેહત બગાડી શકે છે. આવા સમયે તમારા માટે ઉત્તમ રહેશે કે જૂની વાતો યાદ કરીને કોઈ નજીકની વ્યક્તિ કે મિત્ર સાથે ન ઉલઝો અને જેટલું શક્ય હોય પોતાને અને તમારા મગજને આરામ આપવાનો પ્રયાસ કરો. ચંદ્ર રાશિ અનુસાર કેતુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે યોગ દર્શાવે છે કે તમારે દરેક પ્રકારના લાંબા ગાળાના રોકાણથી બચવું જોઈએ. જો તમારું મન કોઈ વાતને લઈને બેચેન છે, તો તમે તમારું કંઈક નાણું પોતાના પર ખર્ચ કરીને તમારા મિત્રો સાથે બહાર જઈને ખુશીની ક્ષણો વિતાવી શકો છો. કારણ કે આનાથી તમે તમારા જીવનના નાણાં સંબંધિત ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં સફળ રહેશો. આ અઠવાડિયે તમારા મિત્રો કે નજીકના લોકો તમારી વાતો કે સૂચનોને વધુ મહત્વ નહીં આપે. જેના કારણે મિત્રો સાથે કંઈક કરતી વખતે તમે તમારા હિતોની અણદેખી અનુભવશો. આનાથી તમને માનસિક તણાવ મળવાની પણ આશંકા છે. કાર્યક્ષેત્ર અને અંગત જીવનને અલગ-અલગ રાખીને ચાલવું જ આ અઠવાડિયે તમારા માટે ઉત્તમ રહેશે. કારણ કે શક્ય છે કે અંગત જીવનના કારણે તમે તમારી કારકિર્દી પ્રત્યે બેદરકાર બની જાઓ, જેના કારણે તમારે તમારા વિકાસમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.




**વૃષભ - (બ, વ, ઉ)** ચંદ્ર રાશિ અનુસાર કેતુ ચોથા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયે તમારું મન કંઈક ઉદાસ દેખાશે, જેના કારણે તમે તમારા લક્ષ્યોને પૂર્ણ કરવા માટે તેને સાચી દિશામાં લગાવવામાં અસમર્થ રહેશો. આમાં તમારે ઝડપથી સુધારો કરવાની જરૂર પડશે, અન્યથા આની નકારાત્મક અસર તમારી સેહતમાં ઘટાડાનું મુખ્ય કારણ બની શકે છે. તેથી તમારા માટે વધુ સારું એ જ રહેશે કે તમારી આસપાસના કોઈ સજ્જન પુરુષ સાથે વાતચીત કરો. કારણ કે તેમની દૈવી વાતો તમને સંતોષ આપવાની સાથે સાથે તમારું સાંત્વના પણ બાંધશે. ચંદ્ર રાશિ અનુસાર શનિ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે વેપારી જાતકોને સારા ફળોની પ્રાપ્તિ થશે. ખાસ કરીને એવા જાતકો જે ભાગીદારીમાં વેપાર કરે છે, તેમને કોઈ મોટી ડીલ સફળ થવાથી સારો ધન લાભ થઈ શકશે. જોકે જે ઝડપથી તમે નાણાં કમાશો, એટલી જ ઝડપથી એ નાણાં તમારી મુઠ્ઠીમાંથી સરકી પણ જશે. પરંતુ તેમ છતાં તમારી રાશિમાં સારા સિતારા તમને આ અઠવાડિયે કોઈ પણ પ્રકારની તંગી આવવા નહીં દે. આ અઠવાડિયે તમે તમારા કાર્યક્ષેત્રથી જલ્દી ઘરે આવવાનો પ્રયાસ કરશો, જેમાં તમને સફળતા પણ મળશે. આ દરમિયાન પરિવારનો કોઈ જૂનો આલ્બમ કે જૂની તસવીર તમારા અને પરિવારની જૂની યાદોને તાજી કરશે. આ રાશિના જાતકો માટે આ અઠવાડિયું કારકિર્દીમાં ખૂબ જ શુભ પરિણામો લઈને આવનારું સાબિત થશે, કારણ કે આ દરમિયાન તમને તમામ મનોવાંછિત ફળની પ્રાપ્તિ થશે.




**મિથુન - (ક, છ, ઘ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ દસમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ સમયગાળા દરમિયાન તમે સતત તમારી જીવનશૈલીમાં સુધારો કરવાનો ફેરફાર કરશો. આના માટે તમે સારા સ્વાસ્થ્ય માટે પોતાને આરામના ક્ષેત્રમાંથી બહાર કાઢીને રોજ નિયમિતપણે યોગ અને વ્યાયામ કરવાનો નિર્ણય પણ લઈ શકો છો. જોકે આ સમયે તમારે કામનો વધુ બોજ પોતાના પર લેવાથી બચવું જોઈએ. આપણા જીવનની ગાડીને યોગ્ય રીતે ચલાવવા માટે સમય-સમય પર નાણાંની જરૂર પડે જ છે અને આ વાત તમે પણ સારી રીતે સમજો છો. છતાં પણ તમે તમારા ધનને સંચય (બચત) કરવા તરફ વધુ પ્રયાસ નથી કરતા, જે આવનારા સમયમાં તમારા માટે મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. આ અઠવાડિયે તમારો કોઈ મિત્ર કે નજીકની વ્યક્તિ તમને એવા સમયે દગો આપી શકે છે જ્યારે તમને તેમની સૌથી વધુ જરૂર હોય. તેથી બીજાઓ પર કોઈ પણ જરૂરિયાતને લઈને વધુ પડતા નિર્ભર રહેવાથી બચો. હંમેશા પરિસ્થિતિઓ આપણા અનુસાર કામ કરે એ જરૂરી નથી હોતું અને એવું જ આ અઠવાડિયે તમને અનુભવાશે, જ્યારે તમારી દરેક વ્યૂહરચના અને યોજના નકામી જતી જણાશે. આનાથી તમે પોતાને પ્રોત્સાહિત રાખવામાં પણ અસમર્થ રહેશો.




**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ અનુસાર રાહુ આઠમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયે કાર્યસ્થળ પર તમારે તમારી ભાવનાઓ પર, ખાસ કરીને તમારા ગુસ્સા પર કાબૂ રાખવાની જરૂર પડશે. કારણ કે શક્ય છે કે તમને કોઈ સહકર્મી દ્વારા દગો મળે, જેનાથી તમે તેમની સાથે ઝઘડો પણ કરી શકો છો. પરિણામે તમારી છબીને નુકસાન તો પહોંચશે જ, સાથે જ ભાવનાઓ પર કાબૂ ન રાખવાને કારણે તમે અસભ્ય ભાષાનો પણ ઉપયોગ કરી શકો છો. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આર્થિક દ્રષ્ટિએ તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું ખૂબ જ શુભ સાબિત થવાનું છે. આવા સમયે તમારા પ્રયાસોમાં થોડી પણ કમી ન આવવા દો, કારણ કે આ સમયે તમારા ધનમાં વધારો કરવા માટે અનુકૂળ ગ્રહોની સ્થિતિ ઉત્તમ તકો પ્રદાન કરી શકે છે. આ અઠવાડિયે તમારા મિત્રો કોઈ સરસ યોજના બનાવીને તમારું મન ખુશ કરી દેશે. આ યોજના ક્યાંક બહાર જવાની હોઈ શકે છે, જ્યાં તમને મિત્રો સાથે ફરીથી મોજ-મસ્તી કરવાની તક મળશે.




**સિંહ - (મ, ટ) :-** ચંદ્ર રાશિ અનુસાર ગુરુ બારમા ભાવમાં સ્થિત હોવાના કારણે, તમારા સ્વાસ્થ્ય જીવન માટે આ અઠવાડિયું સાનુકૂળ દેખાઈ રહ્યું છે. કારણ કે આ સમયે તમને કોઈ મોટી બીમારી થવાની શક્યતા નહિવત્ છે, તેથી શ્રેષ્ઠ સ્વાસ્થ્યનો આનંદ માણો અને નિયમિતપણે વિટામિન-સી યુક્ત ખાદ્ય પદાર્થોનું સેવન કરો. આર્થિક દ્રષ્ટિએ તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું ખૂબ જ શુભ સાબિત થવાનું છે. આવા સમયે આ દરમિયાન તમારા પ્રયાસોમાં થોડી પણ કમી ન આવવા દો, કારણ કે આ સમયે તમારા ધનમાં વધારો કરવા માટે અનુકૂળ ગ્રહોની સ્થિતિ તમારા માટે ઉત્તમ તકો પ્રદાન કરી શકે છે. તમારી માતાનું સ્વાસ્થ્ય આ અઠવાડિયે ખૂબ સારું રહેશે, જેના કારણે તમે ઘણી ચિંતાઓથી મુક્ત થઈ જશો. આ સાથે આ અઠવાડિયે તમારા પિતાને પણ કાર્યક્ષેત્ર પર પ્રગતિ કરવાની ઘણી તકો મળશે. આવા સમયે ઘર-પરિવાર પર આ સકારાત્મક પરિસ્થિતિઓની સારી અસર ઘરના વાતાવરણમાં ખુશાલી લાવવામાં પણ મદદ કરશે. ચંદ્ર રાશિ અનુસાર કેતુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાના કારણે, વ્યાવસાયિક દ્રષ્ટિએ તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું ખૂબ સારું સિદ્ધ થવાની શક્યતા છે.




**કન્યા - (પ, ઠ, ણ) :-** આ વાત તમે પણ સારી રીતે જાણો છો કે તમે જેટલું છુપાવો છો, એટલા જ તમે ભાવનાત્મક રીતે ખૂબ જ સંવેદનશીલ છો. તેથી તમને આવી પરિસ્થિતિઓથી બચવાની સૌથી વધુ સલાહ આપવામાં આવે છે, અન્યથા આનાથી તમને ચોટ પણ પહોંચી શકે છે. ચંદ્ર રાશિ અનુસાર શનિ સાતમા ભાવમાં સ્થિત હોવાના કારણે જો તમે આ અઠવાડિયે તમારા મિત્રો કે પરિવાર સાથે ક્યાંય ફરવા જઈ રહ્યા છો, તો તમને તમારું ધન વિચારીને ખર્ચ કરવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે યોગ બની રહ્યા છે કે આ દરમિયાન તમે શરૂઆતમાં જ ઘણા પૈસા ખર્ચ કરી દો, જેનાથી તમારે પાછળથી આર્થિક તંગીમાંથી પસાર થવું પડે. આ સમયગાળામાં તમે તમારા ઘરના કાર્યોની સાથે સાથે ઘણા સામાજિક કાર્યોમાં પણ ઉત્સાહભેર ભાગ લેશો અને પરિજનો સાથે કોઈ તીર્થયાત્રા પર જવાનો પ્લાન પણ કરશો. આનાથી તમને આત્મવિશ્લેષણ કરવાની તક પ્રાપ્ત થઈ શકશે. તમારી રાશિમાં ઘણા લાભકારી ગ્રહોની ઉપસ્થિતિ તમારા દુશ્મનો માટે સારી નથી. કારણ કે આ દરમિયાન તેઓ સક્રિય તો થશે, પરંતુ તમે તેમને દરેક પગલે પરાજિત કરીને તેમને પોતાના મિત્ર બનાવવામાં સફળ રહેશો. આ સમય વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સારો રહેશે અને આ દરમિયાન તમે પોતાને ખૂબ સારા મૂડમાં જણાશો અને શિક્ષણના ક્ષેત્રમાં જબરદસ્ત પ્રદર્શન કરશો.




**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ અનુસાર કેતુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ સમયે તમારા દ્વારા રમત-ગમત જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો તમને સ્વસ્થ રાખવામાં મદદરૂપ સિદ્ધ થશે. જોકે રમતી વખતે તમારે દરેક ચેપથી બચવા માટે જરૂરી તમામ સુરક્ષા સાધનો પહેરવા પણ આવશ્યક રહેશે. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ દસમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયું એવી વસ્તુઓ ખરીદવા માટે ઉત્તમ છે જેની કિંમત આગળ જતાં વધી શકે છે. આવા સમયે તમે સોનાના આભૂષણ, ઘર-જમીન કે કોઈ ઘરના નિર્માણ કાર્યમાં રોકાણ કરી શકો છો, જેનાથી તમને આગળ જતાં સારો નફો મળવાના યોગ બનશે. આ અઠવાડિયે ઘર-પરિવારમાં કોઈ ફંક્શન અથવા કોઈ શુભ કે માંગલિક કાર્ય સંપન્ન થઈ શકે છે. જેના કારણે તમારા પરિવારમાં ઉત્સવ જેવું વાતાવરણ દેખાશે અને આનાથી ઘર-પરિવારના તમામ સભ્યો પ્રસન્ન થશે. ઘરમાં આ માંગલિક કાર્યક્રમ કોઈના લગ્ન અથવા સંતાનના જન્મોત્સવના રૂપમાં ઉજવવામાં આવશે. આ આખા અઠવાડિયા દરમિયાન તમે વધુ જવાબદાર, કેન્દ્રિત અને સંગઠિત રીતે કાર્યક્ષેત્ર પર દરેક કાર્ય કરશો, જેની મદદથી તમે કાર્યસ્થળ પર તમારું શ્રેષ્ઠ પ્રદર્શન આપવામાં સફળ પણ થશો.




**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ અનુસાર રાહુ ચોથા ભાવમાં સ્થિત હોવાના કારણે, જો તમે કોઈ મોટી બીમારીથી પીડાતા હતા તો આ અઠવાડિયે ડોક્ટરની મહેનત અને તમારા ઘરના લોકોની યોગ્ય સંભાળ તમારા સ્વાસ્થ્યમાં સુધારો લઈને આવશે. આ કારણે તમે તમારી આ બીમારીમાંથી કાયમ માટે છુટકારો મેળવી શકશો. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ નવમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયે નાણાં સંબંધિત બાબતોમાં ઝડપ જાળવી રાખવા માટે તમને ઓછી મહેનત પછી પણ સારો નફો પ્રાપ્ત થઈ શકશે. કારણ કે આ દરમિયાન ગ્રહોની સ્થિતિ બતાવે છે કે તમારા અણધાર્યા ખર્ચાઓ ખૂબ ઓછા થશે, જેનાથી તમે તમારું ધન ઘણા અંશે બચાવવામાં સફળ રહેશો. આ અઠવાડિયે તમારા ઘર-પરિવારમાં કોઈ મહિલા સભ્યનું ખરાબ સ્વાસ્થ્ય પારિવારિક વાતાવરણમાં અશાંતિનું મુખ્ય કારણ બની શકે છે. પરિણામે તમારા પણ માનસિક તણાવમાં વધારો થશે, જેની નકારાત્મક અસર તમારા જીવનના અલગ-અલગ ક્ષેત્રો પર પડવાની છે.




**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ચંદ્ર રાશિ અનુસાર રાહુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયે આમ તો તમારા સ્વાસ્થ્યમાં સુધારો સ્પષ્ટ દેખાશે. પરંતુ તેમ છતાં તમારે આ દરમિયાન દરેક પ્રકારની લાંબા અંતરની યાત્રાઓ કરવાથી બચવું પડશે અને જો કોઈ યાત્રા જરૂરી હોય તો, તમારી મેડિકલ તપાસ કરાવ્યા પછી જ કોઈ યાત્રા પર જાઓ. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આર્થિક દ્રષ્ટિએ તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું ખૂબ જ શુભ સાબિત થવાનું છે. આવા સમયે આ દરમિયાન તમારા પ્રયાસોમાં થોડી પણ કમી ન આવવા દો, કારણ કે આ સમયે તમારા ધનમાં વધારો કરવા માટે અનુકૂળ ગ્રહોની સ્થિતિ તમારા માટે ઉત્તમ તકો પ્રદાન કરી શકે છે. શક્યતા છે કે આ અઠવાડિયે ઘરના કોઈ સભ્યની સલાહ તમને વધારાના નાણાં કમાવવામાં મદદ કરશે, જેનાથી તમારું મન પ્રસન્ન થશે. સાથે જ તમે ઘરના સભ્યો પર ખુલ્લા હાથે ખર્ચ કરતા અને તેમના માટે ભેટ લેતા પણ જણાશો. તમારા વ્યાવસાયિક ક્ષેત્રમાં તમારે ઘણી અડચણોનો સામનો કરવો પડશે, જેમાંથી નીકળવું પણ તમારા માટે સરળ કાર્ય નહીં રહે. તેથી આ અઠવાડિયે શરૂઆતથી જ પોતાને શાંત રાખીને દરેક પરિસ્થિતિનો સામનો કરો, તો જ તમે કંઈક ને કંઈક ઉકેલ લાવવામાં સફળ રહેશો. જો તમે ઘરથી દૂર રહીને અભ્યાસ કરી રહ્યા છો.




**મકર - (ખ, જ) :-** ચંદ્ર રાશિ અનુસાર કેતુ આઠમા ભાવમાં સ્થિત હોવાના કારણે, મિત્રો અને પરિવારના સભ્યોને તમારી જિંદગી ભલે ઉત્તમ દેખાય, પરંતુ આ અઠવાડિયે તાજેતરમાં બનેલી કોઈ ઘટનાના કારણે તમે અંદરથી જ ખિન્ન અને ઉદાસ હશો. આ અઠવાડિયે તમને ધન હાનિ થવાની આશંકા છે, તેથી દરેક પ્રકારના લેવડ-દેવડ સંબંધિત બાબતોમાં જેટલું શક્ય હોય પોતાને સતર્ક રાખો, કારણ કે આવું કરીને જ તમે ઘણી વિપરીત પરિસ્થિતિઓને તમારા પક્ષમાં કરી શકો છો. મોડી રાત્રે ઘરે પહોંચવાની તમારી આદત આ અઠવાડિયે તમારા માટે મોટી મુશ્કેલીનું કારણ બની શકે છે, કારણ કે આ વાતને લઈને તમારો ઘરના લોકો સાથે મોટો વિવાદ થાય એવી આશંકા છે. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ સાતમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયે ઘણા શુભ ગ્રહોના પ્રભાવથી તમારી ઈચ્છાશક્તિ પ્રબળ થશે, જેની મદદથી તમે તમારા વ્યાવસાયિક જીવનમાં નવી સિદ્ધિ મેળવવામાં સફળ થશો. આ દરમિયાન તમને ઘણી એવી તકો મળવાની છે જેની મદદથી કારકિર્દીની દ્રષ્ટિએ આ સમય તમારી રાશિના નોકરીયાત જાતકો માટે ખૂબ જ ખુશગવાર વિતશે. ઉચ્ચ શિક્ષણ માટે પ્રયાસ કરતા લોકોને આ અઠવાડિયે થોડો પ્રયાસ ચાલુ રાખ્યા પછી પણ મોટી સફળતા મેળવવામાં મદદ મળશે. આવા સમયે આ તકોનો યોગ્ય લાભ ઉઠાવતા તેને તમારા હાથમાંથી જવા ન દો.




**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે તમારું દારૂ (મદિરા) થી દૂર રહેવું જ તમારા સ્વાસ્થ્ય માટે સારું રહેશે. અન્યથા આનાથી તમારી ઊંઘમાં ખલેલ પહોંચશે, જેનાથી તમે ઊંડા આરામથી પણ વંચિત રહી શકો છો. ચંદ્ર રાશિ અનુસાર કેતુ સાતમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયે ઘરે કોઈ અણધાર્યા મહેમાનનું આગમન તમને પરેશાન કરશે. કારણ કે તેમની ખાતરીદારી તમારો ઘણો ખર્ચ કરાવશે, જેનાથી ભવિષ્યમાં તમારે આર્થિક તંગીનો પણ સામનો કરવો પડશે. તમારા બાળકના એવોર્ડ સમારોહનું આમંત્રણ તમારા અને પરિવાર માટે ખુશીની અનુભૂતિ કરાવશે. તે તમારી અપેક્ષાઓ પર ખરો ઉતરશે અને તમે તેના દ્વારા તમારા સપના સાકાર થતા જોશો. આ અઠવાડિયે તમારી વાણીમાં કડવાશ દેખાશે, જેના કારણે તમે કાર્યસ્થળ પર નકામી અથવા નાની-નાની વાતો પર બીજા સાથે વિવાદ કે ઝઘડો કરતા જણાશો. આની નકારાત્મક અસર તમારી છબીને તો નુકસાન પહોંચાડશે જ, સાથે જ આનાથી તમને તમારી કારકિર્દીમાં આગળ વધવામાં સહકર્મીઓનો યોગ્ય સહયોગ મેળવવામાં પણ મુશ્કેલી આવશે. ધ્યાન એ શ્રેષ્ઠ માનસિક ઔષધિ છે જે તમારી તાર્કિક ક્ષમતાને અદ્ભુત રીતે વધારી શકે છે. તમારી પાસે આ અઠવાડિયે આના માટે સમય પણ છે, આવા સમયે સવાર-સાંજ ધ્યાન કરો.




**મીન - (દ, ચ, ઝ, થ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ પ્રથમ ભાવમાં સ્થિત હોવાના કારણે, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ કે સ્થૂળતાના દર્દીઓએ આ અઠવાડિયે પોતાનું ખાસ ધ્યાન રાખવાની અને સાચા સમય અનુસાર દવા-ઉપચાર લેવાની જરૂર રહેશે. સાથે જ જો તમારું કોલેસ્ટ્રોલ પણ નિયંત્રણમાં નથી તો તેને કાબૂમાં રાખવાનો પ્રયાસ પણ તમારે આ સમયે કરવો જોઈએ. કારણ કે આવું કરીને જ તમે સ્વાસ્થ્ય સંબંધિત ઘણા લાભદાયી પરિણામો મેળવી શકશો. એવું જોવામાં આવ્યું છે કે તમે જીવનમાં પૈસાનું મહત્વ સમજતા નથી, પરંતુ આ અઠવાડિયે તમને પૈસાનું મહત્વ સારી રીતે સમજાઈ શકે છે. કારણ કે આ દરમિયાન તમને પૈસાની ખૂબ જરૂર પડશે પરંતુ તમારી પાસે પર્યાપ્ત નાણાં નહીં હોય. સાથે જ આ બાબતમાં તમે કોઈ નજીકના વ્યક્તિ પાસેથી પણ આર્થિક સહયોગની આશા રાખી શકશો નહીં. આ અઠવાડિયે તમે તમારા પારિવારિક જીવનમાં બીજાઓ પાસેથી વધુ અપેક્ષા રાખશો, જેના કારણે પરિવારના સભ્યો તમારાથી થોડી અકળામણ અનુભવી શકે છે. તેથી શરૂઆતમાં જ તમારી અપેક્ષાઓ પર કાબૂ રાખતા બીજા પર કોઈ પણ વાતનું દબાણ ન નાખો. ચંદ્ર રાશિ અનુસાર રાહુ બારમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ અઠવાડિયે કાર્યક્ષેત્રમાં તમારી સામે સળગતા અને નવા પડકારો આવી શકે છે. ખાસ કરીને જો તમે કૂટનીતિક રીતે પરિસ્થિતિઓને નહીં સંભાળો તો તમે કાર્યસ્થળ પર બીજાના ષડયંત્રમાં ફસાઈ શકો છો.

# લોકશાહી દેશોમાં વધી રહેલી સત્તા વિરોધી લહેર

વર્તમાન સમયમાં વિશ્વભરના લોકશાહી દેશોમાં સત્તા વિરોધી લહેર અને વિવિધ સામાજિક-આર્થિક મુદ્દાઓને લઈને વિરોધ, આંદોલનો જોવા મળી રહ્યા છે. ભારત અને યુરોપના દેશોમાં આ લહેરના કારણો, જનતાનો આક્રોશ અને સરકારોના વલણમાં સ્પષ્ટ તફાવત અને સામ્યતા બંને જોવા મળે છે.

યુરોપના દેશોમાં મોંઘવારી અને જીવનનિર્વાહનો ખર્ચ મુખ્ય સમસ્યા છે. ઊર્જાના ઊંચા ભાવ, ઘરના ભાડા અને શિક્ષણ/રોજગારના પ્રશ્નોને કારણે લોકોમાં અસંતોષ વધ્યો છે.શિક્ષણ ક્ષેત્રે બજેટ કાપ, પેન્શન સુધારા અને આર્થિક મુશ્કેલીઓને કારણે વિદ્યાર્થીઓ અને શ્રમિક સંગઠનો શેરીઓમાં ઉતર્યા છે.

ઈટાલી, ફ્રાન્સ અને બેલ્જિયમ જેવા દેશોમાં વર્તમાન સરકારો સામે સતત આંદોલનો અને દેખાવો થઈ રહ્યા છે.

બીજી તરફ ભારતમાં મતદારો ઘણીવાર સ્થાનિક સ્તરે સાંસદો કે વિધાયકો સામેના અસંતોષને કારણે 'એન્ટી-ઈન્કમ્બન્સી' ફેક્ટર દર્શાવે છે.મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોના આંદોલનો અને સ્થાનિક સ્તરના ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ સત્તા વિરોધી લહેર ઊભી કરી છે. ભારતમાં સત્તા બદલાવ ત્યારે વધુ જોવા મળે છે જ્યારે વિપક્ષ એક સબળ અને મજબૂત વિકલ્પ તરીકે સામે આવે છે.

યુરોપના દેશોમાં મોટાભાગે વિદ્યાર્થી સંગઠનો, ટ્રેડ યુનિયનો અને નાગરિક અધિકાર જૂથો દ્વારા હડતાળ, વિશાળ રેલીઓ અને પ્રદર્શનો યોજવામાં આવે છે.

ભારતમાં પણ ખેડૂત આંદોલનો, વિદ્યાર્થી વિરોધ, શ્રમિક હડતાળો અને ચૂંટણી વખતે મતદાન કેમ્પેઈન દ્વારા આક્રોશ વ્યક્ત થઈ રહ્યો છે.ખાસ કરીને ઉભરતી પેઢીમાં વર્તમાન સરકાર સામે પ્રબળ રોષ જોવા મળી રહ્યો છે.

લોકશાહી દેશોમાં પ્રજાનો અવાજ જ મુખ્ય પરિબળ ગણી શકાય,પરંતુ ભારત સહિતના દેશોમાં પ્રજાનો અવાજ સંભાળવાના બદલે તેમના અવાજને દબાવી દેવાનો મહત્તમ પ્રયાસ કરવામાં આવે છે.ભારતમાં તાજેતરમાં થયેલા આંદોલનો અને વિરોધ પ્રદર્શનોમાં આખરે સરકારે ઝૂકવું પડ્યું છે.સત્તાના મદમાં અહંકારી બનેલા શાસકો પોતાના નિર્ણયો થોપી દેવા માટે સામ,દામ,દંડ અને ભેદ નીતિનો પ્રયોગ કરે છે.પોલીસ અને પ્રસાશનનો એક બળ તરીકે ઉપયોગ કરીને જનમતને દબાવવાનો પ્રયાસ કરે છે.અંતે સરકારને ઝૂકવું પડે છે તે હકીકત છે.લોકશાહી દેશોમાં પ્રજાનું હિત જ સર્વોપરી હોય છે,આ મહામંત્રને કેન્દ્રમાં લાવીને સરકારે દમનકારી નીતિઓ છોડીને વાર્તાલાપ દ્વારા સમાધાનકારી ઉકેલ લાવવો જોઈએ.

**ભારત,યુરોપના અનેક દેશોમાં હાલમાં સત્તાવિરોધી લહેર અને આંદોલનો ચાલી રહ્યા છે.ખાસ કરીને યુવા વર્ગ સરકારી નીતિઓથી પરેશાન હોવાથી રોડ ઉપર આવીને દેખાવો કરી રહ્યા છે.યુવાઓના માનસ અને તેમની લાગણી અને માંગણીઓનો ઉકેલ લાવવો લોકતંત્રમાં વર્તમાન સરકાર સામે મોટો પડકાર છે.**

**[ વાત અને વિચાર ]**



# સવારે દિનેશ જાગ્યો ત્યારે ઘરનું દૃશ્ય જોઈને તેના પગ નીચેની જમીન સરકી ગઈ...



**[ ક્રાઈમ સ્ટોરી ]**

ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાના હસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ગંગાચોલી ગામમાં લગ્નમાં છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક મહિલાએ વચેટિયાઓ સાથે કાવતરું રચ્યું અને લગ્નની રાત્રે તેના પતિને શામક દવા પીવડાવી અને લાખોની કિંમતના દાગીના અને અન્ય વસ્તુઓ લઈને ગાયબ થઈ ગઈ. આ ઘટનાથી વિસ્તારમાં ભારે હોબાળો મચી ગયો છે અને પીડિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ગંગાચોલી ગામના રહેવાસી દિનેશ કુમાર બુધવારે સાંજે પોલીસ સ્ટેશન પહોંચ્યા અને પોલીસને પોતાની સાથે બનેલી ઘટના જણાવી. દિનેશએ પોલીસને જણાવ્યું કે ૧૯ ઓક્ટોબરે તેણે પડોશી ગામની બે બાળકોની માતા સાથે ખૂબ જ ધામધૂમથી લગ્ન કર્યા હતા. આ પુરુષનું પહેલું લગ્ન હતું, જ્યારે સ્ત્રીનું બીજું.

લગ્ન પહેલાં, તેને ખાતરી આપવામાં આવી હતી કે સ્ત્રીના પહેલા પતિનું અવસાન થયું છે. દિનેશે કન્યાનું ખૂબ જ અપેક્ષાઓ અને ધામધૂમથી પોતાના ઘરમાં સ્વાગત કર્યું, તેને કિંમતી સોના-ચાંદીના દાગીના ભેટ આપ્યા. ખુશીની આ યાત્રા ટૂંકી સાબિત થઈ. દિનેશના જણાવ્યા મુજબ, લગ્નની પહેલી જ રાત્રે, દુલ્હને તેને સૂતા પહેલા નશીલા પદાર્થોથી ભરેલું દૂધ આપ્યું. દિનેશ દૂધ પીતા જ તે ગાઢ નિદ્રામાં સરી પડ્યો.

આ તકનો લાભ લઈને, ચાલાક દુલ્હન રાત્રે ઘરમાંથી ભાગી ગઈ, લગભગ પાંચ લાખ રૂપિયા અને દસ હજાર રૂપિયાના સોના-ચાંદીના દાગીના લઈ ગઈ. આઘાતજનક રીતે, મહિલા પોતાની સાથે લાવેલા બે બાળકોને પણ લઈ ગઈ. સવારે દિનેશ જાગ્યો ત્યારે ઘરનો સામાન વેરવિખેર અને દુલ્હન ગુમ થઈ ગઈ ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી. ગભરાઈને, દિનેશ તરત જ તેના સાસરિયાના ઘરે દોડી ગયો, જ્યાં તેને મળેલી સત્યતાએ તેને ભાંગી નાખ્યો.

તપાસમાં બહાર આવ્યું કે મહિલાનો પહેલો પતિ મૃત્યુ પામ્યો ન હતો, પરંતુ જીવતો હતો. મહિલા અને વચેટિયાઓએ સુનિયોજિત કાવતરાના ભાગ રૂપે આ છેતરપિંડી કરવાનું કાવતરું ઘડ્યું હતું. હાલમાં, પોલીસ સમગ્ર મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે અને આરોપીની શોધ કરી રહી છે. સીઓ પંકજ કુમાર ત્યાગીએ જણાવ્યું કે કેસની તપાસ ચાલી રહી છે.

**લૂંટેરી દુલ્હનના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે,આ કેસમાં પરણિત મહિલાએ પોતાનો પતિ અને સંતાનો હયાત હોવા છતાં બાજુના ગામમાં રહેતા યુવક સાથે લગ્ન કર્યા અને સુહાગરાતે પતિને બેભાન બનાવી લાખો રૂપિયાના ઘરેણાં અને સામાન લઈને ફરાર થઈ ગઈ**

# પંજાબમાં નશાનો નાશ કરવાની ભાજપની નેમ

પંજાબ, જે ક્યારેક પોતાની હરિયાળી ક્રાંતિ, સમૃદ્ધ સંસ્કૃતિ અને બહાદુરી માટે ઓળખાતું હતું, તે છેલ્લા કેટલાક દાયકાઓથી નશાની વ્યાપક સમસ્યા, વધતી જતી હિંસા અને તેમાં સંડોવાયેલા રાજકીય સમીકરણોને કારણે ચર્ચામાં રહ્યું છે. આ ત્રણેય પરિબળોએ મળીને પંજાબની સુરક્ષા અને યુવાધન સામે મોટો પડકાર ઊભો કર્યો છે.

પંજાબમાં ડ્રગ્સની સમસ્યા માત્ર એક કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન નથી, પણ તે એક મોટું સામાજિક સંકટ બની ગયું છે. પંજાબ પાકિસ્તાનની સરહદની નજીક આવેલું છે. આંતરરાષ્ટ્રીય સરહદ પારથી 'ગોલ્ડન ક્રેસન્ટ' (અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઈરાન) વિસ્તારમાંથી ડ્રોન, હેરોઈન અને અન્ય નશીલા પદાર્થોની હેરાફેરી મોટા પ્રમાણમાં થાય છે.માત્ર અફીણ કે હેરોઈન જ નહીં, પરંતુ ફાર્માસ્યુટિકલ ડ્રગ્સ (ગોળીઓ અને ઈન્જેક્શન્સ) નો ઉપયોગ પણ પંજાબના યુવાનોમાં ખૂબ વધ્યો છે, જે સસ્તા હોવાને કારણે સરળતાથી મળી રહે છે. બેરોજગારી અને ખેતીની બદલાતી પરિસ્થિતિઓને કારણે નિરાશ થયેલા યુવાનો નશાની લતનો શિકાર બન્યા છે. આના કારણે અનેક ઘરો બરબાદ થયા છે અને પેઢીઓની પેઢીઓ પ્રભાવિત થઈ છે.

નશાના ગેરકાયદેસર વેપાર અને સત્તાની લાલસાએ પંજાબમાં ગેંગસ્ટર સંસ્કૃતિ અને ક્રાઈમ સિન્ડિકેટને જન્મ આપ્યો છે. ડ્રગ્સના વેપારથી મળતી કરોડો રૂપિયાની કાળી કમાણી ગેંગસ્ટરો અને અપરાધીઓને ફંડિંગ પૂરું પાડે છે. આ નાણાકીય બળના જોરે હથિયારોની હેરાફેરી અને સોપારી લઈને હત્યા કરાવવાનું પ્રમાણ વધ્યું છે. પંજાબમાં ગેંગસ્ટર જૂથો વચ્ચેની દુશ્મનાવટ ઉપરાંત સેલિબ્રિટીઝ, ગાયકો (જેવા કે સિદ્ધુ મૂસેવાલાની હત્યા), ધાર્મિક કે રાજકીય નેતાઓ અને વિરોધીઓ પર હુમલાની ઘટનાઓએ રાજયની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કર્યા છે. વેપારીઓ અને મોટા ઉદ્યોગપતિઓ પાસેથી ખંડણી વસૂલવી અને જો ના પાડે તો જીવલેણ હુમલા કરવા એ અસામાજિક તત્વોનું સામાન્ય હથિયાર બની ગયું છે.

**[ રાજકારણ ]**

પંજાબમાં ડ્રગ્સ અને હિંસાના મૂળ રાજકીય સંરક્ષણ વગર આટલા ઊંડા જઈ શકે નહીં. રાજકારણ અને અપરાધ વચ્ચેના સંબંધોએ આ સમસ્યાને નાથવામાં સૌથી મોટો અવરોધ ઉભો કર્યો છે. ડ્રગ્સના ગેરકાયદેસર વેપારમાંથી મળતું કાળું નાણું ઘણીવાર ચૂંટણી પ્રચાર અને રાજકીય પક્ષોના ફંડિંગમાં વપરાય છે. બદલામાં, અપરાધીઓ અને ડ્રગ્સના મોટા સોદામારોને રાજકીય રક્ષણ મળે છે. ગામડાઓ અને શહેરોમાં ડ્રગ્સ વેચતા નાના-મોટા પેડલર્સ ઘણીવાર સ્થાનિક રાજકીય નેતાઓ કે પક્ષોના સમર્થનથી કામ કરતા હોય છે, જેના કારણે પોલીસ કાર્યવાહીમાં પણ અવરોધો ઊભા થાય છે. પંજાબની લગભગ તમામ મુખ્ય રાજકીય પાર્ટીઓ (કોંગ્રેસ, અકાલી દલ, આપ) એકબીજા પર ડ્રગ્ઝ માફિયાઓને આશરો આપવાના આરોપો લગાવતી રહી છે. પરંતુ સત્તામાં આવ્યા બાદ પણ આ સમસ્યાનું મૂળમાંથી નિવારણ લાવવું દરેક સરકાર માટે પડકારજનક સાબિત થયું છે.

પંજાબમાં નશો, હત્યા અને રાજકારણનું આ દુષણ રાજ્યની પ્રગતિની રાહમાં સૌથી મોટો કાંટો છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે માત્ર પોલીસ કાર્યવાહી કે ગેંગસ્ટરો સામે એનકાઉન્ટર પૂરતા નથી, પરંતુ રાજકીય ઈચ્છાશક્તિ જરૂરી છે. રાજકારણીઓએ ડ્રગ્ઝ માફિયાઓ સાથેના સંબંધો તોડીને નિષ્પક્ષ રીતે કડક કાર્યવાહી કરવી પડશે. યુવાનોને રમતગમત, શિક્ષણ અને રોજગારી તરફ વાળવા પડશે જેથી તેઓ નશા કે અપરાધની દુનિયાથી દૂર રહે.

ડ્રોન અને સરહદ પારથી થતી હેરાફેરીને રોકવા માટે આધુનિક ટેકનોલોજી અને ગુપ્તચર તંત્રને વધુ મજબૂત બનાવવું પડશે.

પંજાબને ફરીથી 'રંગલા પંજાબ' બનાવવા માટે સમાજ, સુરક્ષા દળો અને રાજકારણે પક્ષીય સીમાઓથી ઉપર ઉઠીને સંયુક્ત લડાઈ લડવી પડશે.પંજાબ વિધાનસભાની ચૂંટણી માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નશા મુક્ત પંજાબના સૂત્ર સાથે ચૂંટણી કેમ્પેઈનનો પ્રારંભ કરી દીધો છે.ભાજપના આ પ્રયાસને કેવું સમર્થન મળે છે તે જોવું રહ્યું.

**પંજાબમાં ડ્રગ્સ (નશા)નો કારોબાર, ગુનાખોરી (હત્યાઓ) અને રાજકારણ વચ્ચેનું ત્રિભેદ એક ખૂબ જ ગંભીર, સંવેદનશીલ અને લાંબો ઈતિહાસ ધરાવતો વિષય છે. આ ત્રણેય પરિબળો એકબીજા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે, જેણે પંજાબની સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિરતા પર ઊંડી અસર કરી છે.ભાજપે પંજાબની ચૂંટણીમાં આ મુદ્દાને કેન્દ્રમાં રાખીને તેની રણનીતિ અમલમાં મૂકી છે.**




# રહસ્યમય જીવે સર્જ્યું કુતૂહલ



અમેરિકા-મેક્સિકો સરહદ પર ઓટોમેટિક કેમેરામાં કેદ થયેલી રહસ્યમય જીવની તસવીરો વાઈરલ થઈ રહી છે. મેક્સિકોના ચિહુઆહુઆ રાજ્યમાં આવેલા 'વેલી ઓફ જુઆરેઝ' વિસ્તારમાં એક રહસ્યમય જીવને દીવાલ પર ચઢતો જોવા મળ્યો હતો. આ તસવીરો વૈજ્ઞાનિક સમુદાયમાં એક નવી ચર્ચા જગાવી છે. જ્યારે ે઼ર્ફ્ નિષ્ણાત જેમે મૌસાનનો દાવો છે કે આ કોઈ સામાન્ય પ્રાણી નથી પરંતુ એક અજાણ્યો શિકારી જીવ જેવો છે જે પૃથ્વી પર અગાઉ ક્યારેય જોવા નથી મળ્યો.ે઼ર્ફ્ સંશોધક જેમે મૌસન અને તેમની ટીમે ૧૭ ઓક્ટોબરે આ તસવીરો જાહેર કરી હતી. તેમણે દાવો કર્યો છે કે તસવીરોમાં દેખાતો આ જીવ પૃથ્વી પર જોવા મળતા કોઈપણ જાણીતા પ્રાણીથી તદ્દન અલગ હોઈ શકે છે. તેમની ટીમના મતે આ કોઈ અજાણ્યો શિકારી જીવ હોઈ શકે છે.જેમે મૌસને સૂચવ્યું કે આ કદાચ કોઈ એલિયન ન હોય પરંતુ અન્ય કોઈ સ્થળેથી આવેલો જીવ હોઈ શકે છે. તેમણે કહ્યું કે આ જીવ કયાથી આવ્યો અને કેવી રીતે આવ્યો તે એક મોટું રહસ્ય છે.તેમજ તસવીરમાં દેખાતો જીવ મોટો છે અને તેનો રંગ આછા પીળા સફેદ જેવો છે. તેની કુલ લંબાઈ લગભગ ૬ ફૂટ હોવાનું જણાવવામાં આવ્યું છે. તેના પગ ખૂબ જ મજબૂત અને સુસ્પષ્ટ દેખાય છે. જ્યારે તેની પૂંછડી લગભગ ૩ ફૂટ લાંબી હોવાનું કહેવાય છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભા | ણે | સ | સા | ત | ચા | જ | કા | ડી | ણિ | ગ | બં |
| ણ | તી | ર | આ | ભ | દ | સ | ઐ | ક | ળ | મ | અ |
| ડો | મ | ગ | પ્રા | મ | ક્રો | ળ | ળ | લી | વિ | વા | કા |
| ઈ | અ | મા | ળ | રો | મ | લી | ર | દ | અ | આ | સા |
| પ્ર | ણિ | ભો | બૂ | સા | ઊ | હિ | શિ | વા | કા | બ | ગ |
| ક | અ | ક્રો | ર | ક | ચી | આ | મા | સ | ઔ | ગ | શિ |
| ફ | ણિ | બૂ | ળ | લ | મો | કા | ફુ | ધ | રી | દ | વા |
| સ | શ | ત | ણ | ધ | સા | લ | કા | જી | ક | સા | બ |
| ચી | કા | ણ | ધ | ન | રા | બા | બ | ફ | પ્ર | ગી | કા |
| બૂ | પ્ર | ધ | રો | આ | દ | ક | ર | સા | રી | હિ | દ |
| ક | ઇ | વા | સ | દ | બં | જ | દ | ત | પ્ર | મા | દ |
| બ | રા | બ | ર | બા | દ | બા | કી | આ | શિ | મા | વિ |

**શબ્દ શોધો:** પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# સંસારસાગરને તરવાનો સરળ ઉપાય એટલે ક્રિયાયોગ



**જ્ઞાનયોગ એટલે આત્માની સાથે ચિત્તની એકાગ્રતા અને ક્રિયાયોગ એટલે મૂર્તિની સેવા વગેરે કર્મ.આ બન્ને યોગ મોક્ષ આપનાર છે.પ્રથમ ક્રિયાયોગ જરૂરી છે, જ્યાં સુધી ક્રિયાયોગમાં મનુષ્ય નિપુણ થતો નથી ત્યાં સુધી યોગ પણ સિદ્ધ થતો નથી**

આ સમગ્ર વિશ્વ કામ,ક્રોધ,લોભ,મોહ વગેરે દોષથી યુક્ત છે,આથી તેમાં હજારો દુઃખ રહેલા છે.સંસાર સાગરમાં ડૂબેલા એવા અજ્ઞાનીજનોનો ઉદ્ધાર કંઈ રીતે થાય.માતા પાર્વતીજીએ આ પ્રકારે ભગવાન શિવને પ્રશ્ન કરી મનુષ્યના ઉદ્ધાર માટે ઉત્તમ ઉપાય જાણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.ભગવાન શિવે યોગસાધના અને ભક્તિનો માર્ગ સુચવ્યો હતો.ભગવાન શિવ કહે છે : હે દેવી,મુક્તિની કામના રાખનાર વિદ્વાને આ દેહની અંદર રહેલા પરમાત્માનું ધ્યાન કરવું.આ જ્ઞાનથી મનુષ્ય સંસારબંધનમાંથી મુકાય છે.આ મારું અને આ પારકું,આવી રીતનો જે ભ્રમ તે દુઃખ આપનાર છે.માટે મારુ કશું છે નહી તે પ્રકારની બુદ્ધિ મોક્ષ આપનારી છે.જેને પોતાના દેહ ઉપર મોહ નથી તેને કોઈ બાબત બંધનરૂપ થતી નથી.આ પાશુપત યોગ કહેવાય છે.

**[ ધર્મ દર્શન ]**

રાગ આદિ દોષને મનુષ્ય જન્માન્તરમાં પણ જીતી શકતા નથી.સત્ય,દ્વાપર અને ત્રેતા યુગમાં પણ મનુષ્યો અલ્પજીવી હતા ત્યારે કળિયુગની તો વાત કેમ થાય. આમ છતાં સંસારરૂપી સમુદ્રને પાર થઈ શકાય તેવો ઉપાય છે ક્રિયાયોગ.ચિત્તની એકાગ્રતા વગર ક્રિયાયોગ સંભવ નથી.આ ક્રિયાયોગ એટલે બાહ્ય મૂર્તિની પૂજા વગેરે કર્મ. સર્વ કર્મમાં પ્રથમ ક્રિયાયોગ કહ્યો છે,મનુષ્ય ક્રિયાયોગ વગર આગળ પગલું ભરી શકતો નથી.ભક્તોએ મનને દૃઢ કરી પરમાત્માની પૂજામાં તત્પર રહેવું.

પરમાત્મા શિવની ભક્તિ,તેમના ઉપર પ્રીતિ,પરમાત્મા સંબંધી કર્મ,પરમાત્માનો આશ્રય,શિવનો મંત્ર જપ,પૂજા, ચિંતન,મનન,હિંસાથી દૂર રહી પરમાત્માનું ધ્યાન કરનાર સાધક સિદ્ધિ મેળવે છે.

જ્ઞાનયોગ એટલે આત્માની સાથે ચિત્તની એકાગ્રતા અને ક્રિયાયોગ એટલે મૂર્તિની સેવા વગેરે કર્મ.આ બન્ને યોગ મોક્ષ આપનાર છે.પ્રથમ ક્રિયાયોગ જરૂરી છે, જ્યાં સુધી ક્રિયાયોગમાં મનુષ્ય નિપુણ થતો નથી ત્યાં સુધી યોગ પણ સિદ્ધ થતો નથી.જે રીતે વનની સાથે રહેલો અગ્નિ તૃણ વગેરેને બાળી નાખે છે તેવી રીતે શિવલિંગ ઉપર કરેલો ભાવ દેહના સમગ્ર પાતકનો નાશ કરે છે.આ કર્મભૂમિ છે તેમાં મનુષ્યનો જન્મ ઘણા કષ્ટથી આવે છે.જો ખરી ભક્તિ ન હોય તો નવા આભૂષણ,રત્ન, વસ્ત્ર અને સુવર્ણ થકી પણ ભગવાન શિવ પ્રસન્ન થતા નથી.આ કર્મભૂમિમાં જન્મ લઈને જે મનુષ્ય શિવનું પૂજન કરતો નથી તેનો જન્મારો નિષ્ફળ જાણવો.

# એશિયા પેસિફિક યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભારતનો ડંકો

## સુરતના ગુરુકુલના શુભમ પટોળિયા જુનિયર બોયઝ વિભાગમાં 'ચેમ્પિયન ઓફ ધ ચેમ્પિયન્સ' બન્યા : ગોલ્ડ મેડલ અને ટ્રોફી જીતી ભારત, ગુજરાત અને સુરતને અપાવ્યું ગૌરવ: શુભમે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ પણ મેળવેલો છે



સુરત, ભારતીય સંસ્કૃતિ અને યોગપરંપરાનો આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધારતી સિદ્ધિમાં સુરતના શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના વિદ્યાર્થી શુભમ દિપકભાઈ પટોળિયાએ શાનદાર સફળતા મેળવી છે થાઈલેન્ડની રાજધાની બેંગકોક ખાતે યોજાયેલ ૪રેં રૂજીહ્ન છજૈઙ્ઘ ઙ્ઘજૈકૈજ ર્ઈજ્ઞઙ્ઘજઙ્ઘહ જૅજિ ઝરઙ્ઘંદ્બહજર્ૈ એશિયા પેસિફિક યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ–૨૦૨૬માં શુભમે જુનિયર બોયઝ વિભાગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને 'ચેમ્પિયન ઓફ ધ ચેમ્પિયન્સ'નો ખિતાબ મેળવ્યો હતો. આ સાથે તેણે એક ગોલ્ડ મેડલ અને ટ્રોફી જીતીને ભારત, ગુજરાત અને સુરતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે.બેંગકોક ખાતે યોજાયેલી આ યોગાસન સ્પર્ધામાં ભારત સહિત થાઈલેન્ડ, મલેશિયા, શ્રીલંકા, વિયેતનામ, ચીન, બાંગ્લાદેશ, હોંગકોંગ, મકાઉ, સિંગાપોર, ઈન્ડોનેશિયા અને મંગોલિયા સહિતના દેશો તથા પ્રદેશોના યોગસ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ ૭૪ ખેલાડીઓની ટીમ પસંદ કરવામાં આવી હતી. આ ટીમમાં ગુજરાતના પાંચ ખેલાડીઓનો સમાવેશ થયો હતો, જેમાંથી ચાર ખેલાડીઓ સુરતના હતા. કોચશ્રી રવિભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ સઘન મહેનત અને નિયમિત અભ્યાસ દ્વારા સ્પર્ધા માટે તૈયારી કરી હતી.જુનિયર બોયઝ વિભાગમાં 'ચેમ્પિયન ઓફ ધ ચેમ્પિયન્સ' બનવા માટે આશરે ૨૫૦ ખેલાડીઓ વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. તેમાં સુરતના વેડરોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના વિદ્યાર્થી શુભમ દિપકભાઈ પટોળિયાએ પોતાના યોગકૌશલ્ય, એકાગ્રતા, શિસ્ત અને મહેનતના બળે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી હતી. તેમની આ સફળતાથી શાળા પરિવાર, વાલીઓ અને સુરતના રમતપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા ગુજરાતના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર શ્રી હર્ષભાઈ સંઘવી સાહેબ, સુરતના નાયબ પોલીસ કમિશનર, જીંઝ, શ્રી રાજદીપસિંહ નકુમ સાહેબ તેમજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના ગુરૂવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી મહંત સ્વામી, શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી, શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, શાળા સંચાલક શ્રી ભક્તિનયદાસજી તથા શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, આચાર્યશ્રી અરવિંદભાઈ ઠેસીયા, આચાર્યશ્રી ધર્મેશભાઈ સલીયા, યોગશિક્ષક શ્રી રવિ ચૌહાણ સાહેબ તથા શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ શુભમ પટોળીયાને ભારત, ગુજરાત, તથા સુરત અને ગુરુકુલનું ગૌરવ વધારવા બદલ સન્માનિત કરી ધન્યવાદ આપેલ

# સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટમાં ભવ્ય શરદોત્સવનું આયોજન

## તલવાર રાસ, કળિયુગમાં ધર્મરાજા રૂપક, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમા: દિવ્ય રાસોત્સવમાં સંતો, ભક્તો અને બાળકો જોડાશે

રાજકોટ: શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન દ્વારા દર વર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ તા. ૨૫/૧૦/૨૦૨૬, રવિવારના રોજ રાત્રે ૯ થી ૧૧ દરમિયાન ભવ્ય શરદોત્સવ અને દિવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

શરદોત્સવના આ પાવન અવસરે ભગવાનની ચાર આરતીઓ, ધૂન-કીર્તન, સંતોનું પૂજન, પ્રેરક પ્રવચનો તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભક્તિમય વાતાવરણનું નિર્માણ થશે. કાર્યક્રમમાં બાળકો દ્વારા ગુણાતીતાનંદ સ્વામીના પ્રેરક પ્રસંગોની રજૂઆત, યુવક મંડળના યુવાનો દ્વારા રમુજી અને સમજવા લાયક નાટક કળિયુગમાં ધર્મરાજા રૂપક રજુ થશે તેમજ રાજકોટ ગુરુકુલના વિદ્યાથીઓ દ્વારા તલવાર રાસ જેવા આકર્ષક કાર્યક્રમો યોજાશે.

આ પ્રસંગે પૂજ્ય ગુરુમહારાજ શ્રી દેવકૃષ્ણદાસ સ્વામી આશીર્વચન પાઠવશે અને પૂજ્ય મહંત સ્વામી શ્રી દેવપ્રસાદ સ્વામી તથા વડીલ સંતોના પ્રેરક સત્સંગ લાભ પણ ઉપસ્થિત ભક્તોને મળશે. સંતોના પ્રવચનો દ્વારા આધ્યાત્મિક જીવન, ભક્તિભાવ અને સદાચારના સંદેશ ઉપરાંત શરદ પૂર્ણિમાનું મહત્વ અને તેની ઉજવણી પાછળ રહેલું તાત્પર્ય સમજાવશે.

આ શરદપુનમમાં બધા ભક્તો લાભ લઈ શકે તે માટે દિવ્ય મહારાસનું વિશેષ આયોજન કરવામાં આવેલું છે. સામૂહિક રાસોત્સવમાં પ્રથમ વર્તુળમાં સંતો , દ્વિતીય વર્તુળમાં બાલ મંડળના બાળકો, તૃતીય વર્તુળમાં યુવક મંડળના યુવાનો, ચતુર્થ વર્તુળમાં હરિભક્તો અને પંચમ વર્તુળમાં ગુરુકુલના વિદ્યાર્થીઓ ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને અવનવા દાંડિયા સાથે જોડાશે. બહેનો અને યુવતીઓ માટે અલગ રાસની વ્યવસ્થા કરવામાં આવેલી છે. ઉત્સવના અંતે દૂધપૌવાનો પ્રસાદ પ્રાપ્ત થશે. શરદપૂર્ણિમાના આ પાવન પર્વે ભક્તિ, સંસ્કૃતિ અને પરંપરાના સમન્વય સમા આ શરદોત્સવમાં સૌ ભાવિક ભક્તજનોને ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

# નેધરલેન્ડ્સના માસ્ટ્રિક્ટમાં ભારતીય સમુદાય દ્વારા નવરાત્રીની ભક્તિભાવપૂર્વક ઉજવણી



રાજકોટ: માસ્ટ્રિક્ટ, નેધરલેન્ડ્સ: નેધરલેન્ડ્સના માસ્ટ્રિક્ટ શહેરમાં ભારતીય સમુદાય દ્વારા નવરાત્રી પર્વની ઉત્સાહભેર અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગુજરાતી પરિવારો સહિત વિવિધ ભારતીય સમુદાયના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.નવરાત્રીના પવિત્ર અવસરે માતાજીની આરાધના સાથે પરંપરાગત ગરબા અને રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, નવરાત્રીની ધાર્મિક પરંપરાને અનુરૂપ કન્યા પૂજન પણ કરવામાં આવ્યું હતું. કન્યા પૂજન દ્વારા માતૃશક્તિ પ્રત્યે આદર અને શ્રદ્ધાની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક મૂલ્યો અને પરંપરાઓને જીવંત રાખવાના હેતુથી યોજાયેલી આ ઉજવણીમાં ભક્તિ, આનંદ અને સામૂહિક એકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. વિવિધ ભારતીય પરિવારોની સહભાગિતાએ કાર્યક્રમને વધુ વિશેષ બનાવ્યો હતો.

# મોરબી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે જનકલ્યાણ અનેવિશ્વશાંતિની ભાવના સાથે યોજાયો 'વિશ્વશાંતિ મહાયજ્ઞ'

## દેશ અને વિદેશના કુલ ૫૦૦૦ જેટલા યજમાન ભક્તોએ આપી વિશ્વશાંતિ માટે આહુતિઓ





મોરબી

સિરામિક ઉદ્યોગક્ષેત્રે વિશ્વફલકે ચમકતી, મચ્છુના તટે મયુરનગરી મોરબીની ધરાને આંગણે મંદિરના પ્રેરણામૂર્તિ અને સર્જક પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો આરંભ થઈ ચૂક્યો છે. જે અંતર્ગત શુક્રવારે તા.૨૩/૧૦/૨૦૨૬ ના સુપ્રભાતે ૭:૩૦ કલાકે મંદિર પ્રાંગણમાં આવેલ વૈદિક યજ્ઞશાળામાં પવિત્ર સંતો અને વેદપાઠી બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે 'વિશ્વશાંતિ મહાયજ્ઞ'નો શુભારંભ થયો હતો. ભારત દેશ અને વિદેશના અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુ.એ.ઈ., સાઉથ આફ્રિકા, કેન્યા, ટાન્ઝાનિયા, યુગાન્ડા સહિતના દેશોમાંથી યજમાનોએ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં ભાગ લીધો હતો.

વિશેષ તો આફ્રિકા ખંડના વિવિધ દેશોમાંથી પધારેલ ૧૫૦ થી અધિક યજમાનો આજના વિશ્વશાંતિ મહાયજ્ઞમાં જોડાયા હતા. આજરોજ યોજાયેલ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં સંસ્થાના ષડ્દર્શનાચાર્ય વિદ્વાન સંત પૂજ્ય શ્રુતિપ્રકાશ સ્વામી જેઓ સંસ્થાના મુખ્ય ઉત્સવોમાં દેશ અને વિદેશમાં યોજાતા વિશાળ યજ્ઞના આયોજનની જવાબદારીઓ સંભાળતા હોય છે તેઓના માર્ગદર્શન મુજબ ૨૫ વેદપાઠી બ્રાહ્મણો દ્વારા યજ્ઞની સમગ્ર વિધિ સંપન્ન કરવામાં આવી હતી. પવિત્ર તીર્થસ્થાન ગોંડલ અક્ષરદેરીની અખંડ જ્યોતથી યજ્ઞકુંડની જ્યોતિ પ્રજ્વલલિત કરવામાં આવી હતી. વેદપાઠી બ્રાહ્મણોના વેદમંત્રોના ઉચ્ચારણો સાથે મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓ સમક્ષ યજમાનોએ જવ, તલ, ડાંગર, ઘી, સમિધ સહિતની આહુતિઓ યજ્ઞકુંડમાં અર્પણ કરી હતી.

આ મહાયજ્ઞમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજ ૯૩ વર્ષની જૈફ વયે પણ ઉપસ્થિત તમામ યજમાનોને લાભ આપવા યજ્ઞશાળામાં પધાર્યા હતા. પૂજ્ય સંતોએ સ્વામીશ્રીને ચાંદલો કરી, નાડાછડી બાંધી આવકાર્યા હતા. સ્વામીશ્રીએ મંચ પર બિરાજમાન તમામ મૂર્તિઓની આરતી ઉતારી, પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સ્વામીશ્રીએ આશીર્વચન વરસાવતા જણાવ્યું હતું કે, "આ યજ્ઞથી સર્વત્ર સુખ, શાંતિ અને ધર્મભાવના વધશે. તમામ યજમાનો તને,

મને અને ધને એમ સર્વ પ્રકારે સુખી થાવ એવી ભગવાનને પ્રાર્થના". અંતમાં સ્વામીશ્રી યજ્ઞમાં ઉપસ્થિત તમામ યજમાનોને દર્શનદાન આપવા પધાર્યા ત્યારે સમગ્ર યજ્ઞશાળાનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

# અમિતભાઈ શાહના જન્મદિવસે ડોલર કોટેચા દ્વારા વૃદ્ધાશ્રમમાં સેવાકાર્ય: ૧૫૦ વડીલોને જીવનજરૂરી વસ્તુઓ અને કપડાંનું વિતરણ કરાયું




રાજકોટ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે તેમના દીર્ઘાયુ, સ્વસ્થ અને સુખમય જીવન માટે વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરવાના હેતુથી ખેતી બેન્કના ચેરમેન ડોલર કોટેચા દ્વારા અમદાવાદના નારણપુરા સ્થિત 'જીવન સંધ્યા વૃદ્ધાશ્રમ' ખાતે વિશેષ સેવાકીય દાનકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું।

આ પ્રસંગે આશરે ૧૫૦ જેટલા વડીલોને કરિયાણાની ચીજવસ્તુઓ, તાજાં શાકભાજી, દૂધ તેમજ સાડીઓ અને કુરતા-પાયજામાનું વિતરણ કરવામાં આવ્યું હતું। આ સેવાકીય કાર્યક્રમમાં કર્ણાવતીના પ્રમુખ પ્રેરકભાઈ તથા અમદાવાદના મેયર હિતેશ બારોટ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા।

આ પ્રસંગે વાતચિત કરતા જણાવાયું હતું કે, "વડીલોના આશીર્વાદ એ અમૂલ્ય સંપત્તિ છો તેમના આશીર્વાદથી અમિતભાઈ શાહનું જીવન સ્વસ્થ, દીર્ઘાયુ અને સુખમય રહે તથા તેઓ નિરંતર દેશની સેવા કરતા રહે – એ જ પવિત્ર ભાવના સાથે આ સેવાકાર્ય કરવામાં આવ્યું છો"

અમિતભાઈ શાહના જન્મદિવસને આ પ્રકારે સેવાભાવ અને માનવતાના કાર્ય સાથે જોડીને ઉજવવામાં આવ્યો હતો।

# રાજકોટ બાર. એસો. દ્વારા ૨૫ વર્ષથી વધુ સમય વકીલાત કરનાર મહિલા ધારાશાસ્ત્રીઓના સન્માન કાર્યક્રમનું આયોજન

## એ-આઈ અને ડિજીટલ એવિડન્સ ઉપર લેક્ચર અપાશે: ૨૮ નવેમ્બરે કાર્યક્રમ યોજાશે

રાજકોટ, રાજકોટ બાર એસોસિએશન દ્વારા આ વર્ષ કાર્યક્રમની વણઝાર કરી દીધેલ છે બાર એસોસિએશનની મળી ગયેલ મિટિંગમાં પ્રમુખ સુમિત વોરા, સેક્રેટરી નિલેશ પટેલ, ઉપપ્રમુખ એસ કે જાડેજા, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા તથા લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ, ટ્રેઝર પ્રગતિ માકડીયા અને બાર કાઉન્સિલના મેમ્બર દિલીપ પટેલ તથા કારોબારી સભ્યો હાજરીની મીટીગ મા ૨૮/૧૧/૨૬ ના રોજ રાજકોટમાં ૨૫ વર્ષથી વકીલાત કરતા મહીલા ધારાશાસ્ત્રીઓને સન્માન આપવાનું નક્કી કરેલ છે.

આ કાર્યક્રમમાં ૨૫ વર્ષથી વધુ વકીલાત ક્ષેત્ર યોગદાન આપનાર મહિલા ધારાશાસ્ત્રીઓને મહીલાના કાયદાનુ સવા કલાકનુ લેકચર રાખવામા આવશે તથા નવા યુવા ધારાશાસ્ત્રીઓએ એ. આઈ તથા ડિજિટલ એવિડન્સના લેક્ચર રાખવા અને આવનાર દીવસોમા આ બે વીષય ઉપર અતિ મહત્વના સાબિત થનાર હોય આ તબબકે આ બંને વિષય ઉપર લેક્ચર રાખવા માટે રજૂઆત કરેલ હતી.

રાજકોટ બાર એસોસિએશન વકીલોની પડખે રહી અને કાર્યકર્તા હોય યુવા વકીલોની માંગણી અનુલક્ષીને વિષય એ.આઈ અને ડિજિટલ એવિડન્સના ઉપર લેક્ચણર રાખવાનું નક્કી કરેલ છે રાજકોટ બારની યુવા બ્રિગેટ કારોબારી મેમ્બર ભાર્ગવ પંડ્યાલ, સંજય ડાંગર, કલ્પેશ સાકરીયા, વિજય રૈયાણી, સ્તવન મહેતા, અશ્વિન રામાણી, દિપ વ્યાસ, મીનલ સોનપાલ, હિરલ જોશી, રક્ષાબેન ઉપાધ્યાય, નિશા લુણાગરિયા, હસમુખ સાગઠીયા સહીતના કાર્યક્રમ સફળ બનાવવા મહેનત કરી રહેલ છે ગુજરાતના ૨૮૨ બાર એસોસિએશન કરતા સૌથી વધુ જાગત અને વકીલોના પ્રશ્ન ને લડતા રાજકોટ બારની નામના બાર એસોસિએશનનાએ વધારી.રાજકોટ બારના પૂર્વ પ્રમુખ પરેશ મારું અને બાર કાઉન્સિલના મેમ્બર દિલીપ પટેલ આ કાર્યક્રમ અટલ બિહારી બાજપાઈ હોલ, પેડક રોડ, રાજકોટ ખાતે શનિવારે ૨૮/૧૧/૨૦૨૬ સવારે ૯:૩૦ થી ૨:૩૦ સુધી સેમિનાર તથા સન્માન કાર્યક્રમ રાખેલ છે

# રાજકોટ ઉમા સારથી ફાઉન્ડેશનનાં સ્થાપક જ્યોતિબેન ટીલવાનો આજે જન્મ દિવસ: શુભેચ્છા વર્ષા



રાજકોટ,રાજકોટનાં સામાજિક ક્ષેત્રે મહિલા સશક્તિકરણ, સમાજ ઉત્કર્ષ અને સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા આગવી ઓળખ ઊભી કરનારાં ઉમા સારથી ફાઉન્ડેશનનાં સ્થાપક શ્રી જ્યોતિબેન ટીલવાનો આજે જન્મ દિવસ હોય ઠેર ઠેરથી શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

જ્યોતિબેન ટીલવા વિવિધ સામાજિક અને મહિલા સંગઠનો સાથે જોડાઈને સેવાકાર્ય કરી રહ્યાં છે. તેઓ યુનિકોર્ન ફાઉન્ડેશન – વિમેન્સ બિઝનેસ નેટવર્ક એન્ડ એમ્પાવરમેન્ટનાં માધ્યમથી મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવાની દિશામાં સતત કાર્યરત છે. તેઓ પૂર્વ શ્રી ઉમિયા મહિલા સંગઠન સમિતિ, સિદસરનાં રાજકોટ મહિલા પ્રમુખ તરીકે તેમજ સરદારધામ યુવા તેજસ્વિનીનાં સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર અને ગુજરાત મંત્રી તરીકે જવાબદારી નિભાવી ચૂક્યાં છે. આ ઉપરાંત સરગમ ક્લબની એડવાઈઝરી કમિટીનાં સભ્ય તરીકે પણ તેઓ યોગદાન આપી રહ્યાં છે. પાટીદાર મહિલા આગેવાન તરીકે તેમણે મહિલા ઉત્કર્ષ અને સમાજના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ કાર્યો કર્યાં છે.

તેઓ દર વર્ષે આશરે ચારથી પાંચ બાળકોને અભ્યાસ માટે દત્તક લઈને તેમના શિક્ષણમાં સહયોગ આપે છે. જ્યોતિબેન ટીલવા સમાજસેવાને વધુ વ્યાપક બનાવવા માટે ભવિષ્યમાં 'ઉમા આર્મી' નામે કડવા પાટીદાર સમાજના યુવાનોનું એક સંગઠન ઊભું કરવાની દિશામાં પણ વિચાર કરી રહ્યાં છે.આજે તેમના જન્મદિવસ નિમિતે મો. ૬૩૫૩૦૮૧૧૦૮ ઉપર પરિચિતો, વિવિધ સંસ્થાના આગેવાનો, મહિલા આગેવાનો શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# જૂનાગઢમાં શ્રી સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ અને શક્તિ ગ્રુપનો નવરાત્રિ મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન





રાજકોટ: શ્રી સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ અને શક્તિ ગ્રુપ દ્વારા આયોજિત 'નવરાત્રિ મહોત્સવ જૂનાગઢ–૨૦૨૬' ભવ્ય રીતે સંપન્ન થયો હતો. નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે યોજાયેલા આ મહોત્સવમાં ખેલૈયાઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે ગરબા-રાસની રમઝટ બોલાવી હતી. ખેલૈયાઓનો અદભુત ઉત્સાહ, સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓનો સહયોગ તેમજ મહેમાનોની ઉપસ્થિતિએ સમગ્ર આયોજનને યાદગાર બનાવ્યું હતું.

દશેરાના પાવન દિવસે, તા. ૨૦/૧૦/૨૦૨૬ના રોજ યોજાયેલી મહોત્સવની મેગા ફાઈનલમાં ગરબા કિંગ તરીકે તેજસ સરવૈયા અને ગરબા ક્વીન તરીકે શ્વેતા જેઠવા વિજેતા બન્યાં હતાં. વિજેતાઓએ આ સિદ્ધિ મેળવી મહોત્સવમાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ સમગ્ર નવરાત્રિ મહોત્સવને સફળ બનાવવા માટે અલ્કેશભાઈ મુળીયા, રાહુલભાઈ ભાલીયા, અજયભાઈ બારૈયા, રૂપેશભાઈ ડાભી સહિત શક્તિ ગ્રુપના તમામ આયોજકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આયોજનને સફળ બનાવવા સહયોગ આપનાર દાતાશ્રીઓ, મહેમાનો, સમાજના આગેવાનો, કાર્યકર્તાઓ અને તમામ ખેલૈયાઓનો આયોજકો દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સમાજમાં એકતા, ભાઈચારો અને સાંસ્કૃતિક પરંપરાઓને જાળવી રાખવાના હેતુથી યોજાયેલો આ નવરાત્રિ મહોત્સવ આનંદ, ઉત્સાહ અને સામાજિક એકતાનો સંદેશ આપતો યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

આ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૬ના આયોજન માટે આયોજકોએ તમામ દાતાશ્રીઓ, મહેમાનો, સમાજના આગેવાનો, કાર્યકર્તાઓ અને ખેલૈયાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ અને શક્તિ ગ્રુપનો આ નવરાત્રિ મહોત્સવ સમાજમાં એકતા, ભાઈચારો અને સાંસ્કૃતિક પરંપરાઓને મજબૂત બનાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ બની રહ્યો હતો. ઉત્સાહ, સહકાર અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

# સ્વતંત્રતા સમયે સ્વામી ચિન્મયાનંદ જેવા સ્વપ્નદ્રષ્ટાઓના વિઝનને આજે દેશ પૂર્ણ કરી રહ્યો છે: પીએમ મોદી

## પીએમ મોદીએ સ્વામી ચિન્મયાનંદના હોલોગ્રાફિક અવતાર સાથે વાત કરી



નવીદિલ્હી,

નવી દિલ્હીમાં આયોજિત ચિન્મય અમૃત મહોત્સવ ગ્લોબલ કોન્ફરન્સમાં ૩૩ વર્ષ પહેલાં અવસાન પામેલા સ્વામી ચિન્મયાનંદના હોલોગ્રાફિક વર્ઝન સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વાત કરી. આ દરમિયાન તેમણે ૧૯૯૩માં આધ્યાત્મિક ગુરુ સાથેની તેમની મુલાકાતને પણ યાદ કરી. તેમણે કહ્યું, "મને તમને મળવાનું સૌભાગ્ય મળ્યું, અને આજે હું ઈચ્છું છું કે તમે મને જે કાર્યો પૂર્ણ કરવા માંગો છો તેના માટે આશીર્વાદ આપો." પીએમ મોદીને જવાબ આપતા, સ્વામી ચિન્મયાનંદના હોલોગ્રાફિક અવતારમાં તેમણે કહ્યું, "મને યાદ છે કે તમે ફેબ્રુઆરી ૧૯૯૩માં શિકાગોમાં વિશ્વ ધર્મ સંસદના શતાબ્દી સમારોહમાં મને આમંત્રણ આપવા માટે વડોદરા આવ્યા હતા. મેં તમને ત્યારે કહ્યું હતું કે હું હવે વૃદ્ધ છું. આ વૃદ્ધ અને બીમાર માણસ આટલી મોટી જવાબદારી ઉપાડી શકે નહીં. હવે હિન્દુ યુવાનોએ જવાબદારી સંભાળવી પડશે. તે જ વર્ષે, મેં આયોજકોને પણ આ જ વાત લખી હતી."

તેમણે આગળ કહ્યું, "મેં લખ્યું હતું કે આપણો સનાતન ધર્મ સત્યના એક ભવ્ય પ્રાચીન મંદિર જેવો છે. તેનો પાયો હવે ખૂબ જ મજબૂત છે. પરંતુ સદીઓથી તેની અવગણના કરવામાં આવી છે. હવે તેના પડી ગયેલા સ્તંભોને ફરીથી બનાવવાનું આપણું કાર્ય છે. આ માટે, આપણને દરેક જિલ્લામાં પ્રેરિત યુવાનોના નાના જૂથોની જરૂર છે, જે ઉત્સાહ અને નિશ્ચય સાથે કામ કરે. દરેક સમુદાયે પોતાના પ્રયાસોથી નેતૃત્વ કરવું જોઈએ. કોઈ પણ વ્યક્તિ એવું વિચારીને ખાલી બેસી ન શકે કે કોઈ વૃદ્ધ માણસ આવશે અને ચમત્કાર કરશે. આજે ભારતને જુઓ; હું ખૂબ ખુશ છું કે ૧૯૯૩ માં હું જે વ્યક્તિને મળ્યો હતો તે આજે ભારતના વડા પ્રધાન છે." સ્વામી ચિન્મયાનંદનો હોલોગ્રાફિક અવતાર ચાલુ રહ્યો, "હું તમારા માટે બધા ઋષિઓના આશીર્વાદ સ્વીકારું છું. પ્રધાનમંત્રીજી, યાદ રાખો કે ટોચ પર એક વ્યક્તિ એકલો છે. મેં ભક્તોને પ્રસાદ તરીકે શ્રીખંડ આપવા કહ્યું છે. કૃપા કરીને તે ખાઓ. આજે ઉપવાસ કરી રહ્યા છો એમ ન કહો. ભારત તમારી સાથે છે, પીએમ મોદીએ આ પ્રસંગને એક અનોખો આધ્યાત્મિક અનુભવ ગણાવ્યો અને સંતોનો તેમના આશીર્વાદ માટે આભાર માન્યો.

# ભારત-ભૂટાન સરહદ પર બાયોમેટ્રિક ક્લિયરન્સ સાથેનું નવું ઈ-ગેટ ટર્મિનલ સ્થપાયું

## નાગરિકો ગેલેફુ ખાતે ભારત-ભૂટાન સરહદ પર બાયોમેટ્રિક ચકાસણીનો ઉપયોગ કરીને ઈમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી શકશે

થીમ્પુ,

ભૂટાનના નવા પ્રવેશદ્વાર, 'ગેલેફુ માઈન્ડફુલનેસ સિટી' (GMC) એ તેનું નવું ઈમિગ્રેશન ટર્મિનલ શરૂ કર્યું છે. આ ટર્મિનલમાં સ્વચાલિત 'ઈ-ગેટ્સ' (e-gates) ની સુવિધા આપવામાં આવી છે, જેના દ્વારા પાત્ર ભૂટાનના અને ભારતના નાગરિકો ગેલેફુ ખાતે ભારત-ભૂટાન સરહદ પર બાયોમેટ્રિક ચકાસણીનો ઉપયોગ કરીને ઈમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. GMC ના ગવર્નર, ડેશો ડૉ. લોટે શેરિંગે એક સમારોહમાં આ ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું હતું, જેમાં વિવિધ અધિકારીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ટર્મિનલ એ માળખાકીય સુવિધાઓનો એક ભાગ છે જે GMC ના વિકાસ સાથે તૈયાર કરવામાં આવી રહી છે. તે ગેલેફુ અને ભારત વચ્ચે અવરજવર કરતા લોકોની વધતી જતી સંખ્યા માટે મદદરૂપ થશે.

સમારોહમાં બોલતા ગવર્નરે કહ્યું: "આ ટર્મિનલ માત્ર એક ભૌતિક માળખું નથી. તે સરહદ પારની અવરજવરના રેકોર્ડ રાખવામાં અને સુરક્ષાને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તે આપણને સરહદ પાર કરતા લોકોની અવરજવર પર વધુ સારી રીતે દેખરેખ રાખવામાં પણ મદદ કરશે."

ગવર્નર ડેશો ડૉ. લોટે શેરિંગના જણાવ્યા અનુસાર, એક સામાન્ય સેવા શુલ્ક (service fee) લાગુ કરવામાં આવશે. ગવર્નરે કહ્યું, "અમે સમજીએ છીએ કે આ શુલ્ક લાગુ કરવાના નિર્ણયને કદાચ દરેક જણ આવકારે નહીં. જો કે, ગુણવત્તાયુક્ત સુવિધાઓ જાળવી રાખવા અને કાર્યક્ષમ સેવાઓ પૂરી પાડવા માટે સંસાધનોની જરૂર હોય છે.

# સીજેપી નેતાઓ સૌરવ દાસ, આશુતોષ રાંકા ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થયા

નવી દિલ્હી,

શુક્રવારે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકા દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થયા હતા. ૧૩ ઓક્ટોબરે જંતર-મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શનના સંબંધમાં પૂછપરછ માટે દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે સૌરવ દાસ અને આશુતોષ રાંકાને સમન્સ પાઠવ્યા હતા, પરંતુ તેમણે વધુ સમયની માંગણી કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ બે નેતાઓને સમન્સ પાઠવ્યા હતા, જેમને બુધવારે શાંતિ ભંગ ન કરવાની લેખિત બાંહેધરી આપ્યા બાદ મુક્ત કરવામાં આવ્યા હતા. તેમની સામે ૧૩ ઓક્ટોબરે જંતર-મંતર ખાતે કથિત રીતે ગેરકાયદે પ્રવેશ કરવા અને સરકારી કર્મચારીઓના કામમાં અવરોધ ઊભો કરવા બદલ બે અલગ-અલગ કેસ નોંધવામાં આવ્યા હતા.

સૌરવ દાસ અને આશુતોષ રાંકાએ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થવા માટે વધુ સમય માંગ્યો તાજેતરમાં, બંને કેસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યા હતા. દાસ અને રાંકાએ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થવા માટે વધુ સમય માંગ્યો હતો. આ બે નેતાઓને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ૫૦,૦૦૦ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ અને જામીન બોન્ડ જમા કરાવવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો. સીજેપીના વિરોધ પ્રદર્શનના સંબંધમાં અટકાયત કરાયા બાદ, આ બે નેતાઓને શરૂઆતમાં ૧૪ ઓક્ટોબરે પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં (જેલ હવાલે) મોકલવામાં આવ્યા હતા.

# નેતન્યાહૂએ વડાપ્રધાન મોદીને ઈઝરાયેલના સ્વતંત્રતા દિવસ નિમિત્તે સ્મિત મચ્છર સાથે મશાલ પ્રગટાવવા આમંત્રણ આપ્યું

## અમે પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું: પીએમ મોદી



નવી દિલ્હી/જેરુસલેમ,

ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પીએમ મોદી સાથે ફોન પર વાત કરી અને તેમને ભારતીય પાઈલટ સ્મિત મચ્છર સાથે ઈઝરાયલના સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું, જેમને તેમણે વીર ગણાવ્યા. ઠ પર એક પોસ્ટમાં, નેતન્યાહૂએ કહ્યું કે પીએમ મોદીએ આમંત્રણ બદલ તેમનો આભાર માન્યો અને બંને દેશો વચ્ચેના ગાઢ આતંકવાદ વિરોધી સહયોગ પર પ્રકાશ પાડ્યો. ભારત અને ઈઝરાયલ સાથે મળીને આતંકવાદ સામે લડી રહ્યા છે: પીએમ મોદીએ નેતન્યાહૂને કહ્યું ''મેં મારા મિત્ર, ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી અને તેમને ઈઝરાયલના સ્વતંત્રતા દિવસ પર એક બહાદુર ભારતીય પાઈલટ સાથે મશાલ પ્રગટાવવા આમંત્રણ આપ્યું. પીએમ મોદીએ આમંત્રણ બદલ મારો આભાર માન્યો અને કહ્યું કે જમીન અને હવામાં, ભારત અને ઈઝરાયલ સાથે મળીને આતંકવાદ સામે લડી રહ્યા છે. તેમણે અમારી વચ્ચેના મજબૂત અને દાયકાઓ જૂના સંબંધોની પણ પ્રશંસા કરી. તેમણે અમારી વચ્ચેના હિંમતવાન અને લાંબા સમયથી ચાલતા સંબંધો માટે પ્રશંસા વ્યક્ત કરી,'' નેતન્યાહૂએ કહ્યું. અમે પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું: પીએમ મોદી

બીજી બાજુ, પીએમ મોદીએ કહ્યું કે તેમને ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂનો ફોન આવ્યો. "અમે અમારા દ્વિપક્ષીય સંબંધોમાં સતત ગતિની સમીક્ષા કરી અને અમારી ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરી.

# ભારતીય ખેલાડીઓના શાનદાર પ્રદર્શનથી સુવર્ણ ચંદ્રકોની સંખ્યામાં વધારો

નવી દિલ્હી

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, પેરા એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન ચાલુ છે. નીતેશ કુમાર અને નવીન શિવકુમારે પુરુષ સિંગલ્સ બેડમિન્ટન ફાઈનલમાં અનુક્રમે જીન્૩ અને જીન્૪ કેટેગરીમાં ભારત માટે સુવર્ણ ચંદ્રક (ગોલ્ડ મેડલ) જીત્યા છે.

ફાઈનલ મુકાબલામાં નીતેશ કુમારનો સામનો તેમના જ દેશના પ્રમોદ ભગત સામે થયો હતો. પેરાલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતી ચૂકેલા આ બે ખેલાડીઓ વચ્ચેની આ ટક્કરમાં નીતેશ કુમારે ૨૧-૧૮, ૨૧-૧૬થી વિજય મેળવ્યો હતો. મેચ બાદ નીતેશ કુમારે પોતાના સુવર્ણ ચંદ્રક વિજય વિશે વાત કરી અને અન્ય ઘણા ચંદ્રકોની જીત વચ્ચે આ જીતથી તેઓ કેટલા ખુશ છે તે વ્યક્ત કર્યું.

મીડિયા સુત્રોના અહેવાલ મુજબ, નીતેશ કુમારે કહ્યું, "એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતીને ખૂબ જ આનંદ થયો છે. ગત વખતે હું જીતની ખૂબ નજીક હતો; ત્રીજા સેટમાં હું ૧૯-૧૬થી આગળ હતો, પરંતુ અંતે હારી ગયો હતો. તેથી આ વખતે જીત મેળવવી અને તે પણ પ્રમોદ સામે સીધા બે સેટમાં વિજય મેળવવો, તે ખરેખર ખૂબ જ ખાસ છે. મને લાગે છે કે આવી ઘટના ખૂબ જ દુર્લભ છે."

બીજી તરફ, પ્રમોદ ભગત, જેમણે રજત ચંદ્રક (સિલ્વર મેડલ)થી સંતોષ માનવો પડ્યો, તેઓ ખૂબ નિરાશ હતા. તેમણે જણાવ્યું કે તેઓ વધુ એક સુવર્ણ ચંદ્રક જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતર્યા હતા, પરંતુ તેમને બીજા સ્થાને રહેવું પડ્યું.

# ઓસ્ટ્રેલિયા ૩૧ ઓક્ટોબરથી વિઝા નામંજૂર કરવા અને રદ કરવાના નિયમો કડક બનાવશે

## ઓસ્ટ્રેલિયા સરકાર ઉગ્રવાદ અને નફરતના ફેલાવા પર વધારાનું ધ્યાન કેન્દ્રિત કરશે

ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયા ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી ચારિત્ર્યના આધારે વિઝા નકારવા અથવા રદ કરવા માટે કડક નિયમો અપનાવશે, જેમાં સમુદાય સલામતી, નફરત-સંબંધિત આચરણ અને ઘરેલુ હિંસા પર વધુ ભાર મૂકવામાં આવશે, જ્યારે વ્યક્તિના દેશ સાથેના સંબંધોને ઓછું મહત્વ આપવામાં આવશે.

આ ફેરફારો ઓસ્ટ્રેલિયન ઈમિગ્રેશન અધિકારીઓ બિન-નાગરિકોને સંડોવતા કેસોનું મૂલ્યાંકન કેવી રીતે કરશે તેના પર અસર કરશે જેમના વર્તનથી દેશમાં પ્રવેશવા અથવા રહેવાની તેમની લાયકાત અંગે ચિંતા ઉભી થાય છે. અપડેટ કરેલ માળખું સ્થળાંતર કાયદાઓનું પાલન અને પીડિતો અને બાળકોના રક્ષણ પર પણ વધુ ભાર મૂકશે.

મીડિયા સૂત્રોના જણાવ્યા અનુસાર, નિર્ણય લેનારાઓ ઓસ્ટ્રેલિયન સમુદાયના રક્ષણને વધુ ભાર આપશે અને વ્યક્તિઓ પર વિઝા નકારવા અથવા રદ કરવાની અસર, ઓસ્ટ્રેલિયા અને સ્થાનિક વ્યવસાયો સાથેના તેમના જોડાણોને ઓછો વિચારણા કરશે.

સુધારેલા અભિગમમાં દ્વેષપૂર્ણ ગુનાઓ, દ્વેષપૂર્ણ ભાષણ, હિંસા ઉશ્કેરવા અને વંશીય વિસંગતતા સાથે સંકળાયેલા આચરણ પર વધુ ભાર મૂકવામાં આવશે.

જ્યારે અધિકારીઓ મૂલ્યાંકન કરશે કે કોઈ વ્યક્તિ ઓસ્ટ્રેલિયાની ચારિત્ર્યની આવશ્યકતાઓને પૂર્ણ કરે છે કે નહીં ત્યારે ડ્રગ સંબંધિત કેટલાક ગંભીર અને મિલકતના ગુનાઓ પણ મહત્વપૂર્ણ વિચારણાઓ હશે.

સરકાર ઉગ્રવાદ અને નફરતના ફેલાવા પર વધારાનું ધ્યાન કેન્દ્રિત કરશે, જે નફરતથી પ્રેરિત વર્તન પ્રત્યે દેશના પ્રતિભાવને મજબૂત બનાવવાના તેના વ્યાપક પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. ઓસ્ટ્રેલિયાના ગૃહ વિભાગે પહેલાથી જ ગુનાહિત વર્તણૂક, નફરતના ગુનાઓ અને વંશીય અથવા વંશીય નફરતને પ્રોત્સાહન આપતા ચોક્કસ નિવેદનોને એવા પરિબળોમાં સૂચિબદ્ધ કર્યા છે જે વ્યક્તિના ચારિત્ર્ય મૂલ્યાંકનને અસર કરી શકે છે.

# નાગાસ્ત્ર-૨ એન્ટી-ટેક લોઈટરિંગ મ્યુનિશન્સ ભારતીય સેનાને સોંપવામાં આવ્યા

નવી દિલ્હી,

૪૫૦ નાગસ્ત્ર-૧ઈ કામિકાઝ ડ્રોન પહોંચાડ્યાના એક મહિના પછી, સોલર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડે ભારતીય સેનાને તેની નાગસ્ત્ર ૨ એન્ટી-ટેક લોઈટર મ્યુનિશન સિસ્ટમ પહોંચાડી છે. નાગસ્ત્ર ૨ દિવસ-રાત સર્વેલન્સ કેમેરા અને ૪ કિલોગ્રામ ટેન્ડમ આકારના ચાર્જ વોરહેડથી સજ્જ છે, જે ૬૫૦ મીમી સુધીના રોલ્ડ હોમોજીનિયસ આર્મર (RHA) દ્વારા સુરક્ષિત લક્ષ્યોને ભેદવા માટે રચાયેલ છે. નાગસ્ત્ર-૨ કામિકાઝ ડ્રોનની વિશેષતાઓ-

આ સિસ્ટમ રિકવર અને રિયુઝ મોડમાં ૨૫ કિમી અને ફાયર-એન્ડ-ફોર્ગેટ મોડમાં ૫૦ કિમીની ઓપરેશનલ રેન્જ પ્રદાન કરે છે, જેમાં ૬૦ મિનિટ સુધીની સહનશક્તિ છે. આ ક્ષમતાઓ બખ્તરબંધ લક્ષ્યોની ચોકસાઈ સાથે જોડાણ માટે ઓપરેશનલ લવચીકતા પ્રદાન કરે છે. નાગસ્ત્ર ૨ ની એક મુખ્ય તકનીકી વિશેષતા તેની ઈલેક્ટ્રોનિક કાઉન્ટર-કાઉન્ટરમેઝર્સ (ECCM) ક્ષમતા છે, જે ઈલેક્ટ્રોનિક રીતે સ્પર્ધાત્મક યુદ્ધભૂમિ વાતાવરણમાં તેની સ્થિતિસ્થાપકતા વધારવા માટે રચાયેલ છે.

આ ક્ષમતા ઈલેક્ટ્રોનિક યુદ્ધના જોખમોની હાજરીમાં કાર્ય કરવાની તેની ક્ષમતાને મજબૂત બનાવે છે, જેમાં કોમ્યુનિકેશન જામિંગ, GPS જામિંગ અને સ્પૂફિંગનો સમાવેશ થાય છે. નાગસ્ત્ર ૨ નો વિકાસ અને ડિલિવરી ભારતની સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત કરવા અને ભારતીય સેનાને અદ્યતન, ટેકનોલોજી આધારિત લોઈટર મ્યુનિશન સિસ્ટમ્સથી સજ્જ કરવા તરફ વધુ એક મહત્વપૂર્ણ પગલું છે.

# અરુણાચલ પ્રદેશ સરહદ પર અનેક સ્થળોએ ચીન સાથે તણાવપૂર્ણ સ્થિતિ : ITBP વડા

અરુણાચલ

અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર અનેક સ્થળોએ ચીની સૈનિકો સાથે ઘર્ષણની સ્થિતિ યથાવત છે. આ વાત ITBPના મહાનિર્દેશક (DG) શત્રુજીત સિંહ કપૂરે ૨૨ ઓક્ટોબરે ૬૫મા સ્થાપના દિવસ (Raising Day) નિમિત્તે આયોજિત એક સન્માન સમારોહ દરમિયાન પોતાના જવાનોને સંબોધતા કહી હતી. ITBPના મહાનિર્દેશકે ચીની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના સૈનિકો સાથેના સામસામેના સંઘર્ષ દરમિયાન અસાધારણ કૌશલ્ય દર્શાવવા બદલ નવી કોમ્બેટ ટીમ, 'શૌર્ય કમાન્ડો'ને અભિનંદન પાઠવ્યા હતા. ITBP પ્રમુખે કહ્યું, "તાજેતરમાં અરુણાચલ પ્રદેશમાં એવી સ્થિતિ સર્જાઈ હતી જ્યાં અનેક સ્થળોએ બંને પક્ષો સામસામે આવી ગયા હતા, અને કેટલીક જગ્યાએ આ સ્થિતિ હજુ પણ ચાલુ છે. ત્યાં તૈનાત અમારી 'શૌર્ય કમાન્ડો' ટીમોએ ખૂબ જ ઉત્કૃષ્ટ કામગીરી કરી છે." તેમણે વધુમાં ઉમેર્યું, "અમે દરેક ITBP બટાલિયનમાં એક કમાન્ડો ટીમ તૈયાર કરી લીધી છે અને હવે વધુ બે ટીમોનું ગઠન કરવામાં આવી રહ્યું છે. અમારો ઉદ્દેશ્ય દરેક બટાલિયનમાં એક સંપૂર્ણ 'કમાન્ડો કંપની' તૈયાર કરવાનો છે. આ ઉપરાંત, અમે ખાસ કરીને કમાન્ડો ઓપરેશન્સ માટે એક અલગ બટાલિયન બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. અમારી ઓપરેશન્સ વિંગ આ અંગે કામ કરી રહી છે અને મને આશા છે કે આગામી એક-બે દિવસમાં તેની રૂપરેખા તૈયાર થઈ જશે. આ વિશિષ્ટ કમાન્ડો એકમો ITBPની એક આગવી ઓળખ બની રહેશે."

અગાઉ, સપ્ટેમ્બર મહિનામાં ભારતીય અને ચીની સેનાઓ વચ્ચે 'કોર્પ્સ કમાન્ડર' સ્તરની પ્રથમ બેઠક યોજાઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, જે વિસ્તારમાં તાજેતરના મુદ્દાઓ ઉદ્ભવ્યા છે, ત્યાં ચીની સૈનિકોના વલણ સામે ભારતીય સેનાએ ખૂબ જ મક્કમ સ્ટેન્ડ લીધું છે. ભારત અને ચીન બંને પોતપોતાના ક્ષેત્રોમાં 'લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ' (LAC) અંગે અલગ-અલગ સમજણ ધરાવે છે. આ ભિન્ન સમજણને કારણે ઘણી વખત જમીની સ્તરે સામસામે સંઘર્ષ અને અન્ય સમસ્યાઓ સર્જાતી હોય છે.

# આતંકવાદીઓ માત્ર નિર્દોષ લોકોને જ મારતા નથી પરંતુ સમગ્ર રાષ્ટ્રના માનસ અને મનોબળને પણ નુકસાન પહોંચાડે છે

## આતંકવાદ અને ધાર્મિક સ્વતંત્રતાને સમર્થન આપવાના મુદ્દા પર ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી

નવીદિલ્હી,

આતંકવાદ અને ધાર્મિક સ્વતંત્રતાને સમર્થન આપવાના મુદ્દા પર ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી. ભારતે સ્થળાંતર કરનારાઓના માનવ અધિકારો પર યુએનના વિશેષ સંવાદદાતાના અહેવાલ પર પણ સવાલ ઉઠાવ્યા. ભારતનું પ્રતિનિધિત્વ કરતા ફર્સ્ટ સેક્રેટરી ભાવિકા મંગલાનંદને રિપોર્ટની પદ્ધતિ સામે વાંધો ઉઠાવ્યો હતો, અને કહ્યું હતું કે તે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ગેરવર્તણૂક માટે ફક્ત ગ્લોબલ સાઉથના દેશોને દોષી ઠેરવે છે, જ્યારે વિકસિત દેશોમાં સમાન ઘટનાઓને અવગણે છે.

સંયુક્ત રાષ્ટ્રમાં પોતાના સંબોધન દરમિયાન ભાવિકા મંગલાનંદને પાકિસ્તાનમાં આતંકવાદીઓની પ્રવૃત્તિઓ અને તેમના અંતિમ સંસ્કાર અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે આતંકવાદીઓ માત્ર નિર્દોષ લોકોને જ મારતા નથી પરંતુ સમગ્ર રાષ્ટ્રના માનસ અને મનોબળને પણ નુકસાન પહોંચાડે છે. તેમણે કહ્યું હતું કે આતંકવાદીઓના અધિકારોની હિમાયત કરતી વખતે, આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા પીડિતોના અધિકારોને પણ ધ્યાનમાં લેવા જોઈએ. મંગલાનંદને સાર્વભૌમ અધિકારોના સિદ્ધાંતો અનુસાર કાનૂની સીમાઓ નક્કી કરવા પણ હાકલ કરી હતી.

ભારતીય રાજદ્વારીએ ૧૯૯૯ના કારગિલ યુદ્ધનો ઉલ્લેખ કરતા પાકિસ્તાનને તેના સૈનિકોના મૃતદેહ સ્વીકારવાનો પાકિસ્તાનના ઈનકારની યાદ અપાવી. તેમણે કહ્યું કે તે વિડંબના છે કે જે દેશે તેના શહીદ સૈનિકોના મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો તે જ દેશ હવે ધાર્મિક શ્રદ્ધા, ધાર્મિક સ્વતંત્રતા અને અંતિમ સંસ્કારના અધિકારો વિશે ઉપદેશ આપી રહ્યો છે.

ભાવિકા મંગલાનંદને કહ્યું કે ભારતીય સેનાએ ઘણા પાકિસ્તાની સૈનિકોને લશ્કરી સન્માન સાથે અને ઈસ્લામિક રીતરિવાજો અનુસાર દફનાવ્યા હતા.

## એમ.કે. સન્સ ફાઈન જ્વેલ્સ લિમિટેડનો ipo ૨૮ ઓક્ટોબરે ખુલશે

એમ.કે. સન્સ ફાઈન જ્વેલ્સ લિમિટેડનો ipo ૨૮ ઓક્ટોબરથી ખુલી રહ્યો છે શેરની પ્રાઈસ બેન્ડ શેર દીઠ રૂ. ૧૫૩ થી રૂ.૧૬૨ નક્કી કરાઈ છે. બિડ/ઓફર ખૂલવાની તારીખ ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ છે અને ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે. ઓછામાં ઓછાં ૯૧ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૯૧ ઈક્વિટી શેર ના ગુણાંકમાં બિડ કરી શકાશે.

# આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે વિકાસશીલ દેશોને નાણાકીય સહાય આપવાના વચનો પૂરા થયા નથી

## પીયુષ ગોયલે બર્લિન ગ્લોબલ ડાયલોગમાં એક રાઉન્ડ ટેબલ ચર્ચા દરમિયાન ક્લાઈમેટ ફંડનો મુદ્દો ઉઠાવ્યો




નવીદિલ્હી,

ભારતે ફરી એકવાર વિકસિત દેશોને આ પ્રશ્ન પર ઘેરી લીધા છે કે આબોહવા પરિવર્તનની સમસ્યા માટે કોણ જવાબદાર છે અને તેને ઉકેલવા માટે કોણ કિંમત ચૂકવશે. જર્મનીના બર્લિનમાં શ્રીમંત રાષ્ટ્રો સામે બોલતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે વિકાસશીલ દેશોને નાણાકીય સહાય આપવાના વચનો હજુ સુધી પૂરા થયા નથી. તેમણે પ્રશ્ન કર્યો કે વિકસિત દેશો પર્યાવરણને પ્રદૂષિત કરવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાનમાં રાખીને, તેમની જવાબદારી નિભાવવામાં કેમ પાછળ હટી રહ્યા છે. પીયુષ ગોયલે બર્લિન ગ્લોબલ ડાયલોગમાં એક રાઉન્ડ ટેબલ ચર્ચા દરમિયાન ક્લાઈમેટ ફંડનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે ૨૦૧૫ના પેરિસ ક્લાઈમેટ કોન્ફરન્સ દરમિયાન, વિકસિત દેશોએ વિકાસશીલ અને અલ્પ વિકસિત દેશોને મદદ કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, વાર્ષિક ક્લાઈમેટ સહાયમાં ૧૦૦ અબજ ડોલર એકત્ર કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. ગોયલના મતે, આ વચન આપ્યાને ૧૧ વર્ષ વીતી ગયા છે, પરંતુ વિકાસશીલ દેશોને તેનો લાભ મળ્યો નથી. તેમણે કહ્યું કે આ પ્રતિબદ્ધતાઓ ફક્ત કાગળ સુધી મર્યાદિત રહી છે. તેમણે યુરોપિયન યુનિયન અને તેના કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ (ઝમ્છ્ર) વિશે પણ પ્રશ્નો ઉઠાવ્યા.

પીયુષ ગોયલે ભારત અને યુરોપ વચ્ચે વસ્તી અને કાર્બન ઉત્સર્જનના અંતર પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે ભારત વિશ્વની વસ્તીના આશરે ૧૭%નું પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં તેનું યોગદાન ૩% કરતા ઓછું છે. તેમણે એ પણ નોંધ્યું કે યુરોપમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન ભારત કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. ગોયલના મતે, વિકસિત દેશોએ દાયકાઓના ઔદ્યોગિક વિકાસથી લાભ મેળવ્યો હતો, પરંતુ હવે તેઓ વિકાસશીલ દેશોને આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે જરૂરી આર્થિક અને તકનીકી સહાય પૂરી પાડવામાં પાછળ રહી ગયા છે.

# ભાયાવદર પંથકમાંથી સેક્સ સ્ટેમિના વધારવાની દવાના નામે ગંદી ક્લિપ્સનું કૌભાંડ!

## ૨,૦૦૦ લોકોને સેક્સ પાવર વધારવાના નામે નકલી ડોક્ટર્સે ઠગ્યા, PM-JAYનો લોગો-અંગ્રેજી ન્યૂઝપેપરનો યૂઝ કર્યો

રાજકોટ:રાજકોટ જિલ્લાના ભાયાવદર પંથકમાંથી સેક્સ સ્ટેમિના વધારવાની દવાઓ વેચવાના બહાને સામાન્ય નાગરિકો સાથે છેતરપિંડી આચરતાં ત્રણ ગેરકાયદેસર કોલ સેન્ટરોનો ભાયાવદર પોલીસે પર્દાફાશ કર્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર આકર્ષક જાહેરાતો મૂકીને લોકોને જાળમાં ફસાવી, ખુદ નકલી ડોક્ટર બની અલગ-અલગ આયુર્વેદિક દવાઓના નામે પૈસા પડાવતી ત્રણ અલગ ટોળકીઓને પોલીસે ઝડપી પાડી છે.પોલીસે ત્રણ સ્થળોએ દરોડા પાડીને કુલ ૧૦ સાયબર ઠગોની ધરપકડ કરી છે અને તેમની પાસેથી ?૫.૧૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં આ ટોળકીઓએ છેલ્લા પાંચ મહિના દરમિયાન અંદાજે ૨૦૦૦ જેટલા લોકોને શિકાર બનાવી વ્યક્તિ દીઠ ૧૧૦૦થી ૧૨૦૦ પડાવ્યા હોવાનો ઘટસ્ફોટ થતાં કોર્ટે તમામ આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ધોરાજી ડિવિઝનના એએસપી સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ડી. એચ. રાખોલીયા અને તેમની ટીમે ચોક્કસ બાતમીના આધારે ભાયાવદરના ઉમિયાનગર, સિનેમા રોડ અને મતવા શેરી વિસ્તારમાં આવેલા મકાનો પર દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન ગેરકાયદે કોલ સેન્ટર ચલાવતા ખોડીદાસ માકડીયા, કૌશિક વાળા, મીત બેડવા, ચેતન રાઠોડ, અહેમદરજા મુલતાની, રાજેશ પરમાર, મનવીર ખાંભલા, અહેમદરજા ઉર્ફે બાપુ કાદરી, નાસીર લાખા અને જીલ દિનેશ ખાણીયાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા.

આ રેકેટમાં સંડોવાયેલા અન્ય પાંચ ફરાર આરોપીઓ હાર્દિક ખાંભલા, જયદીપ ગોહિલ, ફૈઝલ રજાક, નિશાંત ઉર્ફે નીલ ભટ્ટ અને રાહુલની શોધખોળ શરૂ કરાઈ છે. સ્થળ પરથી પોલીસે ૧૮ લેપટોપ, ૩૩ કી-બોર્ડ અને માઉસ, ૨૩ મોબાઈલ ફોન અને ૩ બ્રોડબેન્ડ રાઉટર સહિત કુલ ૫,૧૬,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં



આરોપીઓની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. મુખ્ય આરોપી ખોડીદાસ માકડીયા પોતાના ઘરમાં કમ્પ્યુટર લેબ ઊભી કરીને કોઈપણ જાતના માન્ય લાયસન્સ વગર માણસો રોકીને સેક્સ સ્ટેમિના અને બી-૧૨ની દવાના વેચાણના નામે નકલી ડોક્ટર બનતો હતો. આરોપીઓ પોતાની વેબસાઈટ મારફતે ગ્રાહકોને અશ્લીલ અને બીભત્સ સાહિત્ય મોકલી દવા ખરીદવા ઉશ્કેરતા હતા. જો કોઈ વ્યક્તિ દવા ખરીદવાની ના પાડે તો તેના પરિવારજનોને પોતે બીભત્સ સાહિત્ય જોતો હોવાની વાત જણાવી દેવાની અથવા પોલીસ ફરિયાદ કરી આજીવન જેલભેગા કરવાની ધમકી આપતા અને દવા આપ્યા વગર જ બળજબરીથી એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવી લેતા હતા.

બીજા કોલ સેન્ટરનો સંચાલક આરોપી અહેમદરઝા મુલતાણી પોતાના સાગરીતો સાથે મળીને નકલી ડોક્ટર બની લોકોને સેક્સ સ્ટેમિનાની આયુર્વેદિક પ્રોડક્ટ વેચવાના બહાને ફસાવતો હતો. આ ટોળકીમાં જો કોઈ ગ્રાહક ઓર્ડર કન્ફર્મ થયા બાદ તેને કેન્સલ કરાવવાનો પ્રયાસ કરે તો આરોપીઓ વોટ્સએપ મારફતે કાનૂની કાર્યવાહી અને ધાકધમકી આપીને બળજબરીપૂર્વક પૈસા કઢાવી લેતા હતા. જ્યારે ત્રીજી ટોળકીનો સંચાલક હાર્દિક ખાંભલા પોતાના સાગરીતો સાથે મળીને 'ન્યુરો શક્તિ પ્લસ' નામની બનાવટી દવા વેચવાના બહાને ખોટા નામે છેતરપિંડી આચરતો હતો, જે ટોળકીના તમામ આરોપીઓ પોલીસ દરોડા પૂર્વે ફરાર થઈ જતાં તેમને વોન્ટેડ જાહેર કરાયા છે.

ઠગબાજો લોકોને ભરમાવવા માટે પોતાની વેબસાઈટ પર ભારત સરકારના આયુષ મંત્રાલય, નેશનલ હેલ્થ ઓથોરિટી તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) ના બનાવટી લોગોનો ખુલ્લેઆમ દુરુપયોગ કરતા હતા. આ ઉપરાંત અંગ્રેજી અખબારોના બોગસ ન્યૂઝ કટિંગ્સ અને કેટલીક જાણીતી ખાનગી સંસ્થાઓના ચિહ્નો દર્શાવી લોકોને સંપૂર્ણ વિશ્વાસમાં લેતા હતા. ગ્રાહકોને ઝડપથી આકર્ષવા માટે દવાઓ પર ૫૦ ટકા જેટલું માતબર ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવતું હતું. સાથોસાથ અમદાવાદ, મુંબઈ, દિલ્હી અને બેંગ્લોર જેવા મહાનગરોના કાલ્પનિક દર્દીઓના ફોટા મૂકીને ખોટા સંતોષકારક રિવ્યૂ દર્શાવવામાં આવતા હતા. હાલ પોલીસે આરોપીઓના બેંક ખાતાઓ અને કોલ ડિટેઈલ્સના આધારે સમગ્ર નેટવર્કની તપાસ હાથ ધરી છે.

### બીભત્સ સાહિત્ય મોકલી દવા લેવા માટે ગ્રાહકોને મજબૂર કરતા,ઓર્ડર કેન્સલ કરનારને બીજી ટોળકી વોટ્સએપ પર જેલની ધમકી આપતી

# રાજકોટમાં ૧૭ નકલી ડૉક્ટરો ઝડપાયા, ૧૪ તો માત્ર ધોરણ ૧૦ અને ૧૨ પાસ!

## કેટલાક ૧૦ વર્ષથી પ્રેક્ટિસ કરતા હતા તો કેટલાક સ્થળ છોડી ભાગી ગયા,બોગસ ડૉક્ટરો સામે પોલીસની ડ્રાઈવ સતત ચાલુ રહેશે

રાજકોટ:

રાજકોટ ગ્રામ્ય પોલીસે લોકોના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ કરતા નકલી ડૉક્ટરો સામે લાલઆંખ કરીને મોટી કાર્યવાહી હાથ ધરી છે. યોગ્ય તબીબી લાયકાત કે ડિગ્રી વિના ગેરકાયદે રીતે ક્લિનિક ચલાવી દર્દીઓની સારવાર કરતા કુલ ૧૭ બોગસ ડૉક્ટરોને રાજકોટ ગ્રામ્ય પોલીસે પકડી પાડ્યા છે. પોલીસની આ સપાટાબંધ કાર્યવાહીથી સમગ્ર જિલ્લામાં ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા નકલી ડૉક્ટરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો અનુસાર, ઝડપાયેલા ૧૭ આરોપીઓ પૈકી ૧૪ આરોપીઓ



તો માત્ર ધોરણ ૧૦ અને ૧૨ પાસ જ છે, જ્યારે બાકીના ત્રણ આરોપીઓ સામાન્ય ગ્રેજ્યુએટ થયેલા છે. આ તમામ આરોપીઓ ભૂતકાળમાં મૂળ ડૉક્ટરોના સહાયક (કમ્પાઉન્ડર) તરીકે અથવા મેડિકલ સ્ટોરમાં કામ કરી ચૂક્યા હતા. આ કામગીરી દરમિયાન મેળવેલા અનુભવના આધારે તેઓએ પોતે જ ક્લિનિક ખોલીને ચિકિત્સક તરીકે પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી.

આ નકલી ડૉક્ટરો સામાન્ય તાવ, શરદી, ઉધરસ જેવી બીમારીઓ માટે હોમિયોપેથિક તથા એલોપેથિક દવાનો ઉપયોગ કરીને દર્દીઓને એલોપેથીની સારવાર અને ઈન્જેક્શનો પણ આપતા હતા.

ઝડપાયેલા કેટલાક આરોપીઓ છેલ્લા બે-ત્રણ મહિનાથી જ આ ધંધામાં આવ્યા હતા, જ્યારે કેટલાક શખસો છેલ્લા ૧૦ વર્ષથી પણ વધુ સમયથી તબીબી લાયકાત વિના જ દર્દીઓને સારવાર આપી રહ્યા હતા. રાજકોટ ગ્રામ્ય પોલીસની સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન ભાડાં ફૂટવાની બીકે કેટલાય બોગસ ડૉક્ટરો પોતાના દવાખાના બંધ કરીને સ્થળ પરથી નાસી છૂટ્યા હોવાનું પણ બહાર આવ્યું છે.

આગામી દિવસોમાં પણ સમગ્ર જિલ્લામાંથી બોગસ ડૉક્ટરોને શોધી કાઢવા અને તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવા માટે વિશેષ ડ્રાઈવ ચાલુ જ રાખવામાં આવશે. હાલ પકડાયેલા તમામ ૧૭ આરોપીઓ સામે કાયદાકીય ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# શાપર-વેરાવળમાં ૩.૨૦ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો, બે આરોપી પકડાયા

રાજકોટ:

રાજકોટ-ગોંડલ નેશનલ



હાઈવે પર ખોડિયાર હોટલના પાર્કિંગમાંથી કારનો કાચ તોડી ૩.૨૦ લાખ રોકડ ભરેલી સૂટકેસ ચોરી કરવાના કેસમાં પોલીસે બે આરોપીઓને પકડ્યા છે.પકડાયેલા આરોપીઓમાં પારડીની વૃંદાવન સોસાયટીમાં રહેતો, મૂળ મોટા ડેસર ગામનો બ્રિજેશ અરજણભાઈ ચારણીયા (૨૩) અને ઊનાના મોટા ડેસરનો મેહુલભાઈ સુરાભાઈ ચારણીયા (૨૭) સામેલ છે.

પોલીસે આરોપીઓ પાસેથી ૩,૨૦,૦૦૦ રોકડ, ૫૦,૦૦૦નું એક્ટિવા, ૨૦,૦૦૦ના બે મોબાઈલ, સૂટકેસ અને થેલો મળી કુલ ૩,૯૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર અને મદદનીશ પોલીસ અધિક્ષક ડૉ. નવીન ચક્રવર્તીના માર્ગદર્શન હેઠળ શાપર વેરાવળ પોલીસે આ કામગીરી કરી હતી.

# જેતપુરના ફ્લોર મિલના ભાગીદાર સાથે લોટના વેપારના બહાને રૂપિયા ૧.૮૩ લાખની છેતરપિંડી

જેતપુર:જેતપુર-ધોરાજી નેશનલ હાઈવે પર આવેલી ફ્લોર મિલના ભાગીદાર સાથે ઓનલાઈન ઈન્ડિયા માર્ટ એપ્લિકેશન થકી સંપર્ક કરી, લોટના મોટા ઓર્ડર આપી શરૂઆતમાં વિશ્વાસ કેળવી, બાદમાં લાખો રૂપિયાનો લોટ મંગાવીને નાણાં ન ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચર્યાની ઘટના સામે આવી છે. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.જૂનાગઢના માખીયાળા ગામે રહેતા અને જેતપુર તાલુકાના પેઢલા ગામની સીમમાં જેતપુર-ધોરાજી નેશનલ હાઈવે પર ''શ્રી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ'' નામની ફ્લોર મિલના ભાગીદાર નિકુંજ ગજેરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓની મિલમાં લોટ બનાવવાનું કામ થાય છે.ગત વર્ષે નવેમ્બર મહિનામાં તેમના મોબાઈલ પર ઉમેશભાઈ ગણાત્રા નામના શખ્સનો ફોન આવ્યો હતો. તેણે ઈન્ડિયા માર્ટ એપથી નંબર મેળવી પોતે રાજકોટમાં ''બાલાજી ટ્રેડર્સ'' નામની ફર્મ ચલાવતો હોવાનું અને લોટનો વેપાર કરતો હોવાનું જણાવી ફ્લોર મિલમાંથી હોલસેલ ભાવે લોટ ખરીદવાની વાત કરી હતી.

શરૂઆતમાં આ આરોપીએ રોકડમાં વેપાર કરી અને સમયસર પેમેન્ટ ચૂકવીને નિકુંજનો પૂરો વિશ્વાસ જીતી લીધો હતો. ત્યારબાદ, ઉમેશભાઈએ ટેલીફોનિક વાતચીત કરી ૨૦૦ કટા લોટનો ઓર્ડર આપ્યો હતો, જેનું બિલ રૂપિયા ૧,૮૩,૭૧૨ થયું હતું. આ રકમ તેણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી ચેક દ્વારા આપી હતી, પરંતુ જ્યારે તે ચેક બેંકમાં જમા કરાવ્યો ત્યારે તે પરત આવ્યો હતો.ત્યારબાદ આરોપીએ જેતપુરના વેપારી દીપકભાઈ ગણાત્રાનો સંપર્ક કરવાનું કહી તેનો નંબર આપ્યો હતો. દીપકભાઈએ પણ પોતાની ગાડી મોકલીને ૧૦૦ કટા લોટ ભરાવી લીધો હતો, જેનું બિલ રૂપિયા ૬૨,૪૪૩ થયું હતું.આ જ રીતે આરોપીઓએ અલગ-અલગ તારીખે ઓર્ડર આપી કુલ મળીને મોટો જથ્થો મંગાવ્યો હતો અને લાંબા સમય સુધી પેમેન્ટ ન ચૂકવી કુલ રૂ. ૧,૮૩,૭૧૨ રકમની છેતરપિંડી આચરી હતી.આ બન્ને વેપારીઓએ નાણાંની ઉઘરાણી કરતા આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને પૈસા નહીં આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે ભોગ બનનાર વેપારી દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં સરકારી ક્વાર્ટર અપાવવાના બહાને મહિલા પાસેથી ૧.૩૫ લાખ પડાવ્યા

## ઉચ્ચ અધિકારીઓ સાથે સંપર્ક હોવાનું કહી વિશ્વાસમાં લીધી, પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

રાજકોટ:

રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં સરકારી આવાસ યોજના હેઠળ સસ્તું અને ફર્નિચર સાથેનું ક્વાર્ટર અપાવવાના બહાને એક મહિલા સાથે રૂ.૧.૩૫ લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. આરોપીએ ઉચ્ચ અધિકારીઓ સાથે સીધો સંપર્ક હોવાનું કહી મહિલાને વિશ્વાસમાં લીધી હતી. ક્વાર્ટર ફાળવવાની પ્રક્રિયાના નામે કટકે-કટકે રૂપિયા મેળવી લીધા બાદ આરોપીએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આ અંગે મહિલાએ પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.રેલનગર ખાતે આવેલી હેડગોવર ટાઉનશીપમાં રહેતા અને ઘરકામ કરતા ૨૯ વર્ષીય નાજીમાબેન સોહીલભાઈ શાહમદારે જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકાના બાવા ખાખરીયા ગામના વતની દિલીપભાઈ ઉર્ફે કિરીટભાઈ કાંતિલાલ વડગામા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આશરે બે મહિના પહેલાં નાજીમાબેનના પતિ રેલનગર ખાતે નવી બનેલી લોકસેવક જનક ટાઉનશીપમાં તેમના કૌટુંબિક મામી ખાતુનબેનનું ક્વાર્ટર જોવા ગયા હતા. આ સમયે ખાતુનબેનના ક્વાર્ટરમાં ફર્નિચરનું કામ ચાલી રહ્યું હતું, જે દિલીપભાઈ વડગામા કરી રહ્યો હતો.

ખાતુનબેને વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, તેમને મહાનગરપાલિકાના ફોર્મ મારફતે ક્વાર્ટર મળ્યું છે. આ માટે તેમણે રૂ.૧ લાખ રોકડા ભર્યા હતા અને બાકીના રૂ.૪.૫૦ લાખની લોન કરાવી હતી. આ વાત સાંભળીને નાજીમાબેને પણ લોકસેવક જનક ટાઉનશીપમાં ક્વાર્ટર લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ દરમિયાન ફર્નિચરનું કામ કરતા દિલીપભાઈએ વચ્ચે પડીને દાવો કર્યો હતો કે, ટાઉનશીપમાં તેના હસ્તક ૧૨ ક્વાર્ટર છે અને ક્વાર્ટર ફાળવતા ઉચ્ચ અધિકારીઓ સાથે તેનો સીધો સંપર્ક છે. તેણે નાજીમાબેનને વિશ્વાસમાં લઈને ફર્નિચર સાથેનું આખું ક્વાર્ટર રૂ.૬ લાખમાં અપાવવાની લાલચ આપી હતી. જેમાં રૂ.૩ લાખ રોકડા ભરવાના અને બાકીના રૂ.૩ લાખની લોન કરાવી આપવાની વાત કરી હતી.

આરોપીની વાતોમાં આવીને નાજીમાબેન અને તેમના પતિએ ક્વાર્ટર લેવાની હા પાડી હતી. ત્યારબાદ ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દિલીપભાઈ ફરિયાદીના ઘરે આવ્યો હતો અને ક્વાર્ટરની પ્રક્રિયા શરૂ કરવા માટે રોકડ નાણાંની માંગણી કરી હતી. ફરિયાદીના પતિએ છૂટ્સમાંથી રૂ.૬૫ હજાર ઉપાડીને પોપટપરા સ્મશાન પાસે ઈકો કાર લઈને આવેલા દિલીપભાઈને આપ્યા હતા. ત્યારબાદ ૨૪ ઓગસ્ટના રોજ બીજા રૂ.૩૫ હજાર અને ૩૧ ઓગસ્ટના રોજ વધુ રૂ.૩૫ હજાર ચૂકવવામાં આવ્યા હતા. આમ, દંપતીએ આરોપીને કુલ રૂ.૧.૩૫ લાખ આપ્યા હતા.

આરોપીએ ક્વાર્ટરની લોનની પ્રક્રિયા માટે નાજીમાબેનના આધારકાર્ડ અને ઈન્કમટેક્સ રિટર્ન પણ મંગાવ્યાં હતાં. આ ઉપરાંત, કાલાવાડ રોડ પર આવેલી એક ઓફિસમાં તેમનું IT રિટર્ન ભરાવ્યું હતું.જોકે, રૂપિયા મેળવી લીધા બાદ જ્યારે પણ નાજીમાબેન ક્વાર્ટર અને તેના દસ્તાવેજો અંગે આરોપીને ફોન કરતા, ત્યારે તે પ્રોસેસ ચાલુ હોવાનું કહી ગોળ-ગોળ જવાબો આપતો હતો. છેલ્લા એક મહિનાથી આરોપીએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. જેથી દંપતીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.આખરે નાજીમાબેન શાહમદારે પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં દિલીપભાઈ ઉર્ફે કિરીટભાઈ વડગામા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપી દ્વારા સરકારી ક્વાર્ટર અપાવવાના નામે કરવામાં આવેલી છેતરપિંડી અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# લોધીકા રોડ પર હોર્ન વિવાદમાં બસચાલકને માર માર્યો

## પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને પકડી હાથ જોડી માફી મંગાવી

રાજકોટ:લોધીકા-ચીભડા રોડ પર હોર્ન વગાડવા બાબતે થયેલા વિવાદમાં બસચાલક પ્રતાપભાઈ પીપરોતરને માર મારવામાં આવ્યો હતો. લોધીકા પોલીસે ગણતરીના કલાકોમાં પાંચ આરોપીઓને ઝડપી કાર્યવાહી કરી છે.

મેટોડાના ૨૫ વર્ષીય પ્રતાપભાઈ ૨૦ ઓક્ટોબરે રાત્રે શ્રમિકોને બસમાં બેસાડી હરિપરની કંપની તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં આગળ ચાલતી મોટરસાઈકલના ચાલકે અચાનક બસની સાઈડ કાપી, જેથી પ્રતાપભાઈએ હોર્ન વગાડ્યો.

આ બાબતે મોટરસાઈકલ પર સવાર બે શખ્સોએ ગાળાગાળી કરી ધમકી આપી. શીલ્પન ચોકડી નજીક ફરી બસ રોકી. પ્રતાપભાઈ નીચે ઉતર્યા ત્યારે ફોન કરીને બોલાવેલા અન્ય ત્રણ લોકો સાથે મળી પાંચેયે તેમને ઢીકાપાટુનો માર માર્યો.

વચ્ચે પડેલા વૈભવ ઝાને પણ માર મરાયો. પોલીસ હેલ્પલાઈન ૧૧૨ પર જાણ થતાં પોલીસ ટીમ પહોંચી. પોલીસે આરોપીઓને પકડી જાહેરમાં હાથ જોડી માફી મંગાવી, ફરી આવું નહીં કરવાની વાત કહી.

### રાજકોટમાં હિટ એન્ડ રનની વધુ એક ઘટના

# પ્રૌઢને અજાણ્યા વાહને અડફેટે લીધા, સારવાર દરમિયાન મોત

રાજકોટ:રાજકોટ શહેરમાં હિટ એન્ડ રનની વધુ એક ઘટના સામે આવી છે. આજીડેમ ચોકડી અને ખોખરદળ વચ્ચેના સર્વિસ રોડ પર પુરપાટ ઝડપે આવેલા અજાણ્યા વાહને વોકિંગ કરી રહેલા ૫૮ વર્ષના પ્રૌઢને અડફેટે લીધા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા પ્રૌઢનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલા સુભાષ નગરમાં રહેતા ૫૮ વર્ષીય સુરેશભાઈ ખોડાભાઈ નોંધણવદરા આજીડેમ ચોકડી પાસે પોતાનું કારખાનું ધરાવતા હતા. તેઓ રોજની જેમ સાંજના સમયે કારખાનેથી વોકિંગ કરવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન આજીડેમ ચોકડી અને ખોખરદળ વચ્ચેના સર્વિસ રોડ પર ચાલીને જઈ રહ્યા હતા, ત્યારે પુરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહનના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતને પગલે સુરેશભાઈ ગંભીર રીતે ઘવાયા હતા.હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ મોત, પરિવાર પર શોકની લાગણી

અકસ્મત સર્જ્યા બાદ અજાણ્યો વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા સુરેશભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. સુરેશભાઈને સંતાનમાં એક દીકરો છે અને તેઓ ત્રણ ભાઈ તથા ત્રણ બહેનોના પરિવારમાં સૌથી નાના હતા. તેમના અણધાર્યા મોતના સમાચારથી પરિવારજનો અને સ્નેહીજનોમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

# રાજકોટ: હેમુ ગઢવી હોલ પાછળ ગેસ લાઈન લીકેજ થતાં આગ ભભૂકી

## ૨ લોકો દાઝ્યા, JCBથી પાઈપલાઈનના ખોદકામ સમયે બની દુર્ઘટના

રાજકોટ:રાજકોટના હેમુ ગઢવી હોલ પાછળ આવેલી ખાઉં ગલી વિસ્તારમાં શુક્રવારે (૨૩ ઓક્ટોબર) JCB દ્વારા પાઈપલાઈનની કામગીરી કરતી વખતે દુર્ઘટના સર્જાઈ હતી. JCBથી ખોદકામની



કામગીરી દરમિયાન અચાનક ગેસ લાઈન લીકેજ થઈ હતી. ગેસ લાઈન લીકેજ થતાં ભારે આગ ભભૂકી ઉઠી હતી. આ અકસ્માતમાં બે વ્યક્તિઓ દાઝી જતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, JCB દ્વારા પાઈપલાઈનનું કામ કરતી વખતે ગેસની લાઈન લીક થઈ હતી. ગેસ લીકેજના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

તેમજ કામગીરીમાં ઉપયોગમાં લેવાયેલું JCB મશીન પણ આગની ચપેટમાં આવી ગયું હતું. જ્યારે ઘટનાસ્થળની નજીકમાં જ વીજ સબસ્ટેશન આવેલું હોવાથી આગની જવાળાઓ ત્યાં સુધી પ્રસરી હતી. જેના કારણે વીજ માળખાને પણ નુકસાન થયો હોવાનું જણાય છે.